SHREE SWAMINARAYAN

શ્રી સ્વામિનારાયણ

Rs. 5/-

JULY '06



પ્રકાશક:- શ્રી સ્વામિનારાયણ મંદિર, અમદાવાદ-૧ Publisher:- Shree Swaminarayan Temple, Ahmedabad-1



મૂળી મંદિરમાં શ્રી રાધાકૃષ્ણદેવ હરિકૃષ્ણ
મહારાજ ને ચંદનના વાઘાના દર્શન



ઉનાવા મંદિરમાં ઠાકોરજીને
ચંદનના વાઘાના દર્શન



પ્રાંતીજ મંદિરમાં વિશાળ સભામાં શ્રી હરિના દડ્ડા અને
૭માં વંશજ દર્શન આપતા.



પ્રાંતીજ મંદિર શતાબ્દી મહોત્સવ પ્રસંગે વિષ્ણુયાગની વિધિ
પ.પૂ.આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે સંપન્ન થઈ.



રિદ્રોલ મંદિરમાં પાટોત્સવની આરતી ઉતારતા
પ.પૂ. આચાર્ય મહારાજશ્રી



પ્રાંતીજ મંદિર શતાબ્દી મહોત્સવ પ્રસંગે ભવ્ય
શોભાયાત્રામાં પ.પૂ.આચાર્ય મહારાજશ્રી દર્શન આપતા



જમીયતપુરા
શ્રી પ્રભા હનુમાનજી
નૂતન મંદિર
સૂચિત પ્લાન


શ્રી નરનારાયણદેવ પીઠસ્થાન મુખપત્ર

શ્રી SHREE સ્વામિનારાયણ SWAMINARAYAN

વર્ષ - ૩૮ જુલાઈ - ૨૦૦૬

અનુક્રમણિકા

૧.	અસ્મદીયમ્	૨
૨.	પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ	૩
૩.	શ્રીહરિના દ્રઢા વંશજ પ.પૂ. મોટા મહારાજશ્રીના સાનિધ્યમાં પવિત્ર કૈલાશ-માનસરોવર યાત્રા	૪
૪.	ડાયાબિટીસના દર્દીએ પોતાનું હૃદય સંભાળવું	૫
૫.	ભગવાનની ભવિષ્યવાણી	૬
૬.	ગુરુપૂર્ણિમા પર્વ પ્રસંગે ધર્મકુળ મહિમા આચમન	૭
૭.	ગુરુપૂર્ણિમા	૧૧
૮.	પ્રાયશ્ચિત	૧૩
૯.	શિક્ષણની દ્રષ્ટિએ સારી શિક્ષણ સંસ્થા	૧૬
૧૦.	સત્સંગ બાલવાટિકા (૧) બરફમાં આગ લાગે ? (૨) સદ્‌ગુણોને તાજા રાખવા શું કરવું ?	૧૮
૧૧.	પ્રશ્નપેટી	૨૦
૧૨.	ભક્તિસુધા (૧) ભગવાન જેવા છે તેવા ઓળખવા (૨) "ચોખ્ખા" કરવા છે (૩) ભૂજના લાધીબા (૪) કરણીબા	૨૧
૧૩.	સત્સંગ સમાચાર દેશ-વિદેશના	૨૫



સંસ્થાપક
શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ
પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮
શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી

શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ
નારણપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૩.
ફોન : ૨૭૪૯૯૫૯૭ - ૯૮૨૫૩૦૯૫૯૭
ફેક્સ : ૨૭૪૧૯૫૯૭

ફોન
૨૨૧૩૩૮૩૫ (મંદિર)
૨૭૪૭૮૦૭૦ (સ્વા. બાગ)
ફેક્સ : ૦૭૯ ૨૭૪૫૨૧૪૫

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ
પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮
શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી

તંત્રી શ્રી
સ.ગુ. શાસ્ત્રી સ્વામી નિર્ગુણદાસજી
(મહંત સ્વામી)

લવાજમ
વાર્ષિક : રૂા. ૫૦-૦૦
વંશ પરંપરાગત
દેશમાં રૂા. ૫૦૧-૦૦
વિદેશમાં :રૂા. ૫૦૦૦-૦૦
છુટક નકલ રૂા. ૫-૦૦

પ્રકાશન સમય
દર માસની ૧૧મી તારીખે
ગુજરાતી, હિન્દી અને અંગ્રેજીમાં

પત્રવ્યવહાર અને લવાજમ
શ્રી સ્વામિનારાયણ માસિક કાર્યાલય
શ્રી સ્વામિનારાયણ મંદિર,
કાલુપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧.

એડ્રેસમાં ફેરફાર કરવા
E-mail : manishnvora@yahoo.co.in

: પ્રકાશક :
શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર, અમદાવાદ-૧.
ફોન : ૨૨૧૩૨૧૭૦, ૨૨૧૩૬૮૧૮. ફેક્સ : ૨૨૧૭૬૯૯૨.
શ્રી નરનારાયણદેવ યુવક મંડળ કાર્યાલય : ૨૨૧૬૬૭૬૭.
Visit us : www.swaminarayan.info
E-mail : sntemple@hotmail.com
www.swaminarayanmuseum.com / org

અસ્મદીયમ્

તંત્રીશ્રીની કલમે....

શ્રી સ્વામિનારાયણ ભગવાને જીવને મોક્ષની પ્રાપ્તિ કરવામાં વિઘ્નરૂપ એવી માયાને ઓળખવાનું કહ્યું છે. તે માયા શું છે ? ધન, સંપત્તિ, સોનું, રૂપું કે સ્ત્રી, પુત્ર પરિવાર આ બધી સંસારની માયા છે. તેમ કહેવામાં આવે છે. અને તેનો ત્યાગ કરે તો જીવ માયાને તરી જાય. તેવું સમજીને જીવ તેનો ત્યાગ કરવા માટે પ્રયત્નો કરે છે. ઘણાએ તેનો ત્યાગ કર્યો છે. છતાં મોક્ષ મેળવી શક્યા નથી, તો શું ? માયાને ઓળખવામાં કંઈ ભૂલ થઈ કે ખામી રહી ગઈ કે શું ? તેનું શું કારણ હોય શકે ? તેના માટે વિચાર કરીએ તો મહારાજના વચનો યાદ કરવા પડે. તે શું છે ? તો મહારાજ કહે છે કે ભગવાનના ભજનમાં વિઘ્ન કરે તે માયા ! હવે ભગવાનનું ભજન કરવું હોય તો શું વિઘ્ન રૂપ છે ? તે અંતઃદૃષ્ટિ કરીને જોવાનું રહ્યું. જેમ કે પુરાણોની કથાઓ પ્રમાણે જનક રાજાને રાજ્ય, ધન, સ્ત્રી, પુત્ર આ બધુંય હતું પણ તેમને તે વિઘ્ન રૂપ ન હતું તેથી જનક વિદેહી કહેવાયા.

આ બધું હોય ને તે જો ભગવાનના ભજન કરવામાં સહાયક થાય તો તેને માયા કેવી રીતે કહી શકાય ? કારણ કે મોક્ષના દાતા એવા ભગવાનના ભજનમાં ઉપયોગી થાય તો તે માયા ન હોય શકે, તો માયા ને કેમ ઓળખવી ? કઈ કઈ વાત ભગવાનના ભજન કરવામાં વિઘ્ન પેદા કરે છે. ધન, સંપત્તિ, પુત્ર, કલત્ર સિવાય જીવને વિઘ્ન કરનારા કોણ કોણ છે ? જીવને જ્યારે માન સન્માન મળે, સત્તા મળે અને યશ કિર્તી મળે ત્યારે વિઘ્ન થાય છે. કે પછી "હું અને મારાનું અભિમાન ભજનમાં વિઘ્ન કરે છે. હું આવો મોટો ત્યાગી, આવો મોટો ભક્ત, જ્ઞાની, ધ્યાની, યોગી આદિ નામથી કિર્તી, માન મળવા લાગે એટલે ભગવાનનું ભજન થતું બંધ થાય, અને આ બધાયની પાછળ જીવ પોતાની આયુષ્ય બરબાદ કરવા લાગી જાય છે. મારાપણું જ્યાં જોડ્યું છે. તે મઠ, મંદિર કે પોતાની યશ કિર્તી કમાવવામાં જીંદગી વેડફી નાખે અને ભજન કરવાનું ક્યાંય ચાલ્યું જાય છે. આ માયાને ઓળખે તેને શ્રીહરિના અક્ષરધામની પ્રાપ્તિ થાય અન્યથા તેની તે માયામાં પુનઃ ફરતો થાય, તેમાંથી શ્રીહરિની કૃપાથી ઉગરવા તેમના એક જ શરણની પ્રાપ્તિ થાય તેવો સુંદર સંકલ્પ કરીએ.

તંત્રી શ્રી (મહંત સ્વામી)
શાસ્ત્રી સ્વામી નિર્ગુણદાસજીના
જયશ્રી સ્વામિનારાયણ

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ



(જૂન - ૨૦૦૬)

૧. નરનારાયણ નગર (મૂળીદેશ, તા. હળવદ) શ્રી સ્વામિનારાયણ મંદિરમાં મૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગે પધરામણી.

૩-૪. સામત્રા (કચ્છ) પધરામણી.

૫ થી ૮. છપૈયાધામ પાટોત્સવ પારાયણ અને જન્મસ્થાનની શિલારોપણ વિધિ પ્રસંગે પધરામણી.

૯. ઈડર શ્રી સ્વામિનારાયણ મંદિર પાટોત્સવ પ્રસંગે પધરામણી.
અને હરિપુરા ગામે (તા. ઈડર) નૂતન મંદિરની ખાત વિધિ પ્રસંગે પધરામણી.

૧૦. પ.ભ. વિકેનભાઈ કાંતિલાલ પટેલને ત્યાં પધરામણી, સેટેલાઈટ.

૧૨. પ.ભ. નિતીનભાઈ તથા પ.ભ. ભાવિનભાઈની સહજાનંદ વિદ્યાલયના ઉદ્‌ઘાટન પ્રસંગે પધરામણી, નવા નરોડા.
પ.ભ. કાંતિભાઈ ગોપાળભાઈને ત્યાં પધરામણી, નરોડા.

૧૬. કાશીન્દ્રા ગામે શ્રી સ્વામિનારાયણ મંદિર (બહેનોનું) મૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગે પધરામણી.

૧૮ થી ૨૬. લંડન (યુ.કે.) વિલ્સડનલેન શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પારાયણ પ્રસંગે પધરામણી.

૨૮. પ.ભ. રાજુભાઈ આત્મારામ પટેલને ત્યાં પધરામણી, રાણીપ.

જાહેર સૂચના

આથી સ્વામિનારાયણ સંપ્રદાયના સર્વ હરિભક્તોને ખાસ જણાવવાનું કે આપણા સંપ્રદાયના દેશ વિભાગના લેખ તથા સત્સંગિજીવન આદિ શાસ્ત્રોના નિયમ પ્રમાણે ત્યાગી ગૃહી સર્વના ગુરુ સ્થાને બિરાજમાન ધર્મવંશી આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા એજ સર્વોપરિ છે. તે પરંપરા પ્રમાણે સંપ્રદાયના આપણા કોઈપણ ગામમાં કે મંદિરમાં સંતો હરિભક્તો પાસે દાન ધર્માદો લેવા કે કથા વાર્તા કરવા આવે ત્યારે આચાર્ય મહારાજશ્રીનો આજ્ઞાપત્ર (મહોરછાપ) લઈને જ આવે છે. આ મહત્વની સંપ્રદાયની પરંપરાનું દરેક સંતો તથા હરિભક્તોએ ખાસ ધ્યાન રાખવું અને મહારાજની આજ્ઞાનું સહેજે પાલન થાય તે માટે દરેકે અમદાવાદ દેશના ગામોમાં આપણા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીનો આજ્ઞાપત્ર આવનાર સંત હરિભક્તો પાસે ખાત્રી માટે જોવાની અપેક્ષા રાખવી.


આજ્ઞાથી,
લી. મહંત સ્વામી

આગામી ઉત્સવો

પ.પૂ. લાલજી મહારાજશ્રીનો
૯ મો પ્રાકટ્યોત્સવ

સમસ્ત સત્સંગને સહર્ષ જણાવવાનું કે **શ્રી નરનારાયણદેવ ગાદીના ભાવિ આચાર્ય પ.પૂ. લાલજી મહારાજશ્રી ૧૦૮ શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીનો ૯મો પ્રાકટ્યોત્સવ અષાઢ વદ-૧૦ તા. ૨૦-૭-૨૦૦૬ને ગુરુવારના શુભ દિને** સર્વોપરિ શ્રી નરનારાયણદેવના શુભ સાનિધ્યમાં અને પ.પૂ. મોટા મહારાજશ્રી તથા શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની શુભ નિશ્રામાં અને દેશો દેશના સંતો મહંતો અને શ્રીહરિના વ્હાલા આશ્રિતોની ઉપસ્થિતિમાં ધામધુમથી સંપન્ન થશે.

- મહંત સ્વામી



શ્રીહરિના કક્કા વંશજ પ.પૂ. મોટા મહારાજશ્રીના સાનિધ્યમાં

પવિત્ર કૈલાશ-માનસરોવર યાત્રા

આપણા ઈષ્ટદેવ સર્વોપરિ શ્રી સ્વામિનારાયણ ભગવાને પોતાના માતા પિતાના સ્વધામગમન બાદ ૧૧ વર્ષની કુમળી વયે વન વિચરણનો પ્રારંભ કરેલો. આજથી ૨૧૫ વર્ષ પહેલા જ્યાં આ વિશ્વનો કોઈ મહાન વિજ્ઞાનિક પણ નહોતો પહોંચી શક્યો તેવા ભયંકર વિકટ હિમાલયના દુર્ગમ પહાડો-નદીઓ, સરોવરો પાર કરતા કરતા શ્રી નીલકંઠવર્ણી કૈલાસ માનસરોવર પર પધાર્યા અને અતિ ઉગ્ર તપશ્ચર્યા કરીને આ સરોવરને અલૌકિક અને દિવ્ય તીર્થક્ષેત્ર બનાવેલ છે. જેનું વર્ણન સ.ગુ. આધારાનંદ સ્વામીએ પોતાના ગ્રંથ શ્રીહરિચરિત્રામૃત સાગરના પુર-૨, તરંગ-૨૦માં આ રીતે વર્ણવેલ છે. "માન સરોવર મહાવિશાલા, ફુલ રહે મહીં કમલ લાલા, હંસ બેઠે તેહિ તીર અપારા, મોતિન કો સબ કરત ચારા, સો સરમેં હરિ ન હાયે જાઈ, મગન ભયે મહા હુલસાઈ, તીહાં રહે હરિ પાંચહિ દીના, સબ હંસ તેહી દર્શન કીના." આજે ૨૧૫ વર્ષ પછી સંપ્રદાયમાં સૌ પ્રથમ શ્રીહરિના અપર સ્વરૂપ શ્રી નરનારાયણદેવ પીઠના કક્કા આચાર્યશ્રી પ.પૂ.ધ.ધુ. શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી સંત-હરિભક્તોના વિશાળ સમૂહ સાથે પવિત્ર કૈલાસ માનસરોવરની યાત્રાએ પધારી રહ્યા છે. જે આપણા સમગ્ર સંપ્રદાય માટે ગૌરવ અને અતિ આનંદની વાત કહેવાય.

દેશ-વિદેશના અનેક હરિભક્તોને પ.પૂ. મહારાજશ્રી સાથે યાત્રા કરવાની ઘણીજ ઉત્કંઠા હોય અને ખરેખર આવો સમય જીવનમાં મળવો બહુ દુર્લભ છે. માટે યાત્રામાં જોડાવા ઈચ્છતા દરેક હરિભક્તોએ વહેલામાં વહેલી તકે સંપર્ક કરી રજીસ્ટ્રેશન કરાવી લેવું.

યાત્રા વિશેની સંપૂર્ણ માહિતી

કુલ દિવસ : ૧૬ રૂટ : જમીન માર્ગે કાઠમંડુ-ઝાંગમુ - કૈલાસ-ઝાંગમુ

૧.	૩૦-૯-૦૬	કાઠમંડુ આગમન - ત્યાં ઉતારો.
૨.	૧-૧૦-૦૬	પશુપતિનાથજી - બુધ્ધનાથ વગેરેના દર્શન વગેરે
૩.	૨-૧૦-૦૬	કાઠમંડુથી ન્યાલમ જીપ દ્વારા ૧૫૦ કિ.મી. ૮ થી ૯ કલાક ત્યાં રાત્રીરોકાણ.
૪.	૩-૧૦-૦૬	ન્યાલમ રોકાણ
૫.	૪-૧૦-૦૬	ન્યાલમથી સાગા ૨૫૦ કિ.મી. ૭ થી ૮ કલાક, રાત્રી રોકાણ (ગેસ્ટ હાઉસ)
૬.	૫-૧૦-૦૬	સાગાથી પર્યાગ ૨૨૫ કિ.મી. ૭ થી ૮ કલાક ત્યાં વિરામ
૭.	૬-૧૦-૦૬	પર્યાગથી માન સરોવર ૨૫૦ કિ.મી. ૯ થી ૧૦ કલાક, ત્યાં રાત્રી વિરામ, માન સરોવર ગેસ્ટ હાઉસ અથવા ટેન્ટમાં
૮.	૭-૧૦-૦૬	માનસરોવર સ્નાન-પૂજા અર્ચન ત્યાંથી દારચેન તરફ પ્રયાણ, રાત્રી વિરામ ગેસ્ટ હાઉસ.
૯.	૮-૧૦-૦૬	જીપદ્વારા દારચેનથી તારબોચે જવું. અહીંથી કૈલાસ પરિક્રમાનો પ્રથમ દિવસનો પ્રારંભ. તારા બોચેથી ડીરાપુક ૧૨ કિ.મી. ૬ થી ૭ કલાક. રાત્રી વિરામ ટેન્ટમાં.
૧૦.	૯-૧૦-૦૬	પરિક્રમા ૨ જો દિવસ ડીરાપુકથી ડોરમાલા પાસ થઈ ઝુથુલપુક ૨૧ કી.મી. ૧૦ થી ૧૧ કલાક, રાત્રી વિરામ ટેન્ટમાં.
૧૧.	૧૦-૧૦-૦૬	પરિક્રમા ત્રીજો દિવસ અને છેલ્લો દિવસ ઝુથુલપુકથી હોરક્યુ માનસરોવરના કિનારે ૮ કિ.મી. ૫ કલાક, રાત્રી વિરામ ટેન્ટમાં
૧૨.	૧૧-૧૦-૦૬	હોરક્યુથી પર્યાગ રાત્રી વિરામ ગેસ્ટ હાઉસ
૧૩.	૧૨-૧૦-૦૬	પર્યાગથી સાગા રાત્રી વિરામ ગેસ્ટ હાઉસ
૧૪.	૧૩-૧૦-૦૬	સાગાથી ન્યાલમ રાત્રી વિરામ
૧૫.	૧૪-૧૦-૦૬	ન્યાલમથી ઝાંગમુ કસ્ટમ ઈમીગ્રેશનની વિધિ પુરીને લકઝરી બસ દ્વારા કાઠમંડુ તરફ પ્રયાણ
૧૬.	૧૫-૧૦-૦૬	બસ દ્વારા કાઠમંડુથી બપોરે એરપોર્ટ જવા રવાના (વતન તરફ)

એક યાત્રિકનું કુલ ખર્ચ રૂ. ૬૩૦૦૦-૦૦ (વિદેશ રહેતા પાસપોર્ટ ધારકો માટે) અમેરિકન ડોલર : ૨૦૫૧

કાઠમંડુથી કૈલાસ માનસરોવર-કાઠમંડુ (દેશ-વિદેશના હરિભક્તો આ યાત્રામાં સહ પરિવાર જોડાઈ શકે છે.)

આ યાત્રામાં ૧૨ વર્ષથી ૭૦ વર્ષ સુધીના લોકો જોડાઈ શકે છે. યાત્રા દિવસ -૧૬ <u>પાસપોર્ટ જરૂરી છે.</u> યાત્રા શરૂ થવાનું અને પૂર્ણ થવાનું સ્થળ દિલ્હી ઈન્ટરનેશલન એરપોર્ટ

<u>હૃદય અને દમ (અસ્થમા)ના દર્દી યાત્રામાં જોડાઈ શકશે નહી.</u> <u>**તા. ૧૫-૮-૨૦૦૬** પહેલા રજીસ્ટ્રેશન કરાવી લેવું.</u>

વધુ વિગત માટે સંપર્ક : નીલકંઠ ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ

૪૧૨ એ/બી. પ્લેટીનમ પ્લાઝા, જજીસ બંગલો રોડ, બોડકદેવ, અમદાવાદ-૫૪.

મો. : ૯૯૨૫૧૨૫૮૫૩, ૯૮૯૮૧૧૪૬૪૬ ● ફેક્સ : (૦૭૯) ૨૬૮૪૦૦૨૮

E-mail : info@neelkanthtoursandtravels.com / Kailasmansarovar99@yahoo.com

URL : www. kailash-yatra.com

ડાયાબિટીસના દર્દીએ પોતાનું હૃદય સંભાળવું

● લોહીમાં સાકર ● બ્લડ પ્રેશર ● કોલેસ્ટરોલનું નિયમન કરો

જો તમને ડાયાબિટીસ હોય, તો તમારા હૃદયની સંભાળ રાખો. ડાયાબિટીસ હોવાનો અર્થ છે કે તમને હૃદયરોગનો હુમલો થવાનો કે સ્ટ્રોક આવવાનો સંભવ વધારે છે - પરંતુ એ નહીં આવે - જો તમે તમારા ડાયાબિટીસ નિયમન કરશો તો ?

તમારા લોહીમાં સાકરનું પ્રમાણ બ્લડપ્રેશર અને કોલેસ્ટરોલનું નિયમન કરવાથી તમે એક લાંબુ અને નિરોગી જીવન જીવી શકશો.

લાંબા સમયે, લોહીમાં સાકરનું વધારે પ્રમાણ તમારા શરીરના અગત્યના અવયવો જેવા કે તમારી કીડની અને આંખને નુકસાન પહોંચાડી શકે છે. હાઈ બ્લડપ્રેશર એક ચિંતાજનક રોગ છે કે જે તમારા હૃદય પાસે વધુ કામ કરાવે છે. અને ખરાબ કોલેસ્ટરોલ અથવા LDL વધે છે અને તેથી તમારા હૃદયની ઘોરી નસો બંધ કરી દે છે. આ ત્રણેનું નિયમન કરવાથી પરિણામ આવે છે લાંબુ અને નિરોગી જીવન.

તમારા ડોક્ટરને આ સવાલો પૂછો

૧. મારા લોહીમાં સાકરનું પ્રમાણ, બ્લડ પ્રેશર અને કોલેસ્ટરોલના આંકડા શું છે ?
૨. તે કેટલા હોવા જોઈએ ?
૩. આ લક્ષ્યાંકને પહોંચવા માટે મારે શું પગલાં લેવા જોઈએ ?

હમણાં જ પગલા ભરો

તમે તમારા કુટુંબ માટે લાંબુ જીવી શકો છો, તમારી તબિયત સુધારી શકો છો, અને હૃદયરોગ કે સ્ટ્રોક આવવાની શક્યતાઓ ઘટાડી શકો છો.

- © ખાવામાં જરૂરી પ્રમાણમાં ફળો, શાકભાજી, કઠોળ અને આખા અનાજનો ઉપયોગ કરો.
- © ઓછા પ્રમાણમાં મીઠું અને ચરબીવાળા ખોરાક જમો.
- © રોજ ઓછામાં ઓછીં ૩૦ મિનિટ સુધી શારિરીક કામ કરો.
- © કાર્યશીલ રહો અને યોગ્ય પ્રમાણમાં તંદુરસ્ત આહાર લઈ તંદુરસ્ત વજન જાળવી રાખો.
- © ધૂમ્રપાન બંધ કરો - બીજાની મદદ લો.
- © ડૉક્ટરના કહ્યા પ્રમાણે દવાઓ લો.
- © એસ્પિરીન લેવાની બાબતમાં તમારા ડોકટરને પૂછો.
- © તમારા કુટુંબીજનો અને મિત્રોને કહો કે તમને તમારા હૃદય અને ડાયાબિટીસનું નિયમન કરવામાં મદદ કરે.

લક્ષ્ય : તમારા હૃદયની સંભાળ તમારા લોહીમાં સાકરનું પ્રમાણ, બ્લડપ્રેશર અને કોલેસ્ટરોલનું નિયમન કરીને રાખો.

જ્યારે તમે તમારા ડોકટરની મુલાકાત લ્યો ત્યારે તમારા લોહીમાં સાકર, બ્લડ પ્રેશર, અને કોલેસ્ટરોલ આંકડાની તપાસ રાખવા માટે કરો. લક્ષ્ય સિધ્ધ કરવા માટે તમારા ડોકટર, મિત્ર અને કુટુંબીજનો નો સહકાર લેવો.

લોહીમાં સાકરનું પ્રમાણ

A1C પરિક્ષણ - હેમોગ્લોબિન A-1-C નું ટુંકું રૂપ - એ એક સાદું લોહીનું પરિક્ષણ છે કે જે છેલ્લા ત્રણ મહિનાનું તમારું સરેરાશ લોહીમાં સાકરનું પ્રમાણ માપે છે.

લોહીમાં સાકરના પ્રમાણનું સૂચવેલ લક્ષ્ય : A1C પરિક્ષણમાં 7 થી ઓછું

ઓછામાં ઓછું વરસમાં બે વાર પરિક્ષણ કરાવો.

બ્લડ પ્રેશર

ઉચું બ્લડ પ્રેશર એક ગંભીર બીમારી છે. જે તમારા હૃદય પાસે બહુ જ વધારે કામ કરાવે છે.

બ્લડપ્રેશરનું સૂચવેલ લક્ષ્ય : ૧૩૦/૮૦ થી ઓછું

દરેક મુલાકાતમાં પરિક્ષણ કરાવો.

કોલેસ્ટરોલ

ખરાબ કોલેસ્ટરોલ, અથવા LDL તમારા હૃદયની ઘોરી નસોને બંધ કરે છે.

કોલેસ્ટરોલનું સૂચવેલ લક્ષ્ય : LDL 100 થી ઓછું

ઓછામાં ઓછું વર્ષમાં એકવાર પરિક્ષણ કરાવો.

(અમેરિકામાં આપણા ISSO દ્વારા યુવક મંડળે "સેવા" નામની સંસ્થા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી શરૂ કરી છે. જેના હેલ્થ બ્રોશ્યરમાંથી સાભાર)

ભગવાનની ભવિષ્યવાણી

પ્રો. મહાદેવ ધોરીયાણી (રાજકોટ)

ઉત્તર ગુજરાતના 'કરજીસણ' ગામમાં મહારાજ કુલ છત્રીસ વખત પધારેલા, એમને ત્યાં ઐશ્વર્યયુકત અનેક લીલાઓ કરી હતી, જેનું વર્ણન 'સત્સંગિભૂષણ' માં સુપેરે કરવામાં આવ્યું છે. એમાંનો એક અદ્‌ભુત લીલાપ્રસંગ અત્રે ઉલ્લેખનીય છે.

ઉત્તર ગુજરાતમાં 'કરજીસણ' ગામ શ્રીજી મહારાજની પ્રસાદીનું ગામ ગણાય છે ! કારણ કે મહારાજે અનેક ઐશ્વર્યયુકત લીલાઓ કરીને પંખીના માળા જેવા એ ગામને પરમ પવિત્ર તીર્થમય બનાવ્યું છે. મહારાજે આ ગામમાં અનેક સભૈયા પણ કર્યા છે.

અવારનવાર જેમના અસીમ પ્રેમથી અવતારના અવતારી અને કારણના કારણ એવા કરુણાનિધાન શ્રીહરિ ત્યાં પધારતા તે અનન્ય હરિભકતનું નામ છે ગોવિંદજીભાઈ પટેલ. મહારાજે અનેક વખત આ ગામમાં પધારીને 'કરજીસણ'ને તીર્થસ્થાન બનાવ્યું છે !

મહારાજ જ્યારે અત્રે પધારે ત્યારે તેમનો ઉતારો ગોવિંદજીભાઈને ઘેર જ હોય ! કારણ કે ભાવિક ભકત ગોવિંદજીભાઈ પટેલ પર મહારાજ બહુ પ્રસન્ન હતા.

ગોવિંદજીભાઈનું કુટુમ્બ ઘણું જ સુખી હતું. ઘેર ગાયો, ભેંસો હતી. દૂધ-દહીંની રેલમછેલ હતી. ખેતીવાડીનું સાધન પણ મહારાજની દયાથી સારુ હતુ. શિક્ષાપત્રીની આજ્ઞાનુસાર આવકનો દસમો ભાગ અચૂક કાઢતા. મહારાજે એકવાર ગોવિંદજીભાઈને પૂછયું :



"પટેલ ! ઘરમાં અનાજ કેટલું છે ? આ વખતે ધર્માદામાં દસમો-વીસમો ભાગ કાઢશો નહિ...."

"મહારાજ ! હવે તો ચોમાસું આવશે અને અનાજ પાકશે. ત્યાં સુધી ચાલે તેટલો બાજરો આ કોઠીમાં ભર્યો છે."

ભગવાન શ્રી સ્વામિનારાયણે ભવિષ્યવાણી ઉચ્ચારતાં ગોવિંદજીભાઈ ને કહ્યું :

"પટેલ ! ધ્યાન રાખજો, આ ચોમાસે વરસાદ નહિ થાય, કારણ કે ઓગનોતેરો ભયંકર દુષ્કાળ પડશે. ભૂંડામાં ભૂંડી ભૂખ ! માટે આ બાજરાની ભરેલી કોઠીનું ઉપરનું મોઢું બરાબર ઢાંકણ વાસીને બંધ કરી દો. કોઈપણ સંજોગોમાં ઢાંકણ ખોલવાની ભૂલ કોઈ ન કરે તેની તકેદારી રાખજો, અને જરૂરીયાત મુજબ કોઠીના સાણેથી બાજરો કાઢજો. આખું વરસ મહેમાન સહિત ખાશો તો પણ નહિ ખૂટે, અને જો અમે કોઈને તમારે ત્યાં મોકલીએ તેમને પણ પ્રેમપૂર્વક ખવરાવજો."

આવતા ચોમાસે ખરેખર વરસાદ થયો નહિ અને ભયંકર દુષ્કાળ પડ્યો. જીવનમાં પ્રલોભન અને પ્રતિકૂળતાઓ સામેના સતત ચાલી રહેલ આ ખરાખરીના જંગમાં, કટોકટીના કાળમાં પરમાત્માનાં વચનોને કઈ રીતે જીતાડવા એની આગવી અને આકર્ષક યુક્તિ આ બાજરાની કોઠી બતાવી રહ્યું હતું !

કોઠીના સાણેથી બાજરો જ્યારે કાઢે ત્યારે નીકળ્યા જ કરે ! દુષ્કાળ પાર કરવા પટેલે પોતાની બહેન-દીકરીઓને પણ બોલાવી લીધી હતી. દુષ્કાળ પાર કરવા મહારાજે પણ કેટલાય ભકતોને કરજીસણ મોકલ્યા હતા. આમ, કરુણાનિધાનની કૃપાથી આખું વર્ષ સુખપૂર્વક પસાર થઈ ગયું.

એક વખત પટેલના ભાણેજને કૂતૂહલ થયું કે, આ કોઠી આટલા બધા મહેમાન વગેરે જમે છે છતાં ખાલી કેમ નથી થતી ? જિજ્ઞાસાવૃત્તિથી કોઠીમાં કેટલો બાજરો છે તે ઉપરનું ઢાંકણ ખોલીને જોયું અરે ! આ કોઠી તો ખાલીખમ છે ! ભાણેજ તો આશ્ચર્યમાં ગરકાવ થઈ ગયો, છતાં તેણે સાણેથી બાજરો કાઢવા પ્રયત્ન કર્યો, પણ બાજરો નીકળ્યો જ નહિ.

આ પ્રસાદીની કોઠી આજે પણ કરજીસણ ગામમાં મોજુદ છે. દંઢાવ્ય પ્રદેશમાં આવા તો અનેક ગામોમાં મહારાજે અદ્‌ભૂત લીલાઓ કરી છે.

ગુરુપૂર્ણિમા પર્વ પ્રસંગે ધર્મકુળ મહિમા આચમન

- ગોરધનભાઈ વી. સીતાપરા (હીરાવાડી-બાપુનગર)

ગુરુપૂર્ણિમાના પુણ્ય પર્વ પ્રસંગે દરેક મુમુક્ષુજન તથા ભક્તજન ને પોતાપોતાના ગુરુનું દર્શન પૂજન કરવાનું મન થાય. શ્રી નરનારાણદેવ અને શ્રીલક્ષ્મીનારાયણદેવ પીઠ સ્થાનના વિદ્યમાન ધર્મવંશી આચાર્ય મહારાજશ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના તમામ આશ્રિતોના ગુરુ સ્થાને બિરાજે છે. જેની નિયુક્તિ પરંપરા સ્વયં સ્વામિનારાયણ ભગવાને પ્રવર્તાવેલી છે. સ્વામિનારાયણ સંપ્રદાયમાં સ્વામિનારાયણ ભગવાને પ્રવર્તાવેલી આ એક અને માત્ર એક જ શાસ્ત્ર પ્રમાણ ગુરૂ પરંપરા છે. કલિયુગના પ્રભાવથી સ્વામિનારાયણ ભગવાનના નામ પર કોઈ અન્ય ગુરુ પરંપરા ચલાવતા હોય તેની અહીં વાત નથી. તેઓને પૂજાવું હોય તો શ્રી ધર્મદેવની કુળપરંપરામાં જન્મ લેવો પડે !!!

સત્સંગિજીવન ચતુર્થ પ્રકરણ અ. ૬૦ માં આપણા ઈષ્ટદેવ સ્વામિનારાયણ ભગવાન કહે છે. આજથી આરંભીને આ અયોધ્યાપ્રસાદજી અને રઘુવીરજીને તમારા આચાર્યરૂપે અમે સ્થાપ્યા છે. નરનારાયણ દેશના જે અમારા આશ્રિતો હોય તે અયોધ્યાપ્રસાદજીના શિષ્યો છે. અને લક્ષ્મીનારાયણ દેશમાં રહેલા અમારા આશ્રિતો રઘુવીરજીના શિષ્યો છે. એમ જાણજો. (અત્રે એ ઉલ્લેખનીય છે કે હાલમાં અયોધ્યાપ્રસાદજી મહારાજશ્રીની જગ્યાએ શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી છે તથા રઘુવીરજી મહારાજશ્રીની જગ્યાએ શ્રી



લક્ષ્મીનારાયણ દેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી રાકેશપ્રસાદજી મહારાજશ્રી બિરાજે છે.) ઉત્તર અને દક્ષિણ વિભાગમાં રહેલી સ્ત્રીઓએ બન્ને આચાર્યોની પત્નિઓને પોત પોતાના ગુરુ તરીકે સ્વીકારવા. **ધર્મવંશમાં જન્મેલા આ બન્ને આચાર્યોને તમારે માનવા, પૂજવા તથા સામર્થ્ય પ્રમાણે તેમની સેવા કરવી. બન્ને આચાર્યોની જે સેવા કરશે એ અંતે ભગવાનના ધામને પામશે.**

અ. ૮૧ માં શ્રીજી મહારાજ કહે છે, જન્મ-મરણથી ભય પામેલા શ્રધ્ધાવાળા શિષ્યોએ ધર્મવંશી ગુરૂનો આશ્રય કરવો. ફળ ગુરુના ચરણમાં નિવેદન કરીને બે હાથ જોડીને કહેવું કે હે દયાળું ! જન્મ-મરણથી ભય પામેલો હું તમારા શરણે આવ્યો છું. મારી રક્ષા કરો. પછી શરણે આવેલા શિષ્યને અભયદાન આપીને ગુરુએ સામાન્ય દીક્ષા આપવી. તેવી જ રીતે આત્મ નિવેદી ભક્ત શિષ્ય માટે શ્રીજી મહારાજ અ. ૮૩ માં કહે છે. આત્મ નિવેદી ભક્તએ દીક્ષા લીધા બાદ ગુરૂની આજ્ઞા માથે ચડાવી વસ્ત્ર દ્રવ્ય આદિક ગુરૂને અર્પણ કરવા. સુખનું મૂળ રૂપ જ્ઞાન હમેંશા ગુરૂ પાસેથી મળે છે. માટે ગુરૂની સેવા કરવી.

ધર્મવંશી આચાર્યોની પત્નીઓનો આશ્રય કરીને સ્ત્રીઓએ તેની પાસેથી દીક્ષા લેવી અને ભગવાનની ભક્તિ કરવી. જે **સ્ત્રી પોતાનું કલ્યાણ ઈચ્છતી હોય અને પતિવ્રતા ધર્મની રક્ષા કરવા ઈચ્છતી હોય, શ્રદ્ધાવાળી હોય, મુમુક્ષુ હોય, તેણે આચાર્ય પત્નીના શરણમાં જવું અને શરણે આવેલી મુમુક્ષુ સ્ત્રીને ગુરૂપત્નીએ દીક્ષા આપવી. દીક્ષા રીતિની સુગમતા માટે શ્રીજી મહારાજે આચાર્યો સ્થાપ્યા** છે. શ્રી વાસુદેવ માહાત્મ્યમ્ માં શ્રી નારાયણ ભગવાન નારદજીને કહે છે, જેઓ વૈષ્ણવી દીક્ષાને પામ્યા હોય એવા ચારેય વર્ણો તથા ચારેય આશ્રમો તથા ચારેય વર્ણની સ્ત્રીઓ, આ સર્વેને પૂજા વિધિમાં અધિકારી કહ્યા છે. પૂજાવિધિમાં અધિકારી થવા માટે પ્રથમ તો સર્વજનોએ સદ્‌ગુરુ થકી વૈષ્ણવી દીક્ષા લેવી. કેવા સદ્‌ગુરુ ? તો સદાય એકાંતિક ધર્મમાં સ્થિતિવાળા અને

બ્રાહ્મણ જાતિના અને દયાનિધિ હોવા જોઈએ. આપણા ગુરૂ બ્રાહ્મણ છે, ભગવાનના અતિ મોટા ભક્ત છે અને વળી ભગવાનનું કુળ છે. અને વળી સ્વામિનારાયણ ભગવાને સ્થાપેલા છે. આટલી બધી ભેગી લાયકાતો આ બ્રહ્માંડમાં કોઈના ગુરુની ન હોય !

નિષ્કુળાનંદ કાવ્યમાં 'પુરુષોત્તમ પ્રકાશ'' ગ્રંથનું હૃદય હોય એવું લાગે છે. શ્રીજી મહારાજ કહે છે.

માટે સહુ ધર્મકુળ માનજો,
સહુ કરજો એની સેવ,
અન્ય જન જેવા એહ નહિ,
એ છે જાણજો મોટા દેવ.
એક બ્રાહ્મણ ને જાણો ભક્ત અતિ,
વળી કા'વે અમારું કુળ,
એને સેવતાં સૌ જન તમો,
પામશો સુખ અતુલ.
મનવાંછિત વાત મળશે,
વળી સેવતા એના ચરણ,
એ છે અમારી આગન્યા,
સર્વે કાળમાં સુખ કરણ.
મન કર્મ વચને માનજો,
એમાં નથી સંશય લગાર,
એહ દ્વારે મારે અનેકનો,
આજ કરવો છે ઉદ્ધાર.
માટે સૌ રે'જો એને વચને રે,
ત્યાગી ગૃહી સહુ એક મને રે,
રે'જો ધર્મવંશીને ગમતે રે,
વર્તશોમાં કોયે મને મતે રે.
એહ કહે તેમ સહુ કરજો રે,
પૂછ્યા વિના તો પગ ન ભરજો રે,
હાથ જોડીને રે'જો હજુર રે,
કરી ડા'પણ પોતાનું દૂર રે.

ઉપરોક્ત આજ્ઞા મુજબ ત્યાગી સંતોએ જે તે દેશના આચાર્યશ્રીની આજ્ઞા લીધા સિવાય ગમે તે સ્થળે કથા પારાયણ કરવા પણ ન બેસી જવાય, અને તેવી કથા પારાયણમાં હરિભક્તોએ કથા સાંભળવા ન જવાય.

જેમ એ વાળે તેમ વળજ્યો રે,
એના કામકાજમાં ભળજો રે,
એની માનજો સહું આગન્યા રે,
વર્તશોમાં કોયે વચન વિના રે.
એને રાજી રાખશો જો તમે રે,
તો તમ પર રાજી છીએ અમે રે,
એને રાજી રાખશે જે જન રે,
તેણે અમને કર્યા પરસન રે.
કાં જે અમારે ઠેકાણે એ છે રે,
તે તો પ્રવીણ હોય તે પ્રીછે રે,
બીજા જન એ મર્મ ન લહે રે,
ભોળા મનુષ્યને ભોળાઈ રહે રે.
પણ સમજવી વાત સુધી રે,
અતિ મતિ ન રાખવી ઉંધી રે,
વચન દ્વારે વસ્યા અમે એમાં રે,
તમે ફેર જાણસોમાં તેમાં રે.
અમે એમાં એ છે અમમાંઈ રે,
એમ સમઝો સહુ બાઈ ભાઈ રે,
એથી અમે અળગા ન રૈ'યે રે,
એમાં રહિને દર્શન દૈયે રે.
એમ સમઝો સહુ સુજાણ રે,
અમ વિના ન હોય કલ્યાણ રે,
ધર્મવંશી આચાર જ માંય રે,
સદા રહ્યો છું મારી ઈચ્છાય રે.
અતિ ધર્મવાળા જોઈ જન રે,
રે'વા માની ગયુ મારૂં મન રે,
માટે એને પૂજે હું પૂજાણો રે,
તે તો જરૂર જન મન જાણો રે.
એનું જેણે કર્યું સનમાન રે,
તેણેં મારું કર્યું છે નિદાન રે,
એમ જાણી લેજો સહુ જન રે,
એમ બોલિયા શ્રી ભગવન રે.

તેથી જ જો આપણે ગુરુ પૂર્ણિમાનાં દિવસે આપણા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીનું સન્માન કરીએ તો, એ ભેગું આપણા ઈષ્ટદેવ સ્વામિનારાયણ ભગવાનનું સન્માન થઈ જાય છે.

ધર્મકુળને જે અનુસરે,
ત્યાગી ગૃહી નર કોઈ નાર,
પરિશ્રમ વિના તે પામશે,
અપાર ભવનો પાર.

અહીં સ્વયં ભગવાને પરિશ્રમ વિના સંસાર સાગર પાર કરી જન્મ મરણમાંથી નિવૃત થવાની સચોટ યુક્તિ દેખાડી છે, છતાં જગતના માણસો તો મન ધાર્યો ઉદ્યમ કર્યા કરે એ તો સમજ્યા, પરંતુ કેટલાંક તિલક ચાંદલા વાળા પણ મન ગમતો પરિશ્રમ કર્યા કરે છે. ત્યારે તેઓ ને કહેવાનું મન થાય કે ભાઈ ! વૃથા.ઉદ્યમ શું કરવા કરે છે ? પુરુષોત્તમ પ્રકાશનું પાનું ખોલીને તારા ઈષ્ટદેવને જ પૂછી લે ને ! !

એહ આચારજ થી અપાર રે,
બહુ જીવનો થાશે ઉદ્ધાર રે,
એમાં નહિ પડે કાં ફેર રે,
શીદ કે'વરાવો વેર વેર રે.

શ્રીજી મહારાજ પણ અહીં કહે છે, ભાઈ ! આ વાત વારંવાર અમારી પાસે શીદને કે'વરાવો છો ! ! !

પણ છેલ્લો છે આ જે ઉપાય રે,
બહુ જીવ તરશે આ માંય રે,
ધર્મવંશી આચાર જ ધાર્યા રે,
ગુરૂ કરી ગાદીએ બેસાર્યા રે.
કામ કર્યું છે એહ સારૂં રે,
મન માન્યું છે બહુ અમારૂં રે,
કાંજે એ છે ધર્મનું કુળ રે,
માટે એ વાતનું ઉંડું મૂળ રે.
જેવું અમારૂં કુળ મનાશે રે,
તેને તુલ્ય બીજું કેમ થાશે રે,
માટે વિચારીને વાત કીધી રે,
ઘણું સમજીને ગાદી દીધી રે.

ગુરુનું વાક્ય પરમ આદર થકી સ્વીકારી લેવું એમ બ્રહ્માજીનું વચન છે. ગુરૂનું વાક્ય જે પાળે એને ઈશ્વરનું વાક્ય પાળ્યા બરોબર પુણ્ય મળે છે. ગુરૂની અવજ્ઞા કરે, ગુરૂનો અનાદર કરે અને શાસ્ત્રની નિંદા કરે તો સનત્કુમાર કહે છે કે એવા પુરુષોનો નરકમાં વાસ થાય છે. ગુરૂનું અપમાન કરનારની સંપત્તિનો નાશ થાય છે. આ લોકમાં અનેક રીતે દુઃખી થાય છે. તમામ જનોએ પોતાના ગુરૂની આજ્ઞાનું પાલન કરવું, ગુરૂનો આદર રાખવો, ગુરૂની પૂજા કરવી, અન્ન, ધન, વસ્ત્ર, ગાય આદિ આપવું. કારણ કે ગુરુ સર્વ દેવમય છે. માટે જ દેવની જેમ ગુરુની પૂજા કરવી.

અમારા જે આશ્રિતજન, તેમણે પોતાના આચાર્યને આવતા સાંભળીને, આદર થકી તત્કાળ સન્મુખ જવું અને તે આચાર્ય પોતાના ગામથી પાછા પધારે ત્યારે ગામની ભાગોળ સુધી વળાવવા જવું. શિ. શ્લોક ॥૭૨॥

શિક્ષાપત્રી ભાષ્ય વિવેચનમાં કહે છે, પોતાના ગુરૂની સામે જાય એને તમામ યાત્રાનું ફળ મળે છે. અને ગુરૂ જ્યારે વિદાય થાય, ત્યારે ગામની ભાગોળ સુધી વળાવા જાય, ત્યારે એના બધા દોષ અને પાપ ધોવાઈ જાય છે.

સ.ગુ. પ્રસાદાનંદ સ્વામી પોતાની વાતોમાં શ્રીજી મહારાજના શબ્દો લખે છે. અમે જ્યાં જ્યાં મૂર્તિઓ પધરાવી છે અને હવેથી આચાર્યશ્રી જ્યાં મૂર્તિઓ પધારવશે તેમાં અમે કાયમ નિવાસ કરીને રહીશું... જેવી રીતે તમો મારી પૂજા કરો છો તેવી જ રીતે મારા પુત્રો જે આચાર્ય તેમની સેવા કરજો અને પૂજજો અને પોતાના ગામના મંદિરમાં આચાર્યશ્રી પાસે મૂર્તિ પધરાવજો અને આચાર્યની તમો મારી જેમ પધરામણી કરજો. કારણ કે બે આચાર્યો મારા ઠેકાણે છે અને તેમનામાં હું રહીને સેવા અંગીકાર કરીશ. આચાર્યને અમારી ગાદી પર બેસાર્યા છે. અમારા પુત્રને દત્તક વિધિથી સ્વીકારીને બે ગાદીની સ્થાપના કરીને આચાર્યો બનાવ્યા છે. બેયને દેશ વિભાગ કરીને મંદિરો વહેંચી આપ્યા છે. માટે આચાર્યોને અમારું સ્વરૂપ માનીને ઘેર ઘેર પધરામણી કરીને પૂજજો એમ અમારી છેલ્લી આજ્ઞા છે.

પછી શ્રીજી મહારાજ બોલ્યા જે, "ધર્મકુળને આશ્રિત એવો જે ભગવાનનો ભક્ત છે તે ભગવાનની ઈચ્છાએ કરીને બ્રહ્મમય દેહને પામે છે અને જ્યારે દેહને મૂકીને ભગવાનના ધામ પ્રત્યે જાય છે, ત્યારે કોઈક તો ગરુડ ઉપર બેસીને જાય છે. અને કોઈક તો રથ ઉપર બેસીને ..... ભગવાનના ધામમાં જાય છે. તેને યોગ સમાધિવાળા છે તે પ્રત્યક્ષ દેખે છે." (વચનામૃત ગ.પ્ર.પ્ર. ૧)

"સ્વામિનારાયણ સંહિતામાં શ્રીજી મહારાજ કહે છે, "આ આચાર્યની સેવા સંત હરિભક્તો સર્વે કરજો, અને આચાર્યોની સેવા કરશો તેથી અમારી સેવા થાશે. આજથી અમો બે સ્વરૂપે થયા. અને આચાર્યનો જે દ્રોહ કરશે તેણે અમારો દ્રોહ કર્યો." જેવી અમારી પૂજા કરો છે તેવી જ રીતે આ બે આચાર્યની પૂજા કરવી અને તેમની આજ્ઞામાં સાધુ, બ્રહ્મચારી, પાળા, સત્સંગિઓ સર્વેને વર્તવું અને તે બે આચાર્યોની આજ્ઞા કોઈએ લોપવી નહીં."

સત્સંગની 'મા' સ.ગુ. શ્રી મુક્તાનંદ સ્વામી લખે છે, જેને ધર્મકુળમાં હેત હોય, અને જે ધર્મમાં રહીને ભગવાનનું ભજન કરે છે, તેને શ્રીહરિ રીઝે છે. અને તેવી વ્યક્તિ પોતાના કુટુંબ સહિત ભવસાગર તરી જાય છે. ધર્મકુળના જે કોઈ આશ્રિત થાય તેને ભગવાન અતિ વિકટ જમ ત્રાસથી મૂકાવે છે. અંત સમયે શ્રીહરિ તેને દર્શન આપીને જન્મ મરણમાંથી છોડાવીને પોતાના ધામમાં તેડી જશે." ધર્મવંશી વિપ્ર સત્સંગમાં જ્યારથી આવ્યા ત્યારથી મુક્તમુનિ તેમને સત્સંગનું મૂળ સમજી સંતની પહેલા હરિભક્તો પાસે પૂજાવતા. હરિભક્તોને તો શ્રીહરિની પૂજા પછી સંતની પૂજા કરવાનો ભાવ રહેતો. મુક્તમુનિ તેમને સમજાવતા કે ધર્મવંશીના પિતા ધર્મ છે. સત્સંગનું તે મૂળ છે. એમ સમજાવી પ્રથમ પૂજાવતા." ધર્મવંશી સમાન બીજા કોઈ કહેવાય નહિ.

ગુરૂ અને સંતોનો દોષ લે તે ઘટી જાય. ગુરૂ અને સંતનો દોષ ન જુવે તેનામાં ભગવાન વસે છે. ધર્મવંશી આચાર્ય મહારાજશ્રી મંદિર અને હરિભક્તોના રખવાળા છે. ધર્મધુરા વહન કરે છે. શ્રીહરિએ પોતાનો પ્રતાપ બન્ને દત્તપુત્ર આચાર્યોમાં ધારણ કર્યો છે. મુક્તમુનિને દેહનો કાળ જ્યારે સમીપમાં હતો, ત્યારે નિત્યાનંદ મુનિને ભલામણ કરેલી કે, ઉદ્ધવ સંપ્રદાયના બન્ને આચાર્ય જગતમાં સર્વોપરિ થાય તેમ કરજો. તમારો મને પૂર્ણ ભરોંસો છે. શ્રીહરિના પ્રતાપથી બ્રહ્મા પણ તમને જીતી શકે તેમ નથી. માટે કોઈ આચાર્યને લોપવા માટે આવે તો ધર્મ અને નીતિથી તેમનાં મૂળ ઉખેડી નાંખવા. ધર્મ અને નીતિવાળા સંતોને

સાથે લઈને જવું અને ધર્મકુળનું સ્થાપન કરવું. શ્રીહરિ જેવો અવતાર બીજો થયો નથી, પણ જેનાં દારુણ પાપ હોય એવા જડમતિને તે જણાય નહિ.

શ્રીહરિએ પોતે પોતાની હયાતી દરમિયાન જ ધર્મવંશી આચાર્યોનું ઘણુંક માહાત્મ્ય જણાવ્યું છે. આપણા જીવના કલ્યાણને અર્થે ભગવાને આચાર્યપદનું સ્થાપન કર્યું છે. ધર્મની આ ગાદી ઉપર જે ધર્મવંશી વ્યક્તિ આવે છે, તેને તો સાક્ષાત શ્રીહરિ પોતે જ મોકલે છે. શ્રીજીની ઈચ્છા અનુસાર જ જે તે ધર્મવંશી આચાર્યશ્રી આ ગાદી ઉપર આવે છે, કેમ કે, તે શ્રીજીનું અપર સ્વરૂપ છે. પ્રગટ પ્રભુનો આશરો ધર્મવંશી આચાર્યશ્રી પાસેથી મંત્રદીક્ષા લીધા વિના થતો નથી. માટે આપણે આપણા કલ્યાણને અર્થે ધર્મવંશી એવા આચાર્યશ્રીનું શરણ ગ્રહણ કરીને ભગવાન ભજવા.

દેશ વિભાગના લેખમાં શ્રીહરિએ લખાવ્યું છે કે, "શ્રી ધર્મવંશના બેય ગાદીવાળા આચાર્ય વિના અન્ય મતવાળા હરકોઈ મનુષ્ય શાસ્ત્રે તથા જોગે તથા તપે તથા વૈરાગ્યાદિક ગુણે વિશેષ હોય ને તેથી ધર્મવંશના બે ગાદીવાળા આચાર્ય ન્યુનપણે જાણ્યામાં આવે તો પણ, સાધુ તથા બ્રહ્મચારી તથા પાળા સમસ્ત તથા સત્સંગી સમસ્તને અમારી એમ આજ્ઞા છે જે તમારા જીવના કલ્યાણને અર્થે શ્રી ધર્મવંશના બે ગાદીવાળા આચાર્યને સદાકાળ નિરંતર માનજ્યો ને મન-કર્મ-વચને તેમની આજ્ઞામાં રહેજ્યો. ને તેમાં ફેર પાડી અન્ય આશ્રય કરશે ને અન્યને માનશે તેના જીવને આ લોકમાં તથા પરલોકમાં, કોઈ કાળે સુખ થાશે નહિ, ને અતિ કષ્ટને પામશે."

શ્રીજી મહારાજ કહે છે, તમારે આ આચાર્ય પદમાં સ્થાપેલા ધર્મવંશી બન્ને મારા પુત્રો ધર્મદેવની પેઠે માનવા અને યથા શક્તિ અન્નવસ્ત્ર આભૂષણ વિત્ત વગેરે વડે સારી રીતે સેવવા. જે જનો આ બન્ને આચાર્યો તથા તેમના વંશમાં થનારા આચાર્યોનો આશ્રય કરશે તેમને ભગવાન શ્રીકૃષ્ણ દેહાવસાન સમયે પોતાના ધામ પ્રતિ તેડી જશે.

<u>અવિનાશાનંદ સ્વામી લખે છે,</u>

સત્સંગી આપો સૌ નામનું,
નામનું નામનું નામનું રે,.... ટેક
સત્સંગી આપો સૌ નામનું,
ભાતું એ અક્ષરધામનું રે.....૨

નામનું એટલે 'નામવેરો' નામ ધર્માદાની પહોંચમાં જે નામનું કોલમ હોય છે તેની વાત છે. નામ ભેટમાં આપણે વ્યક્તિદીઠ જે પાંચ રૂપિયાની ભેટ લખાવીયે છીએ તે આપણા પ.પૂ. આચાર્ય મહારાજશ્રીની ભેટ ગણાય છે. તેની સામે આપણને જે કંઠી આપવામાં આવે છે. તે કંઠી આપણને આપણા ધર્મવંશી ગુરુ તરફથી મળી ગણાય છે, જે અક્ષરધામનું ભાતું છે.

<u>પ્રેમાનંદ સ્વામી લખે છે,</u>

ચાલો ચાલો રે ધર્મવંશીને દ્વાર,
સાહેલી માગીએ મોક્ષને,
આજ એ વિના મોક્ષ બીજે નથી,
એ છે કળીમાં રે મુકિતના દેનાર,
સખી થઈએ ધર્મકુળ આશરે રે,
નહી તો મારશે રે જમ બાંધીને માર,
ધર્મવંશી વિના આ સંસારમાં,
બીજો નથી રે છોડાવણ હાર.....

<u>બ્રહ્માનંદ સ્વામી કહે છે,</u>

હરિના સંબંધી તે હરિની જ પેરે,
પૂજવા યોગ્ય સદાઈ રે,
દેહધારી સરખા દીઠામાં,
એને વાતુ અતિ આધી રે,
ધર્મદેવના વંશનો મહિમા,
મુખથી કહ્યો નવ જાય રે,
મનમોહનજીના કુટુંબના માણસ,
થોડે પુણ્ય ન થવાય રે.....
માયાના જીવ તે મર્મ ન સમજે,
સૌ સરખા એને જાણે રે....

<u>ગોપાળાનંદ સ્વામી લખે છે,</u>

દેવ, આચાર્ય અને અવતારીની સામર્થી સરખી છે, શ્રીજી મહારાજ જેવી સામર્થી અનંત કોટી બ્રહ્માંડમાં કોઈની નથી.

<u>શ્રીહરિ સંભવ કાવ્યમાં લખે છે,</u>

વિષ વૃક્ષ અને કલ્પતરૂની જેમ ધર્મવંશ અન્ય વંશમાં ફેર છે. જે જનો તે બન્ને ને એક સરખા સમજે છે તે કુત્સિત બુદ્ધિવાળા છે અને મારા આશ્રિત જનોએ તેમને વાસુદેવથી વિમુખ જાણવા. એવી જ રીતે સત્સંગિ ભૂષણ ગ્રંથમાં શ્રી વાસુદેવાનંદ વર્ણીની કલમે શ્રીજી મહારાજ કહે છે, મારી પૂજાથી જેમ કલ્યાણ થાય તેમ જ તે બન્ને આચાર્યોના પણ પૂજનથી જરૂર કલ્યાણ થાય તેમાં જરા પણ સંદેહ નથી.

આવી રીતે ધર્મકુળનો મહિમા કોઈ યથાર્થ લખી શકે નહિ, એટલે જ લેખના મથાળામાં 'આચમન' શબ્દ લખ્યો છે. તેથી અત્રે લેખને ટૂંકાવીને ભગવાનના સાતમાં વંશજ શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી, આપશ્રીએ ધર્મધુરા સંભાળી ત્યારબાદ આવતા દ્વિતીય ગુરુ પૂર્ણિમાના પર્વ પ્રસંગે આપના ચરણોમાં આ લેખ રૂપી પુષ્પ અર્પણ કરીને કાવ્ય કુસુમ માળાથી ગુરુ પૂજન કરું છું અને આપના ચરણોમાં પ્રાર્થના કરું છું કે જેવા આપશ્રીના પિતાશ્રી પ.પૂ.ધ.ધુ. મોટા આચાર્ય મહારાજશ્રી મારા ઉપર રાજી થયા તેવા જ આપશ્રી પણ મારા ઉપર સદાય રાજી રહો એવી નમ્ર પ્રાર્થના ! કોટિ કોટિ વંદન.

ગુરુપૂર્ણિમા

- સાધુ ઘનશ્યામપ્રકાશદાસ
(મહંતશ્રી, નારાયણઘાટ)

પૂર્ણિમા એ અમાવાસ્યાના અંધકારને ચીરીને જ્ઞાનનો પ્રકાશ પ્રસરાવતું પર્વ છે. એમાં પણ અષાઢી પૂર્ણિમાં ભગવાન વેદ વ્યાસજીના જન્મોત્સવને અંજલી આપવા ગુરુ જ્ઞાનના અર્ઘ્ય આપીને ભગવાન શ્રી રામચંદ્રજીએ ગુરુ વશિષ્ટજી અને વિશ્વામિત્રના ઋણને માથે ચડાવી ભગવાન શ્રીકૃષ્ણ પરમાત્માએ સાંદીપનિજીના આશ્રમે રહી બોધપાઠ ગ્રહણ કર્યો. આરૂણી ઉપમન્યુ તથા સત્યકામ જાંબાલી અને ગુરૂભક્ત એકલવ્યની પરંપરાને ભારતવર્ષમાં વરસોવરસ ગુરુભક્તિ ના ઈતિહાસની ઉજ્જવળ કીર્તિ સ્વતંત્ર રૂપે ગવાતી રહી છે. ભગવાન શ્રી સ્વામિનારાયણે પણ બ્રહ્મવેતા સદ્‌ગુરૂવર્ય શ્રી રામાનંદ સ્વામીને ઉદ્ધવ અવતાર ગણી ગુરૂ પદનું ગૌરવવંતુ બિરૂદ આપી તેઓએ શરણ ગ્રહણ કર્યું હતું. એટલું જ નહિ પરંતુ ગુરૂભક્તિની ઉત્કૃષ્ટ ગરજ બતાવી થાંભલાને બાથ ભીડી મુક્તાનંદ સ્વામી જેવા સંતની આજ્ઞામાં રહી આજ્ઞા શિરોમાન્ય પોતે કરીને આગળ આશ્રિતોને ગુરૂના એટલે ધર્મવંશી આચાર્યશ્રીના શરણની આવશ્યકતા અને અનિવાર્યતા બતાવી છે.

આદિકાળથી વેદમાં તો ત્રિદેવને ગુરૂ પદવી આપી ગુરૂ સાક્ષાત્ પરંબ્રહ્મા કહી સૌ પ્રથમ વંદના બ્રહ્મરૂપ ગુરૂવર્યને નામે સંબોધેલ છે. વળી ધ્યાન મૂલંમગુરુમૂર્તિ, મંત્રમૂલંમગુરૂ વાક્યમ પૂજા મૂલ, ગુરુ પદો તતામોક્ષ મૂંલંમ્ ગુરૂવચનમ્ ની રાહ ચીંધેલી છે. એ અનુસાર કબીરજી પણ ઉપદેશે છે કે,

"ગુરૂ ગોવિંદ દો નો ખડે કિસકો
લાગુ પાય,
બલીહારી ગુરૂ દેવ કી ગોવિંદ દિયા
બતાય."

કાચી માટીના ઘડામાં માંહી ગોલિટો રાખી ટપલા મારતો કુંભાર ઘાટ ઘડીનો માંહી હરિરસની મીઠાશ સભરભરવા સુધીની જહેમત ઉઠાવે તે ગુરૂ ઉપર વારી જવા શિષ્ય પણ સદા તત્પર રહે છે. જીંદગીની ઢળતી સંધ્યાએ પ્રભુ આગમન ઉષાની વાટ જોતી શબરીમાનું સમગ્ર જીવન ગુરૂવચને પ્રભુદર્શનની તલપમાં વીતી ગયું - હજારો વર્ષના તપના અંતે અનંત ઋષિ-મુનિઓ થાક્યા, હાર્યા સાધનો નો અંત આવ્યો અને યોગીઓની અવિશ્રાંત યોગકળા પણ વિરામ પામી ગઈ છતા વાસના વિરમી નહી, પણ જ્યારે સદ્‌ગુરુ રૂપી સૂર્ય પ્રગટ્યો ત્યારે તેની સામું જોઈ નિષ્કુળાનંદ સ્વામીએ ગાયું કે,

"આગે તપસી તપશા કરતા રહ ગઈ
કિંચિત કામા,
તે હી કારણ આ નરતન ધરિયા મસો
જાનત હૈ રામા.
મૈ હું આદિ અનાદિ આ તો સર્વે
ઉપાધિ
સદ્‌ગુરૂ મિલિયા અનાદી મીટ કઈ
સર્વે ઉપાધિ."

ભગવાન સ્વામિનારાયણે પણ વચનામૃત ગ.પ્ર. ૫૪માં મોક્ષમાર્ગના દરવાજા ખોલતા કહ્યું છે કે, આ જીવને જેવો દેહ અને દેહના સંબંધીને વિશે દ્રઢ પ્રસંગ છે. તેવો ને તેવો જ દ્રઢ ધર્મ જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિએ યુક્ત એકાંતિક ધર્મધારણ કરેલા સદ્‌ગુરૂ સંતને વિશે થાય તો દેહ છતાં જ મોક્ષને પામી જવાય. આ વાતને અનુસરીને જ શ્રીહરિએ આનંદાનંદ સ્વામીને મુક્તાનંદ સ્વામીનો અને મુક્તાનંદ સ્વામીને સ્વરૂપાનંદ સ્વામીનો સમાગમ કરવા આદેશ આપ્યો હતો - વળી વચનામૃત ગ.મ. ૭ માં લખે છે કે, "કોઈ અતિ મોટા સંત હોય તેની અતિશય સેવા થઈ જાય તો ભગવાન પ્રસન્ન થઈને દૃષ્ટિ કરે કે આ બિચારો વૈરાગ્ય હીન છે અને તેના વિકાર ટળતા નથી તો તેના સર્વે વિકાર ટળો તો તત્કાળ ટળી જાય." સર્વે વાતે, સર્વે પ્રકારે સંપૂર્ણ પણે સુખી થવાનું મૂળ સાધન ધર્મવંશીની આજ્ઞામાં વર્તનારા સદ્‌ગુરૂ સંતની મન, કર્મ, વચને સેવા કરવી અને પ્રસન્નતા પામવી એ જ સ્વયં ભગવાનના હૃદયનો ઊંડો અભિપ્રાય છે. ગુરૂ વિનાનું માનવ જીવન સુખનો શ્વાસ કદી લઈ શકે જ નહીં. પ્રાણવાયુ વગર જેમ પ્રાણ રૂંધાય તેમ ઓલિયા ગુરૂ બ્રહ્મવિના ચૈતન્ય સદા રુંધાતો જ આવ્યા છે.

અગત્રાઈમાં પર્વતભાઈના ઘરે પ્રભુ પધાર્યા. પ્રસાદના થાળમાં પ્રેમીભગતે શેરડી સુધારી માદળીયા બનાવી તેના ઉપર ગુલાબ જળના છંટકાવ કરી પ્રભુ આગળ પીરસ્યા. બે માદળીયામાંથી પ્રેમ ભર્યો ભાવ ચુસી હરિવર તો હોંશે હોંશે સભાજનોને મીઠી શેરડીના પ્રસાદ રૂપે પીરસવા લાગ્યા. પર્વતભાઈ તરફ પણ ખોબો ભરીને પ્રસરાવ્યો ત્યાં તો

ભરી સભામાં સૌએ અચરજકારી કૌતુક દીઠ્યું. પ્રભુનો પ્રસાદ પામવા ભક્તો જ્યાં પડાપડી કરે ત્યાં પ્રભુએ સામેથી પ્રસાદ આપવા લંબાવેલો હાથ આજે ભર સભામાં આ ભક્તે પાછો ઠેલ્યો ને કહ્યું, "આ તમારો પ્રસાદ મને ન ખપે મહારાજ !" "કેમ ?" પ્રભુએ પૂછ્યું ?

"જ્યાં સુધી મારા ઈષ્ટદેવ ન જમે ત્યાં સુધી મારી જીભે કેમ ચખાય ?" ભક્તરાજે હૈયાની હામ વહેતી મુકી. "અમો તો આ જમ્યા, અને કહો તો હજુ વધારે જમીએ." શેરડીનું એક માદળીયું ફરી મુખમાં મૂકતા મહારાજે કહ્યું, "તમો તો જમ્યા અને હજુ ઘણું જમો મારા વાલા પણ હું તો મારા ઈષ્ટદેવ જમે પછી જ જમી શકું." "મારા વિના વળી બીજા કોણ છે તમારા ઈષ્ટદેવ ?"

અને ભક્તને ભગવાનની નાડી હાથ લાગી ગઈ. પ્રભુને પણ રોકડું પરખાવવાનો અવસર મળી ગયો. ભગવાને તો ટાણી ટાણું સાચવ્યું છે પણ આજે ભક્તને હાથે મેણું લાધ્યું છે તે પણ છોડે એવા ગાફલ ક્યાં હતા ? આજે અમ આંગણે આવા લીલા ઉત્સવોના અવસરો સાંપડ્યા છે. માટે તમે જ કહો કે પહેલા આ સંતો ખરા કે નહીં ? અને એમના મોંઢે તો તમે ગળ્યા, ચીકણા ન ખાવાની તાળાબંધી કરી છે. તો બોલો, અમારા ગળે પણ આ શેરડીના મીઠા રસ તમારી પ્રસાદીના હોય તો પણ અમારા સદ્‌ગુરૂના સુકાતા ગળા સામે અમારે ગળે એ રસનો ઘૂંટડો ઉતરે ખરો ????" અને સિધ્ધાંતિક રાજીપો લઈ જતા હૃદયના ઊંડાણમાંથી પ્રસન્નતા ઉછળી ઉઠી." વાહ ભક્તરાજ વાહ, સદ્‌ગુરૂ સંતો સાથે ની તમારી આટલી આત્મબુદ્ધિ તમોને નિર્વિકલ્પ સમાધિના સુખમાં અખંડ તરબતર રાખશે. અમો પણ આજે તમ સરીખા ભક્તની મરજીને અનુસરી પૂર્ણાહુતિનો આદેશ આપીએ છીએ." ધન્ય થઈ એ વસુંધરા જ્યાં ગુરુભક્તિના ગોટલાની વાવણી થઈ ! સેવા, સમાગમના સિંચન વડે ગુરુકૃપાની પરિપકવતાના ફાલરૂપે પાંગરી ઊઠી. અપરિમિત પ્રભુભક્તિ ?? અને એટલે જ સદ્‌ગુરૂવર્ય ગુણાતીતાનંદ સ્વામીએ કહ્યું છે કે, "ભગવાન મળ્યા તેનું તો એક પગલું અક્ષરધામમાં ને જેને આવા સાધુ મળ્યા તેના તો બન્ને પગલા અક્ષરધામમાં" એ અનુસાર

ગુરુ એ ભગવાનનું જીવંત ઘર છે.
સંત એ ભગવાનનું ચૈતન્ય મંદિર છે.
સદ્‌ગુરૂ એ નિર્મળ પવિત્રતાની મૂર્તિ છે.
સંત નિર્વ્યાજ આનંદનું સ્વરૂપ છે.
સદ્‌ગુરૂ એ સર્વે ગુણોના નિધિ છે.
સદ્‌ગુરૂ સંત કલ્યાણ માત્રનું
આશ્રયસ્થાન છે.

આવા સદ્‌ગુરૂ સંતો જ્યાં વિચરે છે ત્યાં મંગલમય સંદેશ આપે છે મંગલમય વાયુ તૈયાર કરે છે અને તમામને મંગલમય બનાવે છે. મુક્તાનંદ સ્વામીએ પણ ગાયુ છે કે એવા ગુરૂ તો, 'હરિસમ સબ દુઃખ હરિ'. તથા એવા સંત દ્વારા 'મિલત હે પ્રગટ મુરારી.'

શ્રીજીમહારાજે પોતાના દિવ્ય અલૌકિક પવિત્ર ધર્મકુળમાં ગુરુપદની ગાદી સ્થાપી સદાયને માટે પૂજનીય પરંપરા પ્રર્વતાવી છે. આચાર્ય પદની ગરિમાને ગૌરવવંતી કરી. પ્રાતઃ સ્મરણીય પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીએ અનુગામી કૌશલદેશવાસી શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીને આપી આપણા સૌ પર મ્હેર કરી છે. તો હવે ગુરુપૂર્ણિમાના આ પર્વે તેઓશ્રીનું પૂજન માત્ર કંકુ ચોખાના વધામણાથી સિમિત ન રાખતા તેઓશ્રી પ્રત્યે નિષ્પક્ષભાવ, નિર્દોષભાવ અને દિવ્યભાવ દૃઢ કરી વાસ્તવિક ગુરૂ પૂજને તેઓશ્રીને બિરદાવીએ તેવી હૃદયપૂર્વકની અભ્યર્થના.

આપણે સૌ ગુરુ પૂર્ણિમાના શ્રી સ્વામિનારાયણ મંદિર અમદાવાદમાં શ્રી નરનારાયણદેવના દરબારમાં આપણા પ્રાણ પ્યારા પરમ વિશ્વવંદનીય પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીનું પૂજન-અર્ચન કરી ભેટ ધરી રૂડા આશીર્વાદ મેળવીએ. આપણે બીજે ક્યાંય ફાંફા મારવા જવાનું નથી. આપણા આ એક જ ગુરુ છે, ખાસ સમજજો.

અમદાવાદ શ્રી સ્વામિનારાયણ મંદિરમાં હીંડોળા દર્શન

આપણા શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર અમદાવાદમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી અષાઢ વદ-૧/૨ તા. ૧૨-૭-૦૬ થી શ્રાવણ વદ-૨ તા. ૧૧-૮-૦૬ પર્યન્ત સર્વોપરિ શ્રી નરનારાયણદેવ સમક્ષ ભવ્ય હીંડોળા ઉત્સવ ઉજવવામાં આવશે. યજમાન બનવા ઈચ્છતા હરિભક્તોએ કોઠાર ઓફીસમાં કોઠારી સ્વામી પાસે નામ નોંધાવી રકમ ભરી પાકી પાવતી મેળવી લેવી.

પ્રાયશ્ચિત

- ચંદ્રકાન્ત મોહનલાલ પાઠક (ગાંધીનગર)

મહાત્મા કલ્યાણદાસજી પ્રસન્ન ચિત્તે એકવાર પોતાના ધર્માસને બેઠા હતા ત્યારે મુકુંદદાસજીએ નિજ મનને મુંઝવતો એક પ્રશ્ન પૂછયો. મુકુંદદાસજી તેમના માનીતા શિષ્ય હતા.


ગુરુદેવ ! મને કામ જીતવાનો ઉપાય બતાવો.

ક્ષણભર મૌન રહીને દાઢીએ હાથ ફેરવતાં મહાત્માજીએ કહ્યું, વત્સ ! તું મારા હૃદય સુધી પહોંચેલો શિષ્ય છે. તને મારા જીવનની એક ખાનગી વાત કહું.

લગભગ ચાલીસ વર્ષ પહેલાં કાશીની યાત્રા કરીને પાછો આવતો હતો ત્યારે ખાત્રોજની ભાગોળે ઉજ્જન નગરીનો માર્ગ મેં પૂછ્યો. એક યુવતીએ ઘાયલ કરી દે તેવા લટકાથી પોતાનો ગોરો હાથ લાંબો કરી માર્ગ બતાવ્યો. મેં તો ઉજ્જનની વાટ પકડી પણ એ યુવાન સ્ત્રીએ જાણે કે મારી નિષ્કામ વૃત્તિને પડકાર ફેંક્યો એવું મને લાગ્યું. આજે ચાલીસ વર્ષે પણ પ્રયત્ન કરવા છતાં આ પ્રસંગ મારા દિલમાંથી હઠાવ્યો હઠતો નથી. એ હાથ અને એ લટકું ઈદમ્ સાંભરી આવે છે.

કામનો પરાભવ દુષ્કર છે પણ દુર્જય નથી.

ભગવાન શ્રીહરિ સરધાર ગામે હરિભક્તોની સભામાં ગૃહી-ત્યાગીઓએ જેનું પાલન કરાવાનું છે એવા નિષ્કામી વર્તમાન નિષ્કામ ધર્મ ઉપર તથા સ્ત્રી પુરુષોમાં પ્રવર્તતા વ્યભિચાર ઉપર વાંત કરી રહ્યા હતા. તેમણે કહ્યું કે નિષ્કામ ધર્મ અમને અતિશય પ્રિય છે. એક નિષ્કામી વર્તમાન દ્રઢ હોય તો તેને આ લોકમાં



તથા પરલોકમાં કોઈ ઠેકાણે ભગવાનથી છેટું રહેતું નથી. અને અમારે પણ તે ઉપરથી કોઈ દિવસ હેત ઓછું થતું નથી. સભા બેઠી હોય ત્યાં કોઈક સ્ત્રી અથવા પુરુષ તેને જોયામાં ફેર પડે ત્યારે એ ગમે તેટલી યુક્તિ કરીને સંતાડે તો પણ અમને જણાયા વિના રહે જ નહિ. આવું થાય ત્યારે અમારો તે મનુષ્ય ઉપર અતિશય કુરાજીપો થઈ જાય છે. પણ શું કરીએ ? મહોબત જાણીને ઝાંઝું કહેવાય નહિ. માટે જે નિષ્કામ ધર્મનું યથાર્થ પાલન કરશે તે જ અમારો છે. નિષ્કામ ધર્મથી ચલિત થશે તેની સાથે અમારે નહિ બને. અજાણપણે કે અણસમજણથી જો નિષ્કામ ધર્મનો ભંગ પ્રથમવાર થયો હશે અને અમને વાત કરશે તો અમે તેની ભૂલ માફ કરશું. પ્રાયશ્ચિત આપીને શુદ્ધિ કરાવશું. જેને સત્સંગનો ખપ હોય, અમારી સાથે મહોબત હોય તે અમારી આગળ કબૂલ કરે. જે છાનું રાખશે તેને બ્રહ્મરાક્ષસ થવું પડશે. પછી અમે સહાય નહિ કરીએ.

શ્રીહરિની વાત સાંભળતાં જ બોદા કમાનગરને ચોટ લાગી. સભામાંથી તે એકાએક ઉભો થઈ ગયો. ઘેર જતો રહ્યો. ફળિયામાં ખાટલો ઢાળીને બેઠો. મહાપ્રભુએ કહ્યા પ્રમાણે તે નિષ્કામ વ્રત ચૂકયો હતો. છાતીમાં ફડક પેસી ગઈ. હૃદયના ધબકારા વધી ગયા. હવે શું થશે તે પ્રશ્ન જાણે વિરાટ સ્વરુપ ધરીને તેની આગળ ઉભો રહ્યો. આબરૂના ધજાગરા અને કીર્તિના કાંકરા ! નક્કી આ વાત મહારાજે મારા ઉપર જ કરી છે. વારેવારે મારા તરફ જોતા હતા. ભગવાનને તો બધી ખબર હોય જ ને ! મારું નામ જાહેર કર્યું હોત તો ? તો .... તો મારે ઝેર ખાવું પડત. મારા ગુરુના નામનો બટ્ટો લાગત ! આમ તો હે પ્રભુ, તમે મારી લાજ રાખી છે. ગામમાં કોઈને ખબર નથી. પરંતુ છાની વાત રહેશે ક્યાં સુધી ?

વાત કંઈક આવી હતી. વિશ્વ સૃષ્ટા, બ્રહ્માજી, ભોળા કહેવાતા શિવજી, ઈન્દ્ર ચંદ્રાદિક દેવો, ભગવાનનું મન કહેવાતા દેવર્ષિ નારદ, તેમના ભાણેજ પર્વત, પરાશર, સૌભરિ તથા ચ્યવનાદિક ઋષિ મુનિઓ અને નહૂષ વગેરે રાજાઓ જે

ભૂમિમાં લપસ્યા હતા એવી જ ભૂમિમાં સત્ય તત્વને નહિ જાણનારો આ નાનકડો માનવ પણ લપસી પડ્યો હતો. બોદાની વિચારધારા આગળ ચાલી. મંજી સાથે નાતો બાંધ્યો એમાં કંઈ છળકપટ નથી કર્યું. મેં એને લલચાવી નથી. ફોસલાવી નથી. બળજબરી કરી નથી. એક બીજાના મન માન્યા, લાગણીએ લેવાણા અને સંબંધે બંધાણા આમાં શું પાપ અને ક્યાં અધર્મ આવ્યો એ મને સમજાતું નથી. પરંતુ મહારાજે એને વભિચાર કીધો ને મોટું પાપ કીધું તો એ સાચું જ હોય. મારે હવે આવું પાપ નથી કરવું. આપણે જાગ્યા ત્યારથી સવાર ! ભગવાન પાસે ભૂલ કબૂલી લઈએ. તે કહે તે પ્રાસિત કરી લઈએ. પણ આ બધું છાન્ત રીતે પતી જાય તો સારું ! ગામમાં આપણી આબરૂ તો જળવાઈ રહે ! પણ આ ગુનો મહારાજ પાસે કબૂલ કઈ રીતે કરવો ? મારા અને મંજુના સંબંધની ગામમાં કોઈને ખબર નથી. મહારાજ એવું પ્રાસિત આપે કે છાનું માનું કરી લઉં ! સત્સંગમાં ટકી રહું. આબરૂ પણ બચી જાય. આવી વાત તો મહારાજ એકલા હોય ત્યારે જ થાય. લાગ ગોતીને મહારાજ પાસે જાઉં તો ખરો, પણ વાત કરવાની હિંમત નથી. મહારાજ ધમકાવીને કાઢી મૂકે તો ? એ મૂંઝાયો. બેચેની વધી ગઈ. આખી રાત ઊંઘ ન આવી. મહારાજને વાત કરવી છે. ગુનો કબૂલ કરવો છે. માફી માગવી છે. છાનું છાનું પ્રાયશ્ચિત કરવું છે અને આબરું પણ જાવા નથી દેવી. આ બધું કેમ થાય ? કેવી રીતે થાય ? ભાંગતી રાતે તેના મનમાં વીજળીનો ઝબકારો થયો. એક દૈવી પ્રેરણા થઈ. મુક્તાનંદ સ્વામી પાસે જાઉં ! જે બન્યું છે તે કહી દઉં ! સ્વામી ભારે દયાળુ છે, મમતાવાળા છે. ગુરુ રામાનંદજીના વખતની અમારી ઓળખાણ છે. એ જરૂર કંઈક રસ્તો સુઝાડશે.

તેને નક્કી કરી લીધું. મુક્તાનંદ સ્વામીને મળવું, બૂરા કામમાંથી જન્મેલ પશ્ચાતાપ બૂરી ઈચ્છાઓને હણી નાખે છે. હૃદયને શુદ્ધ કરી દે છે. એક સારા માનવીનું નિર્માણ એણે કરેલ ભૂલથી થતું હોય છે. બોદાનું મન હવે નિષ્કામી બનવા તરફ જઈ રહ્યું હતું. સવારમાં પૂજા પાઠથી પરવારી સ્વામી પાસે પહોંચી ગયો. પોતે જે કંઈ કર્યું હતું તે બધી વાત નિષ્કપટપણે સ્વામી આગળ કરી. પછી કહ્યું, સ્વામી ! આ બધું અજાણતામાં મારાથી થઈ ગયું છે. હું ગુનો કબુલ કરું છું. પ્રાસિત કરવા પણ તૈયાર છું. પણ તમે મારા વતી મહારાજને કહો અને અરજ કરો કે તે મારું એક વે'ણ રાખે. ગામમાં મારી વાત જાહેર ન કરે. છાનું પ્રાસિત આપે. મારી આબરુ બચાવી લે.

મુક્તાનંદ સ્વામીએ કહ્યું, બોદા ભગત ! બીજી સ્ત્રી સાથે પત્ની જેવો સંબંધ રાખવો તે વ્યભિચાર છે. શાસ્ત્ર નિંદિત છે. અવૈદ્ય સંબંધ પાશવી વૃત્તિને ઉત્તેજન આપે છે. શાસ્ત્રોએ બાંધેલ મર્યાદાનું ઉલ્લંઘન વિનાશ તરફ લઈ જાય છે. હશે, ચાલો. મહારાજશ્રીને મળીએ. મહાપ્રભુ તો કોઈના દોષ સામે જોતા નથી. પોતાના બિરદ સામે જુએ છે.

હે મહારાજ ! એક વાત કરવા આવ્યો છું.

શી વાત છે ? શ્રીહરિએ સ્વભાવિક જિજ્ઞાસા દર્શાવી.

સ્વામીએ કહ્યું, અહીંના એક પ્રતિષ્ઠિત ભક્ત છે. ગુરુ રામાનંદજીના શિષ્ય છે. તેમને કોઈ સ્ત્રી સાથે સંબંધ હતો. પણ હવે પસ્તાય છે. ગુનો કબુલ કરે છે. પરંતુ આપની પાસે આવતા સંકોચ થાય છે. આપ કહો તે પ્રમાણે પ્રાયશ્ચિત કરવા તૈયાર છે. પરંતુ તેઓ ઈચ્છે છે કે ગામલોકોને આ વાતની ખબર ન હોવાથી આપ ગુપ્ત રીતે પ્રાયશ્ચિત આપો અને તે છાનું છાનું કરી લે જેથી ગામમાં તેમની આબરૂ સચવાઈ રહે. આપને યોગ્ય લાગે તો ભક્ત ઉપર કૃપાદ્રષ્ટિ કરો.

સ્વામી ! શ્રીહરિએ કહ્યું, લોકો છાનાં છાનાં પાપ કરે. છાનાં છાનાં પ્રાયશ્ચિત માગે. અને ગામમાં ઊંચા માથા લઈને ફરે. આજે એક આવ્યો. કાલે બીજો આવશે. આપણે શું ચલાવી લેવું ? કોઈ શાસ્ત્ર આવી વાતને પુષ્ટિ આપે છે ખરું ? બોલો, તમે કહો તેમ કરીંએ.

ના મહારાજ, આપ સમર્થ છો. આપની જેમ ઈચ્છા હોય તેમ કરો. મુક્તમુનિએ કહ્યું.

રામાનંદ સ્વામીના પ્રતિષ્ઠિત શિષ્ય હોય કે બીજો ગમે તે હોય, જે પાપ કરે, વર્તમાનનો ભંગ કરે કે ધર્મની મર્યાદા તોડે તેને પ્રસિધ્ધ કરવો જ જોઈએ. જેથી બીજા એવું કરતા ડરે. જેને ખપ હોય તે અમે કહીએ તેમ કરે. ખપ ન હોય તે જતા રહે. આપણે શું લેવા દેવા ? કોણ છે એ રામાનંદ સ્વામીનો શિષ્ય ? બોલાવો તેને,

બોદા કમાનગર આવ્યા, હે હાથ

જોડી પગે લાગ્યા. શ્રીહરિ પાસે નત મસ્તકે ઉભા રહ્યા.

Hate sin, but never sinner. સત્પુરુષો કહે છે કે ધિક્કારપાત્ર પાપ છે. પાપી નહિ. પાપીને શરણે લઈ સન્માર્ગે વાળો. સ્વામિનારાયણ ભગવાન તેની સામે જોઈ રહ્યા. પછી બોલ્યા, ભગત ! તમારે માથે બે ગુના છે. તમે તમારા ગુરુનો પણ અપરાધ કર્યો છે. હવે તમારે તરત જ દોષથી મુક્ત થવું હોય, શુદ્ધ થવું હોય, સત્સંગમાં રહેવું હોય તો અમે કહીએ તેમ કરવા તૈયાર છો ?

હા, મહા પ્રભુ ! આપ જેમ કહો તેમ કરવા તૈયાર છું.

આ પહેરેલા કપડાં કાઢી નાખો.

ભગત બધા કપડા ઉતારી માત્ર એક પોતડી ભર ઉભા રહ્યા.

પોતડી પણ કાઢી નાખો.

પોતડી પણ કાઢી નાખી. તદ્દન નિર્વસ્ત્ર થઈને ઉભા રહ્યા.

હવે તમે ગામની શેરીએ શેરીએ સ્વામિનારાયણ સ્વામિનારાયણ એમ બોલતા બોલતા ફરીને મારી પાસે આવો.

બોદાને ક્ષણવાર તો સંકોચ થયો. પણ એ ટક્યો નહિ. અંતરથી ખૂમારી પ્રગટી. આમ કરતાંય ભગવાન રાજી થતા હોય તો ગામ લોક જખ મારે છે. ગામ આખામાં ફરીને મહારાજ પાસે આવી ઉભો રહ્યો.

વિશ્વાધાર વહાલપની વાણી બોલ્યા, હવે કપડાં પહેરી લો. તમે અમારા કહ્યા પ્રમાણે કરી દેખાડ્યું માટે તમે દોષ મુક્ત છો. વળી ભવિષ્યમાં જ્યાં જ્યાં જન્મ ધરશો ત્યાં અન્નવસ્ત્ર વિના કદિ નહિ રહો.

બોદા પ્રત્યે મહાપ્રભુ ફૂલથી યે કોમળ બન્યા હતા.

એનો બીજો ગુનો શું હતો ?

સરધારમાં એકવાર કોઈ વ્યક્તિને મરડો થઈ ગયો હતો. એની શું દવા કરવી તે રામાનંદ સ્વામીને પૂછયું. સ્વામીએ કહ્યું, એને પાસેર મીઠાનું પાણી પાઈ દો. મટી જશે. મીઠાનું પાણી પાયું અને મરડો ખરેખર મટી ગયો. માણસ સાજો સારો થઈ ગયો. આ વાત બોદાએ નજરમાં રાખેલી. કેટલોક સમય ગયા પછી તે ગામમાં બીજા કોઈને ઝાડા થઈ ગયા. એ વખતે સ્વામીની હાજરી નહિ. તેથી બોદા ભક્તે એ જ ઉપાય બતાવ્યો. અને કહ્યું, દરદીને પાશેર મીઠાનું પાણી પીવડાવી દો એટલે સારું થઈ જશે.

એક-બે જણાએ ના પાડી. મીઠાનું પાણી મરડાવાળાને કદિ ન અપાય. વિપરીત અસર કરે. બોદા ભક્ત બળમાં બોલ્યા કે તમે શું સમજો ? રામાનંદ સ્વામીએ જ એક ભાઈને મરડા ઉપર આ દવા બતાવી હતી. મારી નજરે જોયેલું છે.

અને દરદીને મીઠાનું પાણી પીવડાવવામાં આવ્યું. ગણતરીના કલાકોમાં દરદીએ સ્વર્ગની વાટ પકડી લીધી. ગ્રામજનોએ બોદા ઉપર ફિટકાર વરસાવ્યો. આ પ્રસંગથી બોદાને સ્વામીનો અવગુણ આવ્યો હતો. એ પછી શ્રીજી મહારાજના દર્શનથી, સંતોના સમાગમથી અને રામાનંદ સ્વામીની મહિમા યુક્ત વાતો સાંભળવાથી અવગુણ ધીરે ધીરે ઓછો થઈ ગયો હતો.

બોદા કમાનગર શ્રીહરિના પ્રતાપે ત્યાંના દરબારના કારભારી બન્યા હતા.

શ્રી નરનારાયણદેવ ધાર્મિક પરીક્ષા અંગે

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી શ્રી સ્વામિનારાયણ મંદિર અમદાવાદ દ્વારા શ્રી નરનારાયણદેવ ધાર્મિક શિક્ષણ વિભાગની પરીક્ષા આગામી ડિસેમ્બર માસમાં **તા. ૧૭-૧૨-૨૦૦૬ના રવિવારના** રોજ જે તે કેન્દ્ર પરથી લેવામાં આવશે. જેથી દરેક કેન્દ્ર સંચાલકોએ પોતાના ગામ, શહેર, પરા વિસ્તાર અને હરિમંદિરોમાં ચાલતા ધાર્મિક પરીક્ષાનું લીસ્ટ તૈયાર કરી અત્રે વહેલાસર મોકલી આપવું. જ્યાં કેન્દ્ર ન હોય ત્યાં નવા કેન્દ્ર સ્થાપવા હરિભક્તોને ખાસ ભલામણ છે. નવા કેન્દ્ર ચાલુ કરનારને ધાર્મિક પરીક્ષાનો સેટ ભાગ ૧ થી ૫ આપવામાં આવશે.

શ્રી નરનારાયણદેવ ધાર્મિક શિક્ષણ વિભાગ

સંચાલકશ્રી, શ્રી સ્વામિનારાયણ મંદિર,
અમદાવાદ.

સમય : સવારે ૮-૦૦ થી ૧૦-૦૦

સંપ્રદાયનું ગૌરવ

આપણા પ.ભ. ડૉ. મયુરભાઈ રમણભાઈ (ઉનાવાવાળા)ના ચિ. કુશ ચાલુ વર્ષે લેવાયેલ એસ.એસ.સી. બોર્ડમાં ૯૪.૧૪ ટકાએ ઉર્તિણ થયા છે. તેઓએ ગણિત અને શા. શિક્ષણમાં ૧૦૦ માંથી ૧૦૦ ગુણ મેળવ્યા છે. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તેમની ઉત્તરોત્તર પ્રગતિ થાય તેવા આશીર્વાદ પાઠવે છે.

શિક્ષણ ની દ્રષ્ટિએ સારી શિક્ષણ સંસ્થા

- નવીન. સી. ઠક્કર (અમદાવાદ)

શિક્ષણ નો મુખ્ય ધ્યેય બાળકો નો સર્વાગી વિકાસ સાધવાનું છે. શિક્ષણ પ્રક્રિયા ના ત્રણ પાસા છે. શિક્ષક, વિદ્યાર્થી અને શિક્ષણ પધ્ધતિ. આ ત્રણે નો સુભગ સમન્વય થાય ત્યારે જ શિક્ષણ અસરકારક બને છે. મનોવિજ્ઞાન માં શિક્ષણ માટે ઘણા પ્રાયોગિક સંશોધનો થયા છે. વિદ્યાર્થીઓને ભણાવવાની સારી રીતો, સારા શિક્ષક ના લક્ષણો, વિદ્યાર્થી- શિક્ષક સંબંધો વિશે શૈક્ષિણીક મનોવિજ્ઞાન સારુ માર્ગદર્શન પુરુ પાડે છે. શિક્ષણની પ્રક્રિયા સંપૂર્ણ વૈજ્ઞાનિક બને તે આવશ્યક છે. શિક્ષણ પ્રક્રિયા ના મનોવિજ્ઞાન ની દ્રષ્ટિએ શીખવાની ક્રિયાને ફળદાયી બનાવવા માટે કેટલાક સૂચનો આ પ્રમાણે છે.

પહેલું સૂચન : પરિપક્વતાનું છે. પરિપક્વતા અને શિક્ષણ ને ઘનિષ્ઠ સંબધ છે. જુદી જુદી ઉંમરે બાળકો ચોક્કસ પ્રકાર ના કાર્યો શીખી શકે છે. બાળકો પરિપક્વ બને ત્યારે જ તેમને શિક્ષણ આપવુ જોઈએ. તેમનો પૂરતો શારીરિક અને માનસિક વિકાસ થયો ન હોય અને તેમને કંઈક નવું શીખવવાનો પ્રયાસ કરવામા આવે તો શિક્ષણ નિષ્ફળ જાય છે. પરિપક્વતા પહેલા બાળકને શિક્ષણ આપવામા આવે તો તેમા નિષ્ફળતા પ્રાપ્ત થાય છે. તેથી બાળકની ભાવાત્મક સ્વસ્થતા પર અસર થાય છે.

બીજું સૂચન : અભ્યાસક્રમનું આયોજન છે. અસરકારક શિક્ષણ માટે પધ્ધતિસરના અભ્યાસક્રમનું આયોજન થવુ જોઈએ. ચોક્કસ પ્રકારનું સમયપત્રક બનાવવુ જરુરી છે. તેનાથી શું શીખવાનુ છે તેનો સ્પષ્ટ ખ્યાલ આવે છે. વિદ્યાર્થીઓની પરિપક્વતા પ્રમાણે અભ્યાસક્રમનુ આયોજન કરવુ જોઈએ.ઔપચારિક શિક્ષણ માટે અભ્યાસક્રમનું આયોજન આવશ્યક છે. કેટલીકવાર અભ્યાસક્રમ શીખવાની પધ્ધતિ મનોવૈજ્ઞાનિક દ્રષ્ટિએ યોગ્ય હોતી નથી. વળી કેટલીકવાર અભ્યાસક્રમ અધરો પણ હોય છે. બી.એડ ના વિદ્યાર્થીઓ જયારે કોઈ શાળામાં પાઠ આપવા જાય ત્યારે આયોજન કરી ને જાય છે.

ત્રીજું સૂચન : અભ્યાસક્રમ માટે પ્રેરણાનું છે. શિક્ષણ અને પ્રેરણા ને ખાસ સંબંધ છે. શિક્ષણ સંસ્થા એ વિદ્યાર્થીઓને અસરકારક શિક્ષણ આપવા માટે યોગ્ય પ્રેરણા અને પ્રલોભનો પૂરા પાડવા જોઈએ. પ્રાયોગિક સંશોધન થી પૂરવાર થયુ છે કે પ્રેરણાથી શિક્ષણ ઝડપી બને છે. જો શિક્ષણમાં બાળક ને સમાજ, કુટુંબ અને શિક્ષણ સંસ્થા તરફથી પ્રોત્સાહન મળતુ હોય તેમજ તેના કાર્યની પ્રશંસા થતી હોય તો બાળક શીખવા માટે પ્રેરાય છે. બાળક સ્વાભાવિક રીતે અભ્યાસમાં રુચિ કેળવે. શાળામાં થતી વક્તૃત્વસ્પર્ધા, ચિત્રસ્પર્ધા, દોડસ્પર્ધા, વોલીબોલ સ્પર્ધા, ચેસ સ્પર્ધા, એક પાત્રી અભિનય વગેરેથી તેને પ્રોત્સાહન મળે છે.

ચોથું સૂચન : બદલો અને સજા. આ બે પરિબળો પણ શિક્ષણ પર અસર કરે છે. અભ્યાસમાં સફળતા કે નિષ્ફળતા માટે કુટુંબ કે શિક્ષક તરફ થી બદલો અથવા શિક્ષા મળતા રહે છે. શાળામાં સફળતા બદલ પ્રશંસા, પ્રતિષ્ઠા, શાબાશી, ચંદ્રક, ઈનામ મળતા રહે છે. તેનાથી વિદ્યાર્થી ના અહં ને સંતોષ થાય છે. અભ્યાસમાં નિષ્ફળતા બદલ બહિષ્કાર, ટીકા, ઠપકો, શારીરિક શિક્ષા કે સજા વગેરે નો ઉપયોગ કરવામાં આવે છે. બદલા અને શિક્ષાની અસર નો અભ્યાસ કરવા માટે પ્રાણીઓ, બાળકો અને પુખ્તવયના લોકો પર પ્રાયોગિક અભ્યાસો પણ થયા છે. શિક્ષા કે સજાની લાંબે ગાળે તેની વિપરિત અસર થાય છે. બદલો પ્રોત્સાહક તરીકે કામ કરે છે અને તેનાથી શિક્ષણની ઝડપ વધે છે. હળવી શિક્ષા કે ઠપકાથી શિક્ષણ અસરકારક બની શકે પરંતુ કઠોર સજા થી બાળક ના માનસ અને વ્યકિત્વ પર માઠી અસર પડે છે. કેટલીકવાર શિક્ષા ને લીધે બાળક આક્રમક બને છે કે બીકણ બને છે. તેનામાં નિષેધક મનોવલણ ઉત્પન્ન થાય છે. બદલો અને હળવી શિક્ષાનો પ્રમાણસર ઉપયોગ કરવામાં આવે તો શિક્ષણ અસરકારક બને છે.

પાંચમું સૂચન : પરિણામનું જ્ઞાન છે. વિદ્યાર્થીએ પ્રાપ્ત કરેલા શિક્ષણની તેને જાણકારી હોવી જોઈએ. અભ્યાસ ના વિષયો ની જુદીજુદી કસોટીઓ દ્વારા

તેમનું મૂલ્યાકન કરીને તેમને મેળવેલ પરિણામની જાણકારી આપવી જોઈએ. આના પરથી તેણે શિક્ષણમા કેટલી પ્રગતિ કરી છે અને ક્યાં ક્યાં ભૂલો કરી છે તેનો ખ્યાલ આવે છે. પરિણામ જાણી ફરીવાર તે વધુ મહેનત કરે છે. અને આથી તેનુ શિક્ષણ કાર્યક્ષમ બને છે. તેથી સમયાંતરે પ્રથમ,દ્રિતીય અને તૃતીય પરીક્ષાઓ લેવામાં આવે છે. પ્રિલિમનરી પરીક્ષાઓ અમુક ધોરણોમાં લેવામાં આવે છે. અને પછી અંતે વાર્ષિક કે બોર્ડની પરીક્ષા લેવામાં આવે છે. કેટલાંક ધોરણોમાં રી ટેસ્ટ પણ લેવામાં આવે છે. કૃપાગુણ પણ આપવામાં આવે છે.

છઠ્ઠું સૂચન : સિધ્ધિ અને શક્તિ વચ્ચેનાં ભેદનું છે. વિદ્યાર્થીઓની શક્તિઓ અને સિધ્ધિઓ વચ્ચેનો ભેદ જાણવો જરુરી છે. વિદ્યાર્થીએ જે સિધ્ધિ મેળવી હોય તેના માનસિક સાર નો ખ્યાલ આવે છે. દા.ત. ત્રીજા ધોરણમાં ત્રીસ ટકા લાવનાર વિદ્યાર્થીઓ ચોથા ધોરણમાં એટલાજ ટકા લાવે છે. અપવાદ જુદી બાબત છે. પાંચમાં ધોરણમાં અભ્યાસ કરતો વિદ્યાર્થી વાર્ષિક પરીક્ષામાં જેટલા ટકા ગુણ લાવે છે લગભગ તેટલા જ ગુણ ટકા દસમાં ધોરણ સુધી લાવે છે. મોટાભાગના વિદ્યાર્થીઓ પાંચમાં ધોરણ થી આગળ જ્યાં સુધી ભણે ત્યાં સુધી ઉપ ટકા લાવી ને પાસ થઈ જાય છે. થોડાક વિદ્યાર્થીઓ દ્વિતીય વર્ગ લાવી શકે છે. અને બહુ થોડા જ વિદ્યાર્થીઓ પ્રથમ વર્ગમાં પાસ થઈ શકે છે.

સાતમું સૂચન : આંતરસૂઝનું મહત્વ. શિક્ષણમાં મહાવરો કરતાં સમજ શક્તિનું મહત્વ વધુ છે. સમજ્યા વિના માત્ર ગોખવું તે શિક્ષણ ની દ્રષ્ટિ એ ફાયદાકારક નથી. તેથી વિદ્યાર્થીઓ વિષયનું અર્થ પૂર્ણ જ્ઞાન પ્રાપ્ત કરે, સમજી ને પ્રાપ્ત કરે તે બાબત પર ભાર મુકવો જોઈએ. સમજ્યા બાદ પરીક્ષાલક્ષી તૈયારી કરે ત્યારે વિદ્યાર્થી પુનરાવર્તન કરી ને જવાબો મોઢે કરે તે પણ જરુરી છે. આઠમાં ધોરણના વિદ્યાર્થી ને બારમાં ધોરણનો જવાબ સમજ્યા વગર ગોખાવીએ તો ગોખી શકાશે પણ તેનું નામ શિક્ષણ નથી. કેહલરે આંતરસૂઝ અંગે ચિમ્પાંનઝી વાનરો પર પ્રયોગો કરેલા છે. તેને તેમાં જણાવ્યું હતું કે ચિમ્પાન્ઝી વાનરોમાં આંતરસૂઝ હોય છે. તે માત્ર પ્રયત્ન અને ભૂલ ની યંત્રવત પધ્ધતિથી શીખતા નથી.

આઠમું સૂચન : ઝડપી અને કાર્યક્ષમ વાંચન છે. વાંચન એ શિક્ષણ અને અભ્યાસનું અગત્યનું પાસું છે. સમ્રગ શિક્ષણમાં વાંચન એ પ્રધાન બાબત છે. ઘણા વિદ્યાર્થીઓને ધીમે થી વાંચવાની ટેવ પડી ગઈ હોય છે. ધીમા વાંચન થી વાચનની કાર્યક્ષમતા ઘટે છે. તાલીમ અને માર્ગદર્શનથી વાંચન અભ્યાસ ની ઝડપ વધારી શકાય છે. તાલીમ થી વાચનને અર્થપૂર્ણ અને કૃશાગ્ર બનાવી શકાય છે. અમેરિકામાં વાંચન ને કાર્યક્ષમ બનાવવા માટેના કેન્દ્રોમાં યાંત્રિક સાધનનો ઉપયોગ થાય છે.

નવમું સૂચન : એ છે કે પાઠયપુસ્તકો કરતા કેટલીકવાર અનુભવનું મહત્વ વધી જાય છે. ઉત્તમ શાળા, કોલેજ કે યુનિવર્સિટીમાં પાઠ્યપુસ્તકો કરતા અન્ય સહાયક સાધનનો ઉપયોગ થાય છે. રસપ્રદ વાચન સામ્રગીઓ, પર્યટનો, નકશાઓ, ફિલ્મો (ડોક્યુમેન્ટરી) વગેરે દ્વારા શિક્ષણ આપવાથી તે અસરકારક બને છે. પાઠયપુસ્તકો દ્વારા વિદ્યાર્થીઓને પોપટીયું જ્ઞાન વિકાસ પામે છે. વિદ્યાર્થીઓ વિવિધ વિષયોનો અભ્યાસ કરે છે. અને તે બાબતમાં પ્રત્યક્ષ અનુભવ મેળવે તે આવશ્યક છે. મોટાભાગ ના શહેરી વિદ્યાર્થીઓ એ ગામડાં જોયા હોતા નથી. ઘઉં ના ખેતરો, ખાંણો, તેલના કુવાઓ, કોષ,બળદગાડું, સ્વચ્છ હવા, ખેતરો, ચોખ્ખુ દૂધ, વૃક્ષ, સાદું જીવન, તહેવારો સાદાઈથી ઉજવવા, સવારે વહેલા ઉઠવું વગેરેનો અનુભવ કર્યો હોતો નથી. માત્ર પુસ્તકોના આધારે જ્ઞાન મળે છે તે પુરતું નથી. માટે બને ત્યાં સુધી તેણે મેળવેલ જ્ઞાન નો ઉપયોગ કરવાથી, પ્રત્યક્ષ અનુભવ કરવાથી તેનું જ્ઞાન વધુ અસરકારક થાય છે. તેના જ્ઞાન ને ટેકો મળે છે. શિક્ષણ ની દ્રષ્ટિએ સારી શિક્ષણ સંસ્થાઓ માટે ના ઉપરોક્ત સૂચનો છે.

નારાયણઘાટ મંદિરમાં દિવ્ય કલાત્મક હીંડોળા દર્શન

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી નારાયણઘાટ શ્રી સ્વામિનારાયણ મંદિરમાં આપણા ભાવિ આચાર્ય પ.પૂ. લાલજી મહારાજશ્રી ૧૦૮ શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના વરદ્ હસ્તે તા. ૧૬-૭-૨૦૦૬ ને રવિવારના સવારે ૯-૩૦ કલાકે ઠાકોરજી સમક્ષ કલાત્મક હીંડોળા અને ભોજનાલયનું ઉદ્ઘાટન ધામધુમથી સંપન્ન થશે.

આ પ્રસંગના ઉપલક્ષમાં નીચે મુજબ કાર્યક્રમ થશે.

કીર્તન ભક્તિ :

સવારે ૮-૦૦ થી ૮-૩૦

કથાવાર્તા :

સવારે ૮-૩૦ થી ૯-૩૦

વક્તા : પૂજ્ય પી.પી. સ્વામી

જેતલપુર

સત્સંગ ભાવવાટિકા

સંપાદક : શાસ્ત્રી હરિકેશવદાસજી (ગાંધીનગર)

બરફમાં આગ લાગે ?

- શાસ્ત્રી હરિસ્વામી (ગાંધીનગર)

રૂપિયાથી સારો કિંમતી પલંગ ખરીદી શકાય છે, પણ ઉંઘ ખરીદી શકાતી નથી.

રૂપિયાથી ભોજન ખરીદી શકાય છે, પણ ભૂખ ખરીદી શકાતી નથી.

રૂપિયાથી મોટી હવેલી ખરીદી શકાય છે, પણ સુખ ખરીદી શકાતું નથી.

સુખ તો સમજણમાં છે અને એ સંતો પાસેથી આપણને શીખવા મળે છે.

દા.ત. : મુક્તાનંદ સ્વામીને મારવા માટે અસુરો મોટા ભાલાં અને ત્રિશુલો લઈને આવેલા. ક્રોધાવેશમાં આવીને બોલવા લાગ્યા કે ક્યાં છે મુક્તાનંદ ! પરંતુ શાંતમૂર્તિ એવા મુક્તાનંદ સ્વામીએ શીતળ વાણીથી સૌને શાંત પાડી દીધા. કોઈ કશું જ કરી શક્યા નહીં. મિત્રો ! એવું જ એક બીજું ઉદાહરણ જોઈએ.

મહારાષ્ટ્રમાં એક મહાત્મા થઈ ગયા. બહુ જાણીતા મહાત્મા. તેમનું નામ તુકારામ - તેમણે ઘણા કાવ્યોની રચના કરી છે. મરાઠી ભાષામાં તેને "અભંગ" કહે છે. ભક્તાત્મા હતા - બહુ જ ઉદાર દિલના - ખુશ દિલના હતા તેથી સદાય આનંદમાં અને ખુશમાં રહે. પરંતુ તેમનાં ઘરવાળાં જરા જુદી જ પ્રકૃતિના હતાં. એક ઉત્તરધ્રુવ અને બીજા દક્ષિણ ધ્રુવ હો - સાવ સામો છેડો ! આટલો બધો બંનેની પ્રકૃતિમાં ફેર. પણ તુકારામજી સહન કરતા. એટલે ગાડુ ગબડે જતું. વાંધો ના આવતો.

એક દિવસે તુકારામજી ક્યાંક બહાર ગયેલા. ઘેર આવતાં જરા મોડું થયું એટલે ઘરવાળાં ઘરની બહાર આવ્યાં અને આમતેમ જોવા માંડ્યા કે ક્યાં ગયા હશે ? ત્યાં તો એક ખેડૂત શેરડીનું ગાડું ભરીને લઈ જતો હશે તેની નજર તુકારામજી ઉપર પડી. તેમને ખબર હતી કે આ તુકારામજી મોટા મહાત્મા છે. એટલે ગાડું ઉભું રાખ્યું. તેમના પગમાં પડ્યો. પછી ગાડામાંથી શેરડીનો એક આખો ભારો ઉપાડી અને તુકારામજીને આપ્યો. લ્યો, લઈ જાવ. તુકારામજીએ ભારો ઉપડાયો એ એમના ઘરવાળાંએ જોયું ને ખુશ થઈ ગયાં. હાશ ! એવી શાંતિથી મીઠી મીઠી શેરડી ખાશું. એ જમાનામાં માણસોના દાંત મજબૂત હતા. એ લોકો બરફ નાંખેલું શેરડીનું પાણી પીવા જતા નહોતા. જાતે ચુસી ખાતા. એમનાં ઘરવાળા ખુશ થઈ ગયા કે; હાશ ! આખો ભારો શેરડીનો ઘેર આવ્યો છે. પણ, તુકારામ કોનું નામ ! ભારો ઉપાડી તુકારામજી ચાલ્યા આવતા હતા. ત્યારે રસ્તામાં છોકરાઓ રમતાં હતા. કૂદાકૂદ ને હુકાહુક કરતાં હતાં. રમતાં છોકરાને જોઈ તુકારામે ભારામાંથી એક સાંઠો એક છોકરાને આપ્યો. ત્યાં તો બીજો છોકરો આવ્યો. મને..... મને..... મને..... આપો. મહાત્માજી મને, આ લે તું ખા. ઘરવાળાં ઉભાં ઉભાં આ જોતા હતા. અને આકુળ વ્યાકુળ થતાં હતા. દૂધ ઉકાળવું હોય ને તો નીચે તાપ કરવો પડે પણ માણસના મગજને ઉકાળવું હોય ને તો તાપ નથી કરવો પડતો. અને ઘરવાળાનું મગજ ઉકળવા માંડ્યું. છોકરાઓને શેરડી વેચતા વેચતા ઘર સુધી આવ્યા ત્યારે એક સાંઠો રહ્યો. ઘરે આવીને તે સાંઠો ઘરવાળાનાં હાથમાં આપ્યો. લે આ તારા માટે એક બચ્યો છે. પણ ઘરવાળાનું મગજ ઉકળેલું હો ! વાત ના પૂછો ! અને એ સાંઠો હતો તે હાથમાં લીધો અને તુકારામજીના બરડા ઉપર ફટકાર્યો. ફડાક લઈને લગાવી દીધો. સાંઠો એવો માર્યો કે સાંઠાના બે ટૂકડા થઈ ગયા. કાંઈ ધીમેથી થોડો માર્યો હશે ! બરડામાં બરાબર જેવો સાંઠો પડ્યો છતાં તુકારામજી હસવા માંડ્યા. આવી પરિસ્થિતિમાં પણ જે હસી શકે એનું નામ જ મહાત્મા ! બીજો કોઈ હસી ન શકે. હસતાં હસતાં પાછા બોલ્યાં ઘરવાળા જોડે રીસ રાખે કાંઈ ચાલતું હશે. બોલવું જ પડે ને ! એટલે એમનાં ઘરવાળા જોડે હસતાં-હસતાં બોલ્યા કે "મને વિશ્વાસ જ હતો કે, આખો સાંઠો તું નહીં ખાય, અડધો મને આપવાની જ છે." બોલો આને કોણ ગરમ કરી શકે ? આવા હોય ને એજ મહાત્મા.

મિત્રો ! જેનું મન ઉકળે નહીં એનું નામ જ મહાત્મા. ધીરજની કસોટી હિમાલયમાં નથી થતી, ધીરજની કસોટી સમાજ વચ્ચે થાય છે. ગમે એવા વિપરિત સંજોગોમાં પણ જેનું મન બરફ જેવું હોય એટલે કે બરફમાં જેમ આગ

લાગતી નથી. તેમ જેનાં મનમાં ક્રોધની આગ લાગતી નથી. એનું નામ મહાપુરુષ, સ્વામિનારાયણ ભગવાનના પ્રતાપે પાંચસો પરમહંસ જેવા મહાપુરુષોએ આવા તો હજારો કિસ્સાઓમાં વિપરિત સંજોગમાં વિરોધી વાતાવરણમાં શાંતિ અને ધૈર્ય કેળવીને સ્વામિનારાયણ ભગવાનનો જયજયકાર કરાવ્યો છે. મિત્રો ! આપણે પણ એજ માર્ગના પ્રવાસી છીએ. અકારણ નાની-મોટી બાબતોમાં ગુસ્સામાં ઓતપ્રોત રહેવું એ આપણને શોભે ? ગાડીમાં જેટલી બ્રેક જરૂરી છે એટલી જ ગુસ્સા ઉપર બ્રેક જરૂરી છે. એવી બ્રેકના અભાવે ક્રોધને વશ થઈને સમાજમાં અનેકાનેક અનિષ્ઠો બને છે એ આપણે જાણીએ છીએ. માટે ઈષ્ટદેવનું બળ રાખીને, સંતોનો સત્સંગ રાખીને, શાસ્ત્રોનો અભ્યાસ રાખીને આવાં વિકારોને જીતવાથી ઘરમાં અને જીંદગીમાં સુખ-શાંતિ, પ્રેમ, સદ્‌ભાવ, સંપ રહે છે.

●


સદ્‌ગુણોને તાજા રાખવા શું કરવું ?

- સાધુ શ્રીરંગદાસ (ગાંધીનગર)

એક રાજા હતો. રાજા ખૂબ જ બુદ્ધિવાળો હતો. જોવા, જાણવા અને શીખવામાં તેને ખૂબ જ રસ હતો. કંઈ પણ બાબત હોય તરત જ પૂછે આવું શા માટે ? આવી બાબત કેમ કરીને સર્જાય ? આ રાજા સાધુ પુરૂષોનો પણ સંગ રાખતા. તેમને પોતાના જીવનમાં જીજ્ઞાસા વૃત્તિને કારણે ગુરુ પણ બનાવ્યા. ગુરુ જો જ્ઞાની મળી જાય તો બધા જ પ્રશ્નો સમી જાય. રાજા હોવા છતાં એટલું જરૂર સમજતા કે મનની કોઈપણ મુંઝવણ ગુરુને કહેવાથી તેનો ઉકેલ આવે છે. આ રાજા થોડા દિવસો રાજ્યની જવાબદારીમાં અટવાઈ પડયા. તેથી બહાર ક્યાંઈ જઈ ન શક્યા. રાજા થાય પછી જવાબદારી પણ વધે. જવાબદારીઓ બધી ધીમે ધીમે પૂર્ણ કરી. પછી વિચાર આવ્યો કે કેટલાય દિવસથી મેં કેરી ખાધી નથી. આ રાજાને કેરી બહુ ભાવતી તેથી સારી જાતની કેરીની પેટી મંગાવી રાખેલી તે સેવક પાસે મંગાવીને જ્યાં જોયું તો અતિશય દૂર્ગંધ આવે છે. આ શું થયું. (રાજાજી). નામદાર કેરીઓ સડી ગઈ છે. અરેરે આ કેરીઓ સડી કેમ ગઈ ? કાંઈ વાંધો નહિ. મારે ઘોડે સવારી કરવી છે. મારો ઘોડો લઈ આવો. રાજાને ઘોડેસવારીનો ખૂબ શોખ હતો. રાજ્યમાં મોટી ઘોડશાળ બનાવી હતી. અને સારા સારા જાતવાન ઘોડા રાખ્યા હતા. રાજા માટે ઘોડો લાવ્યા પણ રાજા ઘોડા પર બેસી જ્યાં ઘોડાને હંકારે છે. ત્યાં ઘોડો માંડ માંડ ચાલે છે. રાજા મુંઝાયો કે આતો સારામાં સારો જાતવાન ઘોડો છે પણ અત્યારે દોડતો કેમ નથી ! પરાણે ચાબુક મારીને રાજા જંગલમાં લઈ ગયો. ઘોડા પર ખૂબ ખીજાયો આ ઘોડું છે કે ટાયડું. દોડતું જ નથી. જ્યાં જંગલમાં પહોંચ્યા. પછી આ રાજાને જાતે રસોઈ બનાવવાનો શોખ હતો તેથી ક્યારેક જાતે રસોઈ બનાવે. જંગલમાં સીધું સામાન લઈ ગયેલા તેથી જાતે ભાખરી બનાવવાનું ચાલુ કર્યું. લોટ બાંધી ભાખરી બનાવી તાવડી ઉપર મૂકીને વાતો કરવા લાગ્યા. નીચે તાપ ચાલું હતો. થોડીવાર પછી જોયું તો ભાખરી દાઝી ગયેલી. રાજા વિચાર કરે છે. આ ભાખરી દાઝી કેમ ? હમણાંથી આવું શા માટે થાય છે ? કેરી સડી ગઈ, ઘોડું દોડતું નહોતું ! ભાખરી દાઝી ગઈ ! ચાલો ગુરુજી પાસે. ગુરુ પાસે આવી નમ્રતા પૂર્વક ગુરુને વંદન કર્યા. રાજા હોવા છતા આશ્રમમાં થોડી સેવા કરી. ત્યારબાદ ગુરુ પાસે બેસીને પ્રશ્ન પૂછે છે. પ્રશ્ન પૂછવાની આ એક પધ્ધતિ છે. પહેલા નમસ્કાર પછી સેવા પછી પરિપ્રશ્ન. રાજાએ કહ્યું, "મહાત્માજી ! મને જરા જોઈ આપો કે કોઈ ગ્રહ નડતા નથી ને !" મારા આ ત્રણ કાર્યમાંથી એકેયમાં મને સફળતા ન મળી એનું કારણ શું ? પછી મહાત્માજીએ રાજા પાસેથી બધી વિગત જાણીને કહ્યું કે જુંઓ રાજન આમાં કાંઈ ચિંતા જેવું નથી મુંઝાવા જેવું નથી. આ તો સ્પષ્ટ દેખાયને સમજાય તેવી વાત છે કે, તમે પેટી માં મૂકી રાખી તો પડી પડી કેરીઓ સડી અને જો ગમે તેવો જાતવાન ઘોડો હોય પણ તેને જો બાંધી રાખો ફેરવો નહિ તો તે પણ બગડે અને તાવડી પર મુકેલી ભાખરીને પણ જો ફેરવો નહીં તો તે પણ બળી જાય.

મિત્રો ! આ દૃષ્ટાંત આપણને એ શીખવાડે છે કે જીંદગીમાં સતત સાવધાની તો રાખવી જ પડે. સદ્‌ગુણોને સંસ્કારોને, સત્સંગને સેવાને તાજા રાખવા માટે તેનું જતન કરવું પડે. અરે ! સોનાનો દાગીનો હોય તેને પણ ધોવો પડતો હોય છે. એટલે જ સ્વામિનારાયણ ભગવાને શિક્ષાપત્રીમાં આજ્ઞા કરી કે "કાર્ય સંગોન્વહં સતામ્" નિત્ય પ્રત્યે સંત-સમાગમ કરવાથી સદ્‌ગુણો તાજા રહે છે. અને જીવાત્મા સુખને પામે છે.

??????????????પ્રશ્નપેટી??????????????



સાધુ ભક્તિનંદનદાસ ગુરુ શા. સ્વા. પુરુષોત્તમપ્રકાશદાસજી
(સ્વામિનારાયણ મંદિર જેતલપુર)

પ્રશ્ન : ૧ द्रव्यस्थायो भवेद्यावान व्यचो वा व्यावहारिके ।
तौ संस्कमृत्य स्वयं लेख्यौ स्स्वक्षरेः प्रतिवासरम् ॥ આ શિક્ષાપત્રીનો ક્યો શ્લોક છે ?

પ્રશ્ન : ૨ ભગવાનને પ્રસન્ન રાખવા માટે ક્યા ચાર સાધનોનો કાયમને માટે ખ્યાલ રાખવો ?

પ્રશ્ન : ૩ સ્વામિનારાયણ ભગવાને બ્રહ્માનંદ સ્વામીને એકવાર પોતાની ઘોતલી આપી હતી તે ઘોતલી ક્યા ગામના ભક્તે બનાવી ને પ્રભુને આપી હતી ?

પ્રશ્ન : ૪ સહજાનંદ સ્વામીએ અમદાવાદમાં જ્યારે પ્રથમ વખત મંદિર કરવાનો સંકલ્પ કર્યો ત્યારે કેટલા વર્ષના પટ્ટા પર જમીન મળી હતી ? અને તે જમીન કાયમ માટે લેવા બ્રહ્માનંદ સ્વામીને કાર્ય સોંપ્યું તેમણે તે વખતના ક્યા અંગ્રેજ અમલદારને ક્યા કાવ્યની ચાર કડી સંભળાવી હતી જેથી અંગ્રેજ અમલદાર ખુશ થઈ ગયા હતા ?

પ્રશ્ન : ૫ સ્વામિનારાયણ ભગવાને મોક્ષધર્મનું પુસ્તક મંગાવી સાંખ્ય અનો યોગના બે અધ્યાયની કથાનો ક્યા સ્વામી પાસે આરંભ કરાવ્યો હતો.

પ્રશ્ન : ૬ પ્રાંતિજ સ્વામિનારાયણ મંદિરની પ્રતિષ્ઠા ક્યા આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે થઈ હતી ?

પ્રશ્ન : ૭ શ્રીહરિલીલા સુધાકર નામના ગ્રંથની રચના ક્યા સ્વામીએ કરી હતી ?

મે-૨૦૦૬ માસના પ્રશ્નપેટીના સાચા ઉત્તરો અને સાચા ઉત્તરો આપનારના નામ

(૧) વિસનગરા નાગર બ્રાહ્મણ હતા. તે પાક-શાસ્ત્રમાં અત્યંત કુશળ હતા.
(૨) ધરમપુર ગામ કે જ્યાનાં રાણી કુશળકુંવરબાને પરમચૈતન્યાનંદ સ્વામીએ સત્સંગ કરાવેલ.
(૩) રાજસ્થાનના મોરસમ ગામમાં જન્મેલા, તેમને સુખાનંદ સ્વામીના સંગમાં આવવાથી સત્સંગ થયો હતો.
(૪) આ પ્રશ્ન શ્રીજી મહારાજે વાણાક દેશનાં ખોભળિયા ગામમાં આહિર "પટેલ સામત"ને કહ્યો છે.
(૫) સ.ગુ. બ્રહ્માનંદ સ્વામીના શિષ્ય હતા.
(૬) આ પદના રચયિતા બ્રહ્માનંદ સ્વામી હતા.
(૭) મા રાધીકાજીનો જન્મ ભાદરવા સુદી અષ્ટમીને દિવસે ભ્રખુભાણ - કલાવતીને ત્યાં બરસાના ગામમાં થયો હતો.

૧. કાત્રોડીયા ઉર્મિલાબેન નવિનચંદ્ર (રાજકોટ)
૨. સવિતાબેન કાંતિભાઈ પટેલ (વિરાટનગર-ઓઢવ)
૩. ગોરધનભાઈ શંકરભાઈ પટેલ (સોજા)
૪. સોની ભગવાનદાસ વેલજીભાઈ (મોરબી)
૫. માધવજી હરજી આદ્રોજા (મોરબી)
૬. શ્રી સ્વામિનારાયણ મંદિર બહેનોનું (મોખાસણ)
૭. ગીતાબેન રમેશભાઈ શિંગાળા (બાપુનગર)
૮. કાછડીયા રાધિકા બાબુભાઈ
૯. શ્રી સ્વામિનારાયણ મંદિરના હરિભક્તો (બાપુનગર)
૧૦. કૈલાશબેન વિષ્ણુભાઈ પટેલ (નાંદોલ)
૧૧. સાકરબેન નટવરભાઈ પટેલ (નાંદોલ)
૧૨. શારદાબેન કાંતિભાઈ પટેલ (નાંદોલ)
૧૩. અંજનાબેન મનુભાઈ પટેલ (નાંદોલ)
૧૪. કોકીલાબેન નટવરભાઈ પટેલ (નાંદોલ)
૧૫. કંચનબેન, નિલેષ, શૈલેષ (રતનપર-મૂળી)

નોંધ : પ્રશ્ન પેટીના જવાબો દર માસની તા. ૨૨ સુધીમાં મોકલી આપવા. ત્યારબાદ આવેલ જવાબોના નામ લખવામાં આવશે નહીં. તેની નોંધ લેવી.

।। ભક્તિસુધા ।।

ભગવાન જેવા છે તેવા ઓળખવા

-રમીલાબેન કે. મોદી (હિંમતનગર)

અરોડા ગામમાં પ.પૂ.અ.સૌ. ગાદીવાળાંશ્રીએ પધારીને સૌને અલૌકિક દર્શન તથા ગુરુમંત્રનો લાભ આપ્યો. ત્યારબાદ પ.પૂ. લાલજી મહારાજે આશીર્વાદ આપતા કહ્યું કે એક વખત મહારાજ અને સંતો ની સભા બેઠી હતી. મહારાજે સચ્ચિદાનંદ સ્વામી ને કહ્યું કે મુકતાનંદ સ્વામી ને મારી જેમ સેવો અને આરતી ઉતારો.દરેક સંતોએ ના પાડી. મહારાજે સચ્ચિદાનંદ સ્વામી ને વિમુખ કર્યા. ને વારાફરતી બધા સંતો ને વિમુખ કર્યા. બધા સંતો સચ્ચિદાનંદ સ્વામી ના ભેગા જઈ બેઠા પંણ મુકતાનંદ સ્વામીને સેવ્યા નહિ. પછી મહારાજ અને મુકતાનંદ સ્વામી બંને એ અંદરો અંદર ચર્ચા કરી કે આપણે શું કરીશું, તો મહારાજ કહે આપણે પણ તેમના ભેગા બેસી જઈએ. એમ ભગવાને બધા સંતોની પરીક્ષા કરી. ગમે તેમ કોઈને માથું નમાય નહિ.

શિક્ષાપત્રી શ્લોક ૭૪ "પૂર્વે થયા જે મોટા પુરુષ તેમણે અધર્માચરણ કર્યુ હોય તો તેનુ આચરણ કરવું નહીં અને તેમણે ધર્માચરણ કર્યુ હોય તો તેનું ગ્રહણ કરવું." અનુસંધાને સુંદર ઉપદેશ આપ્યો.

ભક્તિમાતા ઘનશ્યામ મહારાજ ને કહે છે જગત ના કલ્યાણ માટે સાક્ષાત્ પરમાત્મા મારે ત્યાં પુત્ર રૂપે પ્રગટયા છો. હે પ્રભુ અહંતા અને મમતા દૂર થાય તથા તમારી માયા ના બંધનો છૂટી જાય એવો મને ઉપદેશ આપો.

ભગવાન કહે છે હે 'મા' મારી માયા તરવી બહુ કઠીન છે. જે ભકતજન સંતો નો સત્સંગ કરી મારી ભકિત કરે છે એજ મારી માયા ને તરે છે. સંતો નો સમાગમ કરી ને ધર્મ,જ્ઞાન,વૈરાગ્ય, ની સાથે જે ભકિત કરે છે એજ મારી માયા ને તરી જાય છે. એ સિવાય માયા તરવી બહુ કઠીન છે. સર્વ જીવો ને પરમાત્માનો ઉપદેશ આપવામા કુશળ હોય, શાસ્ત્રોનો અભ્યાસી હોય, પરમાત્માની વાત કરવામાં જેને અત્યંત પ્રેમ હોય અને પ્રભુના ધ્યાન પરાયણ હોય આવા લક્ષણવાળા મહાત્માઓ તેના પ્રસંગ થી ભગવાન ને વિષે પ્રીતિ થાય છે. પ્રભુ નો મહિમા સમજાય છે. આવા સંતો નો જેને ભેટો થયો હોય એમના માટે મોક્ષનું દ્વાર ઉઘડી જાય છે.

ઈશ્વર પણ જેનુ પાલન કરે છે. કોઈપણ જીવ પછી જ્ઞાની હોય કે અજ્ઞાની ગમે તેવો હોય તેણે ધર્મનું પાલન કરવુ જોઈએ. મનુષ્ય વર્ણમાં બ્રાહ્મણો ઉત્તમ છે. બ્રાહ્મણ કરતા ધાર્મિક માણસો ઉત્તમ છે. એનાથી પણ પરમાત્મા ના એકાંતિક ભકતો ઉત્તમ છે. કારણ કે એવા ભકતો ના હૃદયમાં ભગવાન નિવાસ કરે છે. જે વસ્તુ જેવી હોય તેને તેવી રીતે જાણવી તેનું નામ જ્ઞાન કહેવાય. એક આત્માનું અને બીજું પરમાત્માનું. આ શરીરમાં જે આત્મા છે તે આખા શરીરમા વ્યાપીને રહ્યો છે. તેમ છતાં આત્મા થી દેહ જુદો છે. દેહની વૃધ્ધિ થાય કે નાશ થાય તેની સાથે આત્મા વૃધ્ધિ પામતો નથી અને નાશ પણ થતો નથી. ભગવાન કૃષ્ણ પરમાત્મા દિવ્યગુણો થી યુકત છે. માયા કે માયા ના કાર્યો ભગવાન ને સ્પર્શતા નથી. માટે ભગવાન ને નિર્ગુણ કહે છે. ભગવાન સ્વતંત્ર છે સ્વપ્રકાશ છે. સર્વ ના કારણ છે અનેક મુકતો એ ઉપાસના કરવા યોગ્ય છે. અક્ષરબ્રહ્મ જેમનું ધામ છે અને જીવો ના કલ્યાણ માટે અવતાર ધારણ કરે છે.

ભગવાન સિવાય બીજા પદાર્થમા પ્રેમ ન હોય એનું નામ વૈરાગ્ય. એવા વૈરાગ્ય ની ઉત્પતિ લોકો ના દુઃખ અને નાશ જોવા થાય છે. નિત્ય પ્રલય અને નિમિત્ત પ્રલય અને પ્રાકૃત પ્રલય ને આત્યાંતિક પ્રલય. આ ચાર પ્રકાર ના પ્રલય માં સર્વ કોઈ નો નાશ થાય છે. નાશવંતપણાનો વિચાર કરવાથી સંસારમા વૈરાગ્ય થાય છે. અને ભગવાનમાં પ્રેમ થાય છે. પ્રેમપૂર્વક ભગવાનની સેવા કરવી એનું નામ ભકિત. ભગવાનના અવતારો અને ભગવાનના ભકતોની જે કથાઓ સાંભળવી એનું નામ શ્રવણ ભકિત છે. વાંજિત્રો સાથે અથવા ઊંચા સ્વરે ભગવાનના ગુણ ગાવા તે કીર્તન ભકિત છે. ભગવાનની મૂર્તિનું હૃદય માં સ્મરણ કરવું ને પ્રભુ મંત્રનો જપ કરવો તે સ્મરણ ભકિત છે. પરમાત્મા પ્રત્યક્ષ હોય ત્યારે તે પ્રભુ ના ચરણ દાબવા

અથવા માનસી પૂજા માં પ્રભુના ચરણ દાબવા એ પાદ સંવાદન ભક્તિ છે. સમય પ્રમાણે પોતાને જે મળે તે ઉપચારો થી ભગવાન નું પૂજન કરવુ તે અર્ચન ભક્તિ છે. પુરુષો એ સાષ્ટાંગ પ્રણામ અને સ્ત્રીઓ એ પંચાગ પ્રણામ કરવા આ વંદન ભક્તિ છે. ભગવાન માટે ચંદન ઘસવું, પુષ્પો લાવવા, પ્રભુ માટે થાળ કરવો ભકતો ની સેવા પણ કરવી અને દેહના સગાથી ભગવાનમાં અધિક સ્નેહ કરવો એ દાસ ભક્તિ છે.

પરમાત્માને વિષે અર્જુન અને દ્રૌપદી ની જેમ મિત્ર ભાવ કેળવવો એ સખા ભક્તિ છે. આ નવધા ભક્તિ થી ઈશ્વરની આરાધના કરે તે ભકત કહેવાય. આવો ભકત ભગવાનના ધામમાં જાય. પરમાત્માના મુખની વાણી સાંભળી ભક્તિમાતા બોલ્યા કે હે હરિ ! ભગવાનની ભક્તિ કરવાની જે તમે વાત કરી તેજ સાક્ષાત્ ભગવાન હરિ એવા નામથી મારી સામે ઉભા છે અને ભક્તિમાતા સ્તુતિ કરે છે.

सर्वं सहावन धनंजय गंधवाहा
नंतार्य माम्बुजे हरामृत वाहमित्रे ।
सत्प्रेम वत्युदित साधु गुणात्मनिष्ठे
बुद्धिः सदात्यधि हरम मनिश्च लास्तु ॥

હે ભગવાન અજ્ઞાનરુપી અંધારૂ દૂર કરવામા આપ સૂર્ય સમાન છો. અનંત અનંત અવતારો આપે ધર્યા છે. આ વખતે પણ ધર્મ સાધુપુરુષો અને બ્રાહ્મણો ને ગાયોનું રક્ષણ કરવા પ્રગટ થયા છો. હે વર્ણીવેશે ધારી પ્રભુ આપને નમસ્કાર કરુ છું. આપના સ્વરુપમાં દ્રઢ ભક્તિવાળા એવા સંતો છે. એ સંતોમા જેમને અત્યંત પ્રેમ છે એવા અને પાપનો નાશ કરે એવા પવિત્ર નામવાળા હે પ્રભુ ! મારુ મન હંમેશા આપના સ્વરૂપમાં રહો. (સત્સંગિ જીવનના આધારે)

ગઢડા અંત્યના ૩૭માં વચનામૃતમાં શ્રીજી મહારાજે સર્વે હરિભકતો પ્રત્યે એમ વાત કરી જે, જેને ભગવાનના સ્વરૂપનું યથાર્થ જ્ઞાન એકવાર પણ થયુ હોય ને પછી તેને દેશકાળ ક્રિયા, સંગ વિષમ થઈ જાય તો પણ જ્ઞાન નો લેશ જાય નહિ. જેમ કોઈ મોટો રાજા હોય, લખેશરી શાહુકાર હોય તેને પ્રારબ્ધાનુંસારે તે અધિકાર છૂટી ગયો ને દરિદ્રપણું આવી ગયું તેણે ખડધાન્ય ખાવા મળે અથવા ડોડીની ભાજી મળે અથવા કોઠા બોરાં બાફેલી પીપળો ખાવા મળે ત્યારે તેને ખાય, પણ મોર જે ભારે ભારે જે પદાર્થ ખાધા હોય તથા મૂલ્યવાળી ચીજો કોઈને ન મળે એવી મંગાવીને ખાધી હોય તે સર્વે સાંભરી આવે અને જે પ્રથમથી જેવું તેવું અન્ન ખાતો હોય તેને દરિદ્રપણું વધુ આવે ત્યારે પણ તેજ ખાય તેને શુ સાંભરે ? તેમ જેણે ભગવાનનું સ્વરૂપનું સુખ અને ભગવાનના ભજનનું સુખ પોતાના મનમાં એક વાર યથાર્થ પણે જાણ્યું છે. તો તેને પછી સમાગમનો યોગ ન રહ્યો ને બહાર નીકળી ગયો તો પણ તે સુખ ને સંભારતો થકો જ સુખ દુઃખ ને પ્રારબ્ધાનુંસાર ભોગવે પણ તે સુખ ને ભૂલી ન જાય ને જેણે ભગવાનનું સુખ જાણ્યુ નથી ને તેનો અનુભવ થયો નથી તેને શુ સાંભરે ? એ તો પશુ જેવા છે. ભગવાનના સ્વરૂપનું જ્ઞાન એ છે જે ભગવાનનો જેવો આકાર છે તેવો આકાર બીજા દેવ મનુષ્યાદિક જે પ્રકૃતિમાંથી આકાર થયા છે તે કોઈ નો નથી. ભગવાન વિના બીજા સર્વે ને કાળ ભક્ષણ કરી જાય છે તે ભગવાનના સ્વરૂપમાં કાળનું સામર્થ્ય ચાલતુ નથી. એવા ભગવાન છે ને ભગવાન જેવા તો એક ભગવાન છે પણ બીજો કોઈ નથી.

એક શિષ્ય ગુરુ ને પૂછે છે પ્રભુ ને પામવા માટે મારે શું કરવુ જોઈએ ? ગુરુ કશું બોલતા નથી પણ સ્નાન માટે નદીએ જાય છે. ત્યારે શિષ્યને સાથે આવવા કહે છે. બંને સ્નાન કરવા નદીમાં પ્રવેશે છે અધવચ્ચે શિષ્ય થાકી જાય છે. પાણી માં ડુબકા ખાવા લાગે છે. પરંતુ ગુરુ તેને જોયા કરે છે. શિષ્ય પાણીમા ગરકાવ થઈ જાય છે. અને ફરી બહાર આવે છે ત્યારે બચાવો બચાવો તેવી ચીસો પાડે છે. પરંતુ ગુરુ તેને બચાવતા નથી. શિષ્ય આખરી પ્રયત્ન કરી તરફડવા માંડે છે. અને માંડ માંડ કિનારે પાછો ફરે છે. તેને ગુરુ પર થોડોક ગુસ્સો આવે છે. ગુરુ શિષ્ય ને પૂછે છે તું પાણી માં ગરકાવ થઈ ગયો ત્યારે તું શાને માટે વલખા મારતો હતો. શિષ્યે કહ્યું શ્વાસ માટે. પ્રભુ ને પામવા માટે પણ જો તું શ્વાસ ની જેમ વલખા મારીશ તો પ્રભુ તને જરુર મળશે. જેમ દેહ માટે શ્વાસ જરુરી છે તેમ મનુષ્ય માટે ઈશ્વર જરુરી છે. તેના માટે જેટલી ઉત્કંઠા વધુ તેમ તેના દર્શન પામવાની શકયતા વધુ.

"ચોખ્ખા" કરવા છે

- તરૂણાબેન અતુલભાઈ પોથીવાલા

મહારાજ સભા ભરીને બેઠા હતા. એવામાં ધરમપુરના કેટલાક ભક્તોનો સંઘ આગળ આવ્યો. સંઘમાંથી એકે કમોદની મોટી પોટલી મહારાજના

ચરણોમાં મૂકી. મહારાજે પૂછયું "આ શું લાવ્યા ?"

ભકતે કહ્યું, મહારાજ ! ધરમપુરના રાજરાણી કુશળકુંવરબાએ જાતે પોતાના હાથથી ફોલીને આ કમોદ ચોખા મોકલ્યા છે. અને ધરમપુર પધારવા આપને આમંત્રણ મોકલ્યું છે.

પોટલી ખોલાવીને સફેદ દૂધ જેવા અને સુગંધીદાર અણીશુધ્ધ ચોખાની એક મૂઠી હાથમાં લઈને મહારાજે સૌને બતાવી. પછી પૂછયું "આ શું છે ?" સૌએ કહ્યું "મહારાજ આ ચોખા છે." મહારાજે ત્રણ વખત પૂછયુ "આ શું છે ?" સૌએ કહ્યું "મહારાજ આ ચોખા છે." મહારાજે ત્રણ વખત હા ભણી. "હા, આ ચોખા છે."

આથી મુક્તાનંદ સ્વામીએ પૂછયું "મહારાજ ! આપે ત્રણ વખત ચોખા બતાવી પૂછયું આ શું છે ? આનું રહસ્ય શું?"

મહારાજે કહ્યું, "કુશળકુંવરબાએ અમારા માટે આ ભેટ મોકલી છે. આમનું રાણીપણું છે તે જેવું રાજપાટનું છે તેવુ ભકિતભાવનું પણ છે. એમને ત્યાં મહેલમાં નોકર ચાકરની ક્યાં કશી ખોટ છે? પરંતુ અમારા પર હેતભાવ એવો રાખે છે કે ડાંગરનો દાણે દાણો પોતાના હાથે ફોલ્યો છે, અમારા સત્સંગી બાઈ-ભાઈ આવો ભાવ રાખે છે તેના તો જે વખાણ કરીએ તે ઓછા છે." વળી આગળ પ્રકરણ ચલાવ્યું. "આ ડાંગર હતી ત્યાં સુધી તો કામની નહતી પણ એના થોથાં ઉડી ગયા એટલે ચોખા થયા. એમ આપણે પણ ચોખ્ખા થઈ જવું. સાર ગ્રહણ કરી લેવો. ફોતરા ઉડાવી દઈએ તો માલ ખપમાં લાગે. ચોખ્ખા થયા તેથી ચોખા કહેવાય છે. અને બાઈએ ભકિતથી, કાળજીથી ફોલ્યા- અણીશુધ્ધ કર્યા તો એનું સત્વ જળવાયું. તમે સૌ ચોખ્ખા રહેશો તો લોકો તમારો વિશ્વાસ કરશે, સત્સંગ રૂડો દેખાશે અને ભગવાન રાજી રહેશે, આ ચોખાની જેમ જે હરિજન અણીશુધ્ધ રહેશે તેના પાંચ તસુમાં અમારો સમાસ થશે."

કેવી અદભૂત રીત હતી ઉપદેશ દેવાની ! સહેજે સહેજે શિખામણ અંતરમાં ઉતરી જાય એવા સરળ શબ્દો અને એ ઉપદેશનો મનન, નિદિધ્યાસ કરીએ તો સહેજે સહેજે મહારાજની મનોહર મૂર્તિ સાંભરી આવે એવું એમનું રૂપ.

સમ્રગ સભા આજે કુશળકુંવરબાઈ એ મોકલેલા અણીશુધ્ધ ચોખાની સોડમથી મઘમઘી ઉઠી. એ સોડમમાં મહારાજનો બોધ સોનામાં સુગંધની જેમ મ્હોરી ઉઠયો !

●

ભૂજના લાધીબા

- કંચનબેન બાબુભાઈ પટેલ
(રતનપર - મૂળી દેશ)

કચ્છ-ભૂજના કાયસ્થ જ્ઞાતિના લાધીબાઈ નામે એક મુક્ત હતા. તે નાની ઉંમરમાં જ વિધવા થવાથી સાંખ્ય યોગનો ધર્મ પાળી ભગવાનની ભક્તિ કરતા. શ્રીહરિના વરદાનથી મહારાજને અખંડ દેખતા. શ્રીહરિ અમદાવાદ, ગઢડા, વડતાલ ગમે ત્યાં હોય, જે જે લીલા ચરિત્ર કરતાં હોય તે સર્વે લાધીબાઈ અખંડ દેખતાં અને બીજાને એ લીલા કહી સંભળાવતા.

આવા ઐશ્વર્યવાળા હોવા છતાં મહારાજના વચનને વિષે પૂર્ણ શ્રધ્ધા. ગમે તેવી આજ્ઞા મહારાજ કહે તો પુરા ઉત્સાહથી પાળતાં પણ સંશય ન થતો. એકવાર શ્રીહરિ ભુજમાં ગંગારામભાઈને ઘેર બિરાજમાન હતા. અને લાધીબા વગેરે બાઈઓ પણ બેઠી હતી. ત્યાં એકાએક મહારાજ કહે લાધીબા. આ ચૂડી, કંકણ આદિ આભૂષણો તથા સુંદર સાડી પહેરીને ભીડના નાકેથી પાણીનું બેડું ભરી લાવો.

શ્રીહરિની આજ્ઞા પ્રમાણે બીજી સધવા બાઈના બધા અલંકારો, વસ્ત્રો પહેરી માથે બેડું લઈને પાણી ભરવા ગયા. ગામમાં પ્રસિદ્ધ આ વિધવા લાધીબાઈનો સુવાસીના જેવો વેશ જોઈને માણસો જાતજાતની વાતો કરવા માંડ્યા. કોઈ પૂછતું પણ ખરુ, લાધી કોનું ઘર માંડ્યું ? સ્વામિનારાયણનું ! લાધીબા જવાબ દઈ દેતા. આમ બેધડકપણે પાણીનું બેડું ભરી લાવ્યા. આ લોક લાજનો ત્યાગ કરવો એ સરળ વાત નથી. એટલે તો મહારાજે લોયાના બીજા વચનામૃતમાં લાધીબાની પ્રશંસા કરી છે.

આજીવિકા માટે પોતાના ભાઈએ નાનું ખેતર આપેલું. તેમાંથી પોતા પુરતું મળી રહેતું. એકવાર મહારાજે માતાજીને ભુજ મોકલીને લાધીબાને કહેવરાવ્યું કે તમારા બેન ગણીને સાથે રાખજો, સાચવજો. નિર્વાહની ચિંતા ન કરશો. તમારા નાના ખેતરમાં ભમણું પાંકશે. પછી બંને જણાએ વર્ષો સુધી સાથે રહીને ભગવાન ભજ્યા.

એક વાર લાધીબાએ કહ્યું કે માતાજી હવે હું ધામમાં જઈશ. મારા શરીરનું આયુષ્ય પુરૂ થયું છે. માતાજી કહે, મહારાજે મને તમારે આશ્રયે મોકલી છે

તે મને મૂકીને તમે જશો ? પછી કહે ત્યારે તું પણ તૈયાર થા. પોતાના હાથે જમીન લીંપીને બંન્ને જણા સાથે સૂતા ને તર્તજ આ નશ્વર શરીરનો ત્યાગ કરીને ધામમાં ગયા. બંનેના અગ્નિ સંસ્કાર પણ સાથે જ થયા.

આ ઐશ્વર્યની વાત આખાય કચ્છ દેશમાં ઘરોઘર સુધી પહોંચી ગઈ. સ્વામિનારાયણ તો ભગવાન છે. પણ એમના ભક્તો પણ ભગવાન જેવા જ સમર્થ અને સ્વતંત્ર છે.

●

કરણીબા

- લોયા પટેલ (હરભોળાનાથ પાર્ક)

કચ્છમાં ધમડકા ગામનાં વતની જ્ઞાતિએ ગરાસીયા કરણીબા ભગવાનનાં પરમ ભક્ત હતાં. તેમણે શ્રીહરિની અપાર સેવાઓ કરી છે. વળી બ્રહ્માનંદ (બ્રહ્માનંદ) સ્વામી જ્યારે વિદ્યાભ્યાસ કરવા ધમડકા રહ્યાં ત્યારે સ્વામીને ખૂબ જ ભણવામાં સહાય કરી હતી.

શ્રીહરિ ધમડકા ગામે ઘણીવાર પધારેલા છે. મોટા સંતો વાત કરતા કે ભુજમાં નરનારાયણદેવ પધરાવ્યા તે પહેલાં એવો વિચાર થયો તો કે ધમડકામાં શિખરબંધ મંદિર કરી ત્યાં નરનારાયણદેવ પધરાવવા પણ મહારાજે કહ્યું કે ભુજ કચ્છના મધ્યમાં છે. ત્યાં મંદિર કરશું. આવું ધમડકા ઘણા સંતોને તથા મહારાજને પ્રિય હતું. તે કરણીબા તથા રાયઘણજીના પ્રેમને લીધે.

એકવાર મહારાજ ઉઘાડા પગે ચાલીને ધમડકા આવ્યા અને તાબડતોબ જમવાનું માંગ્યું. પણ તૈયાર કંઈપણ નહોતું એટલે બે-ત્રણ ગોરસાં દહીંના જમી ગયા. પછી રસોઈ બનાવી જમીને કરણીબાને કહે અમારા પગમાં કાંટા વાગ્યા છે તે કાઢો ને !

પછી કરણીબા કાંટા કાઢવા બેઠા. તે મોટા મોટા કાંટા નીકળવા માંડ્યા. એ જોઈને આંખમાં આંસુ આવી ગયા. અને પ્રેમને લીધે વઢવા માંડ્યા કે "તું દેહનું ભાન રાખતો નથી. ચારે કોર રખડ્યા કરે છે. તારે કેટલાનાં પેટ ભરવા છે તે જંપીને બેસતો નથી." એમ તુંકારે વઢતાં જાય, રડતાં જાય ને કાંટા કાઢતા જાય. અઢાર કાંટા નીકળ્યા.

મહારાજ કહે મા, રસ્તામાં એક બ્રાહ્મણ ઉઘાડા પગે ચાલ્યો જતો હતો તે જોઈને દયા આવીને અમારી મોજડી તેને આપી દીધી એટલે કાંટા વાગ્યા છે. અને મારે તો અનંતના કલ્યાણ કરવા છે. તેમાં, બેસી રહે કેમ પાલવે ?

"તમે તો આજ મોટી સેવા કરી છે. તેથી વરદાન માગો" એવું મહારાજ બોલ્યા, ત્યારે કરણીબા કહે, "તમે જેતલપુર, અમદાવાદ, ગઢડા વગેરે સ્થળોએ જે ઉત્સવો, ચરિત્રો કરો છો તેના દર્શન કરવા મારાથી અવાતું નથી. કારણ કે મારું શરીર વૃદ્ધ થયું છે. માટે એવું વરદાન આપો કે, તમે ગમે ત્યાં જે જે લીલા ચરિત્રો ઉત્સવો કરો તેનાં મને અહીં બેઠા બેઠા દર્શન થયાં કરે.

પછી મહારાજે કરણીબાને નિરાવરણ દ્રષ્ટિ આપી ને તે ધમડકામાં રહ્યા થકાં મહારાજનાં સર્વ ચરિત્રો પ્રત્યક્ષ દેખે તેમ દેખતાં. એકવાર મહારાજ ધમડકા પધાર્યા. ત્યારે રાયઘણજી વગેરે પુરુષો ખેતરમાં ગયેલાં. કરણીબા વગેરે બાઈએ ઘરમાં અંદર હતી. મહારાજ ગયા એટલે બીજી બાઈઓ ઘરની અંદર જતી રહી. કારણ કે ગરાસીયા ને ઓઝલનો રિવાજ, પણ કરણીબા કહે બહેનો બહાર આવો આતો દર્શન કરવા જેવા છે. આમની ઓઝલ ન રખાય.

પછી બધી સ્ત્રીઓએ મહારાજનાં દર્શન કર્યા. પછી મહારાજે કહ્યું, અમે એકલાં જ પુરુષ જેવા દેખાઈએ છીએ તે ઠીક લાગતું નથી માટે બૈરાંનાં કપડાં લાવો પહેરવા છે. દિવ્ય બુદ્ધિવાળા કરણીબા એ નવાં વસ્ત્રો ઘાઘરી, કાપડું, કંચવો, હાથપગનાં, કાનનાં ઘરેણા વગેરે મહારાજને પહેરાવીને એક માંચી પર બેસાડ્યા.

ત્યાં તો બ્રહ્માનંદ સ્વામી વગેરે સંતો પૂછતા આવ્યા કે "મહારાજ અહીં આવ્યા છે ?" મહારાજે કરણીબા ને કહ્યું ના પાડી દો. નહી તો બ્રહ્માનંદ સ્વામી તો ફજેતો કરશે. કરણીબા કહે, "મહારાજ અહીં નથી." બીજે તપાસ કરો. સ્વામી કહે, મા, મોઢેથી નથી એમ બોલો છો પણ હૃદય સમંત નથી એમ જણાય છે. માટે મહારાજ ઘરમાં જ છે. એમ કહી ઘરમાં પેઠા તો મહારાજનાં દર્શન કરીને આનંદમાં આવી ગયા અને

"તારો ઘાઘરડો ઘેરારો રે,
ગોપી બનીયા ગિરધારી,
તારો કંચવો કામણગારો રે,
ગોપી બનીયા ગીરધારી"

વગેરે બાર પદની રચના કરી.

મહારાજ કહે અમે તો કહેતા હતા જ કે બ્રહ્માનંદ સ્વામી ફજેતો કરશે. તે આ કર્યો. આ રીતે કરણીબાને ઘરે મહારાજે અનેક લીલા કરી છે. અને ધમડકા ને યાત્રાનું ધામ બનાવ્યું છે.

સત્સંગ સમાચાર

સર્વોપરિ ભરતખંડના અધિષ્ઠાતા શ્રીનરનારાયણદેવ ને કેશર સ્નાન દર્શન

શ્રી નગર અમદાવાદમાં વિરાજમાન સર્વોપરિ ઈષ્ટદેવ શ્રી નરનારાયણદેવ આદિ દેવોને જેઠ સુદ-૧૫ના રોજ શ્રીહરિના અપર સ્વરૂપ પ.પૂ. મોટા મહારાજશ્રી, પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી અને પ.પૂ. લાલજી મહારાજશ્રીના વરદ્ હસ્તે કેશર સ્નાન ષોડશોપચાર મહા વિધિથી વેદ વિધિસર પ્રાતઃ ૬-૩૦ થી ૭-૦૦ કલાકે ધામધુમથી સંપન્ન થયેલ. આ પ્રસંગે દર્શનનો લાભ લેવા અમદાવાદ શહેર અને ગામો ગામથી હજારોની સંખ્યામાં હરિભક્તો ઉમટ્યા હતા. આવા મંગલકારી-અલૌકિક દિવ્ય દર્શન જેમણે કર્યા તેના ભાગ્યનો પાર ન હતો. વરસમાં ફક્ત એકજ વાર આવો દિવ્ય લ્હાવો મળે છે. ઠાકોરજીના પૂજારી બ્ર. સ્વામી રાજેશ્વરાનંદજી આદિ પૂજારી સંતોએ ઠાકોરજીની ખડે પગે સેવા બજાવી હતી. આ પ્રસંગના યજમાન પ.ભ. નવિનચંદ્ર મગનલાલ ચોકસી અને પ.ભ. જીતેન્દ્રકુમાર મગનલાલ ચોકસી પરિવારે અલભ્ય લાભ લીધો હતો. પૂ. મહંત શાસ્ત્રી સ્વામી નિર્ગુણદાસજીના માર્ગદર્શન થી આયોજન ખૂબજ સુંદર થયું હતું.

(કોઠારી સ્વામી ધર્મપ્રકાશદાસ)

પ્રાંતીજ મંદિરમાં શ્રી ઘનશ્યામ મહારાજનો શતાબ્દી મહોત્સવ ઉજવાયો

સાબરકાંઠાના પ્રાંતીજ શ્રી સ્વામિનારાયણ મંદિરમાં વિરાજમાન સર્વોપરિ શ્રી ઘનશ્યામ મહારાજનો શતાબ્દી મહોત્સવ શ્રી નરનારાયણદેવ પીઠધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજ શ્રી ૧૦૦૮ કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા અ.નિ. ગવૈયા સ્વામી કેશવજીવનદાસજીની દિવ્ય પ્રેરણાથી તેમજ પ્રાંતીજના સમસ્ત હરિભક્તો અને ટ્રસ્ટી મંડળના સંપૂર્ણ સહયોગથી તા. ૨૩-૫-૦૬ થી ૨૯-૫-૦૬ પર્યન્ત શતાબ્દી મહોત્સવ ધામધુમથી ઉજવાયો.

આ પ્રસંગના ઉપલક્ષમાં શ્રીમદ્ સત્સંગિભૂષણ પારાયણ, ૧૦૧ કુંડી મહાવિષ્ણુયાગ અને સાત દિવસ શ્રી સ્વામિનારાયણ મહામંત્ર અખંડ ધૂન, મહાભિષેક, છપ્પન ભોગ, અન્નકૂટ તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની ભવ્ય શોભાયાત્રા વગેરે કાર્યક્રમોનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું.

શ્રીમદ્ સત્સંગિભૂષણના વક્તા પદે સંપ્રદાયના સુપ્રસિધ્ધ કથાકાર પૂ. શાસ્ત્રી સ્વામી પુરુષોત્તમપ્રકાશદાસજી (જેતલપુર) એ વિરાજીને સંગીતની સુમધુર શૈલીમાં કથામૃતપાન કરાવેલ. સમગ્ર ઉત્સવના યજમાન પ.ભ. બાબુલાલ મણીલાલ શાહ પરિવારે લાભ લીધો હતો. પારાયણના મુખ્ય યજમાન પદનો લાભ પ.ભ. હસમુખલાલ કચરાલાલ ભાવસાર પરિવારે, વિષ્ણુયાગના મુખ્ય યજમાન પદે પ.ભ. કનુભાઈ દામોદરદાસ પંડ્યા પરિવારે લાભ લીધો હતો.

આ ઉત્સવ દરમ્યાન પ.પૂ. મોટા મહારાજશ્રી તથા શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮શ્રી કોશલેન્દ્રપ્રસાદાસજી મહારાજશ્રી તથા પ.પૂ. લાલજી મહારાજ ૧૦૮ શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા પ.પૂ.અ.સૌ. મોટા ગાદીવાળાશ્રી તથા પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રી અને પૂ. શ્રીરાજા એમ સમસ્ત ધર્મવંશી પરિવારે પધારીને દર્શન આશીર્વાદનો અલૌકિક લાભ આપેલ. તા. ૨૮-૫-૦૬ના રોજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની શોભાયાત્રા અવર્ણીનય અને અદ્‌ભૂત હતી. તા. ૨૯-૫-૦૬ના રોજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે ઠાકોરજીને મહાભિષેક અખંડધૂન પૂર્ણાહુતિ, વિષ્ણુયાગની પૂર્ણાહુતિ તથા પારાયણની પૂર્ણાહુતિ વિધિસર રીતે સંપન્ન થઈ હતી. પ્રાસંગિક સભામાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ સમસ્ત સભાને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. પૂર્ણાહુતિના દિને પ્રાંતીજના તમામ નગરજનો માટે મહાપ્રસાદનું આયોજન કરવામાં આવ્યું હતું. *(મહંત સાધુ માધવપ્રસાદદાસ, પ્રાંતીજ)*

એપ્રોચ (બાપુનગર) મંદિરમાં ૧૧ કલાકની અખંડ ધૂન

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા ધર્મકુળ પરિવારની આજ્ઞા-આશીર્વાદથી અત્રેના મહંત સ્વામીની પ્રેરણાથી જેઠ સુદ-૧૦ શ્રીહરિ અંતર્ધાન તિથિ નિમિત્તે સવારના ૮ થી સાંજના ૭ સુધી અખંડ શ્રી સ્વામિનારાયણ મહામંત્ર ધૂન કરવામાં આવી હતી. જેના યજમાન પ.ભ. હરજીભાઈ વાલજીભાઈ માણીયા રહ્યાં હતા. ભાઈઓ અને બહેનોએ મોટી સંખ્યામાં ક્રમશઃ લાભ લીધેલ. મંદિરમાંજ પ્રસાદની વ્યવસ્થા કરવામાં આવી હતી. (ગોરધનભાઈ વી. સીતાપરા)

નારાયણપુરા (તા. કડી)

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા હિંમતનગર મંદિરના મહંત શા. આનંદજીવનદાસજીની પ્રેરણાથી અને ગામ સમસ્ત હરિભક્તોના સાથ સહકારથી અંત્રે ગામને ૧૦૦ વર્ષ પુરા થતા હોવાથી સુંદર ધાર્મિક કાર્યક્રમ "ગામ સ્થાપના શતાબ્દી પર્વ મહોત્સવ" ધામધુમથી ઉજવવામાં આવેલ. આ પ્રસંગે શ્રીમદ્ સત્સંગી ભૂષણ પારાયણ શા. સ્વામી નારાયણ-વલ્લભદાસજીના વક્તા પદે થઈ હતી તથા ત્રણ દિવસનો હરિયાગ અને શ્રી વિઘ્ન વિનાયક દેવની પ્રાણ પ્રતિષ્ઠા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે વેદ વિધિસર સંપન્ન થઈ હતી. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી ગામમાં પધાર્યા ત્યારે સંત-હરિભક્તોએ ભવ્ય શોભાયાત્રા દ્વારા પ.પૂ. મહારાજશ્રીનું ભવ્યાતિ ભવ્ય સ્વાગત સામૈયું કર્યું હતું. પ.પૂ. મહારાજશ્રીએ ગામના સ્થાપક સ્મારક ટોડાની તોરણ વિધિ પોતાના વરદ્ હસ્તે કરી હતી. ત્યારબાદ બન્ને મંદિરોમાં અન્નકૂટ આરતી કરી દર્શન કરી યજ્ઞની પૂર્ણાહુતી કરી પ.પૂ. મહારાજશ્રી સભામાં પધાર્યા હતા. અને પ્રાસંગિક સભામાં રૂડા આશીર્વાદ આપતા જણાવ્યું કે ગામમાં આવો ઉત્સવ ગામની શતાબ્દી પર્વ પ્રસંગે થાય તે ખૂબજ પ્રશંસનીય છે. આ ગામ સત્સંગના રંગેથી રંગાયેલું છે જેથી સૌને શ્રીજી મહારાજ સુખિયા કરે એવા રૂડા આશીર્વાદ આપ્યા હતા. સેવા ભાવી યજમાનોને શાલ ઓઢાડી આશીર્વાદ આપ્યા હતા. આ પ્રસંગે સ.ગુ. શા.સ્વામી હરિકૃષ્ણદાસજી આદિ સંતો પધાર્યા હતા. સભા સંચાલન શા. સ્વામી છપૈયાપ્રસાદદાસજીએ કર્યું હતું. આનંદ સ્વામીના મંડળના સંતો પૂજારી સ્વામી ધર્મકિશોરદાસ, સ્વા. હરિપ્રકાશ, જસુ ભગત અને ઘનશ્યામ ભગતે સારી સેવા કરી હતી.

(કોઠારી - નારાયણપુરા)

શ્રી સ્વામિનારાયણ મંદિર ઈડર પાટોત્સવ ઉજવાયો

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી અને ઈડરના મહંત સ્વામી જગદીશપ્રસાદદાસજીની પ્રેરણાથી શ્રી ગોપીનાથજી હરિકૃષ્ણ મહારાજનો ૧૬૦મો પાટોત્સવ તા. ૯-૬-૦૬ના રોજ ધામધુમથી ઉજવાયો.

આ પ્રસંગે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તા. ૮-૬-૦૬ના રાત્રે અત્રે પધાર્યા હતા અને સવારે શ્રી ગોપીનાથજી હરિકૃષ્ણ મહારાજ અને સૂર્યનારાયણ દેવનો વેદ વિધિસર ષોડશોપચાર પૂર્વક મહાભિષેક ધામધુમથી સંપન્ન થયેલ. ત્યારબાદ પ.પૂ. આચાર્ય મહારાજશ્રી શણગાર અને અન્નકૂટની આરતી ઉતારી સભામાં પધાર્યા હતા. પ્રાસંગિક

સભામાં ઈડરના મહંત સ્વામી તથા ટોડલાના મહંત સ્વામીએ પૂ. મહારાજશ્રીનું ફુલહારથી સ્વાગત પૂજન કર્યુ હતું. પાટોત્સવના યજમાન પ.ભ. ગાંડાભાઈ કાલીદાસ પટેલ, (ગુલાબપુરા વાળા) પ.ભ. સોમાભાઈ નરસીભાઈ પટેલ પરિવારે પ.પૂ. મહારાજશ્રીનું પૂજન-અર્ચન આરતી ઉતારીને આશીર્વાદ મેળવ્યા હતા. વિદ્વાન સંતોએ પ્રાસંગિક પ્રવચન કરેલ. છેલ્લે સમસ્ત સભાને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. છેલ્લે મહંત સ્વામીએ પ.પૂ. મોટા મહારાજશ્રીના દિવ્ય સંકલ્પ શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં સેવા કરવા સૌ હરિભક્તોને હાકલ કરી હતી. સભા સંચાલન મહંત સ્વામી આનંદજીવનદાસજીએ (હિંમતનગર મહંતશ્રી) કર્યુ હતું. કોઠારી સ્વામી સત્યસંકલ્પદાસજીએ સુંદર સેવા બજાવી હતી. (શા.સ્વા. આનંદજીવનદાસજી, હિંમતનગર)

કાશીન્દ્રામાં બાઈઓના મંદિરમાં મૂર્તિ પ્રતિષ્ઠા

કાશીન્દ્રા ગામમાં નૂતન (બાઈઓનું) શ્રી સ્વામિનારાયણ મંદિરનું નિર્માણ કાર્ય પૂર્ણ થતા મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગના ઉપલક્ષમાં તા. ૧૪-૬-૦૬ થી ૧૬-૬-૦૬ પર્યન્ત ત્રિદિનાત્મક શ્રીમદ્ ભાગવત પારાયણ, વિષ્ણુયાગ આદિ કાર્યક્રમ ધામધુમથી સંપન્ન થયેલ. કથાના વક્તાપદે શાસ્ત્રી સ્વામી હરિઓમપ્રકાશદાસજી (જેતલપુર અક્ષર મહોલવાડી, સંચાલક)ના વક્તાપદે સંગીતની સુરાવલી સાથે થઈ હતી. ગામમાં મૂર્તિઓની નગરયાત્રા કાઢવામાં આવી હતી. જે દિવ્ય દર્શન કરી હરિભક્તો ભાવ વિભોર થઈ ગયા હતા. બહેનોને દર્શન આશીર્વાદનો લાભ આપવા તા. ૧૬-૬-૦૬ રોજ પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રી પધાર્યા હતા. અને બહેનોને દિવ્ય સુખ આપ્યું હતું.

તા. ૧૬-૬-૦૬ના રોજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી પધાર્યા હતા. અને તેઓશ્રીના વરદ્ હસ્તે ઠાકોરજીની પ્રાણ પ્રતિષ્ઠા ધામધુમથી થઈ હતી. ત્યારબાદ કથા અને યજ્ઞની પૂર્ણાહુતિ કરી હતી. પ્રાસંગિક સભામાં પૂ. પી.પી. સ્વામી (જેતલપુર) મહંત સ્વામી જેતલપુર, કાંકરિયા, ધોલકા, છપૈયાના માજી મહંત સ્વામી આદિ સંતોએ પ્રસંગને અનુરૂપ પ્રવચન કરેલ. છેલ્લે સમસ્ત સભાને પ.પૂ. મહારાજશ્રીએ આશીર્વાદ પાઠવ્યા હતા. સમગ્ર આયોજન પૂ. પી.પી. સ્વામી અને જેતલપુરના મહંત શાસ્ત્રી સ્વામી આત્મપ્રકાશદાસજીએ કર્યું હતું.

(શા. ભક્તિનંદનદાસ, જેતલપુર)

કાલીયાણા (તા. વિરમગામ)

કાલીયાણા શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી જેઠ સુદ-૧૦ સર્વોપરિ શ્રી સ્વામિનારાયણ ભગવાનની અંતર્ધાન તિથિ નિમિત્તે ૧૨ કલાકની શ્રી સ્વામિનારાયણ મહામંત્ર ધૂન કરવામાં આવી હતી. જેમાં ગામના તમામ હરિભક્તો જોડાયા હતા. પ.ભ. ડાહ્યાભાઈ બૂટિયા, પ.ભ. ભીખુભાઈ મોરી, શ્રી રામાભાઈ હરિભાઈ અને રામાભાઈ જેઠુભાઈ આદિ નાના-મોટા હરિભક્તોએ આ પ્રસંગે સારી સેવા બજાવીને શ્રીહરિ અને ધર્મવંશી પરિવારનો રાજીપો મેળવ્યો હતો.

(જનકભાઈ)

ધરિયાવદ (રાજસ્થાન) મંદિરમાં પંચ કુંડીય મારુતિ યજ્ઞ

અત્રે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી ધરિયાવદ શ્રી સ્વામિનારાયણ મંદિરમાં ત્રિદિનાત્મક શ્રીમદ્ ભાગવત કથા અને પંચકુંડીય મારૂતિ યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું. કથાના વક્તાપદે પૂ. પી.પી. સ્વામીએ વિરાજીને કથામૃત પાન કરાવેલ. આ પ્રસંગે ધરિયાવદનગરમાં શોભાયાત્રા, પોથીયાત્રા ધામધુમથી નીકળી હતી. કથાનો લાભ હજારો ભાવિકોએ લીધો હતો.

(સાધુ ભક્તિનંદનદાસ)

દોલારાણા વાસણા શ્રી સ્વામિનારાયણ મંદિર

અત્રે શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી જેઠ સુદ-૩ના શ્રી ઘનશ્યામ મહારાજનો પાટોત્સવ ધામધુમથી ઉજવાયો હતો. પ્રાતઃ ૭ કલાકે ઠાકોરજીનો અભિષેક અને સમૂહ મહાપૂજા વિધિ શા.સ્વામી નારાયણ-વલ્લભદાસજી અને શા. છપૈયાપ્રસાદદાસે કરાવી હતી. શ્રી મુળજીભાઈ કેશાભાઈ ચૌધરી તરફથી પ્રસાદનું આયોજન થયું હતું.

(હાર્દિક ભગત)

સિધ્ધપુર શ્રી સ્વામિનારાયણ મંદિરમાં ૧૪૧ મો પાટોત્સવ ઉજવાયો

અત્રે આપણા શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી શ્રી ધર્મભક્તિ હરિકૃષ્ણ મહારાજ તથા શ્રી રાધાકૃષ્ણદેવનો પાટોત્સવ જેઠ સુદ-૧૧ના ધામધુમથી ઉજવાયો હતો.

અત્રેના મહંત સ્વામી ભક્તિપ્રિયદાસજી તથા મહંત સ્વામી શ્રીરંગદાસજીની પ્રેરણાથી ગવાડાના પ.ભ. પટેલ સોમાભાઈ વાલજીભાઈ તથા પટેલ જયંતીભાઈ વાલજીભાઈના પરિવાર યજમાન બનવાનો લાભ લીધો હતો. સવારે ૭-૦૦ કલાકે ઠાકોરજીને ષોડશોપચાર મહાભિષેક અને મહાપૂજા વિધિ વિદ્વાન પંડિત દ્વારા કરાવવામાં આવેલ.

પ્રાસંગિક સભામાં મહંત સ્વામીએ યજમાનોનું ફુલહારથી સ્વાગત કર્યું હતું. સભાનું સંચાલન શા. છપૈયાપ્રસાદદાસે સંભાળ્યું હતું. આ પ્રસંગે શ્રીરંગ સ્વામી, પૂજારી સ્વા. ચંદ્રપ્રકાશદાસ અને બાલુ સ્વામીએ સારી સેવા બજાવી હતી. *(હાર્દિક ભગત)*

આપણી શૈક્ષણિક સંસ્થાના સમાચાર

શ્રી સ્વામિનારાયણ સંસ્કૃત મહાવિદ્યાલય જેતલપુર

આદિ આચાર્ય મહારાજશ્રી અયોધ્યા-પ્રસાદજી મહારાજ દ્વારા સંસ્થાપિત તેમજ પરમપૂજ્ય મોટા મહારાજશ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની અમી દ્રષ્ટિ અને વર્તમાન આચાર્ય મહારાજશ્રીના શુભાશીર્વાદથી જેતલપુર ધામમાં ચાલતી સ્વામિનારાયણ સંસ્કૃત મહાવિદ્યાલય છાત્રાલયનું ચાલુ વર્ષે લેવાયેલ. પરીક્ષાનું ૧૦૦% પરિણામ આવતા પૂજ્ય મહારાજશ્રીએ સંસ્થા સંચાલકશ્રી તથા કર્મચારીગણને તેમજ સારા ગુણ મેળવી ઉર્તિણ થનાર તમામ વિદ્યાર્થીઓને ખૂબ-ખૂબ અભિનંદન સહ શુભાશીર્વાદ પાઠવ્યા હતા.

દરેક કક્ષામાં પ્રથમ-દ્વિતીય અને તૃતીય સ્થાન પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓની નામાવલી

પ્રથમા-૧ (ધો-૮)

૧. ચૌબીસા શ્રીસુસાન્ત ભેરુલાલ ૮૦.૭૧%
૨. પટેલ દક્ષેશકુમાર હસમુખલાલ ૭૯.૧૪%
૩. આનંદસ્વરૂપદાસ સ્વામી હરિવલ્લ-ભદાસજી ૭૪.૨૯%

પ્રથમા-૨ (ધો-૯)

૧. સ્વામી ગોપાલચરણદાસ ૮૫.૮૬%
૨. સ્વામી ભક્તિકિશોરદાસ ૮૪.૨૯%
૩. પટેલ નિરવકુમાર રસિકલાલ ૭૯.૨૯%

પ્રથમા-૩ (ધો-૧૦)

૧. મહેતા જનક ધીરુભાઈ ૭૨.૭૧%
૨. સાધુ જયસ્વરૂપદાસ ૬૮.૧૪%
૩. સાધુ સત્સંગસાગરદાસ ૬૭.૪૩%

પૂર્વ મધ્યમા-૧ (ધો-૧૧)

૧. સાધુ ચૈતન્યસ્વરૂપદાસ ૮૭.૭૧%
૨. પાટીદાર શ્યામ ૭૬.૮૬%
૩. સાધુ વિવેકસાગરદાસ ૭૩.૦૦%

મધ્યમા-૨ (ધો-૧૨)

૧. કાપડિયા ચિંતન રમેશભાઈ ૭૬.૪૩%
૨. રાવલ જીગર કિરીટભાઈ ૭૧.૨૯%
૩. સાધુ નારાયણસ્વરૂપદાસ ૬૯.૭૧%

શાસ્ત્રી-૧

૧. સાધુ કુંજબિહારીદાસ ૬૬%
૨. કાજી સુમન્તાકુમાર કુલમાની ૬૨.૨૯%
૩. ધીમીરે ખેમરાજ ગોકાની પ્રસાદ ૬૧.૭૧%

શાસ્ત્રી-૨

૧. ત્રિપાઠી વિંધ્યાચલ ૬૮.૨૯%
૨. લહેરુ તુષાર ૬૬.૭૧%
૩. સાધુ જયેન્દ્રપ્રકાશદાસ ૬૬.૧૪%

શાસ્ત્રી-૩

૧. સ્વામી હરિકૃષ્ણસ્વરૂપદાસ ૭૬.૪૩%
૨. દવે વિપુલકુમાર ચીમનલાલ ૬૪.૧૪%
૩. જોષી યોગેશકુમાર ૬૦.૦૦%

આચાર્ય-૧

૧. સાધુ કૃષ્ણપ્રકાશદાસ ૭૨.૨૫%
૨. સાધુ ભક્તિકિશોરદાસ ૬૩.૦૦%
૩. ચૌબીસા ગણેશલાલ ૬૧.૨૫%

આચાર્ય-૨

૧. સાધુ વિવેકસાગર નારાયણસ્વરૂપદાસ ૮૪.૨૫%
૨. દવે ધર્મેન્દ્રકુમાર ચિમનલાલ ૬૫.૦૦%
૩. ત્રિવારી હિતેશ ગણેશલાલજી ૫૨.૨૫%

સર્વોપરિ છપૈયાધામમાં ઉત્સવોનો ત્રિવેણી સંગમ

સંપ્રદાયના સર્વોપરિ તીર્થક્ષેત્ર છપૈયાધામમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા બ્ર. સ્વામી રામકૃષ્ણાનંદજીની પ્રેરણાથી ત્રણ ત્રણ ઉત્સવો ધામધુમથી ઉજવાયા.

તા. ૧-૬-૦૬ થી ૭-૬-૦૬ પર્યન્ત શ્રીમદ્ સત્સંગિજીવન પારાયણ શાસ્ત્રી સ્વામી વિષ્ણુપ્રસાદદાસજી (પૂર્વ કોઠારી બોટાદ)ની પ્રેરણાથી બોટાદના અ.નિ. સાં-લક્ષ્મીફૈબાના સ્મરણાર્થે તેમના શિષ્યો તરફથી શાસ્ત્રી સ્વામી હરિપ્રસાદદાસજી (ગઢપુર)ના વક્તાપદે અને સંહિતાપાઠના વક્તાપદે બ્ર. પવિત્રાનંદજી વિરાજમાન હતા. સંગીતમય શૈલીમાં કથા થઈ હતી. જેનો લાભ હજારો દેશ-વિદેશના ભાઈઓ બહેનો અને અનેક ધામોથી પધારેલા સંતોએ લીધો હતો. આ પ્રસંગે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી, પ.પૂ. લાલજી મહારાજશ્રી, પ.પૂ.અ.સૌ. લક્ષ્મીસ્વરૂપ ગાદીવાળાશ્રી અને પૂજ્ય શ્રીરાજાએ પધારીને યજમાન પરિવાર અને વક્તાશ્રીને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. જેઠ સુદ-૧૧ના ઠાકોરજીનો ૧૫૬ મો પાટોત્સવ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીની આજ્ઞાથી સાંખ્યયોગી ગીતાબા (વિરમગામવાળા) અને તેમના શિષ્ય મંડળ તેમજ ભુજના સાંખ્યયોગી બહેનો આદિ સૌ તરફથી ધામધુમથી ઉજવાયો હતો. પાટોત્સવ પ્રસંગે વચનામૃત પારાયણની કથા સાં.કોકીલાબા, સાં.ઉષાબા અને સાં.ભારતીબાએ કરી હતી.

પ્રાતઃ ૬-૩૦ કલાકે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ. લાલજી મહારાજશ્રીના વરદ્ હસ્તે ઠાકોરજીનો મહાભિષેક વેદવિધિસર ધામધુમથી સંપન્ન થયો હતો.

શિલાન્યાસ વિધિ

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી અને પ.પૂ. લાલજી મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા પૂજય પી.પી. સ્વામી (જેતલપુર)ના માર્ગ દર્શનથી સર્વોપરિ સર્વાવતારી આપણા ઈષ્ટદેવ શ્રી ઘનશ્યામ મહારાજના જન્મ સ્થાન મંદિરનો શિલાન્યાસ વિધિ સાંખ્યયોગી રવિકાન્તાબા (લોજપુર) તેમના શિષ્ય ચંપાબા, ભાનુબેન તેમજ પ.ભ. ગોવિંદભાઈ ઠક્કર (તારાપુર) ડૉ. ભીમાણી પરિવાર (મુંબઈ) આદિ સૌ ભક્તજનોના સાથ સહકારથી અને શિલ્પ શાસ્ત્રના તજજ્ઞ એવા સોમપુરા અને મંદિર નિર્માણના અનુભવી આર્કિટેકના માર્ગદર્શનથી અને પ.ભ. અનંતભાઈ નારણભાઈ શાહ, અ.સૌ. રમાબેન શાહ અને ચિ. કમલેશભાઈ, કેતનભાઈ, વિપુલભાઈ અને પિનાકીનભાઈ સહ પરિવાર મુંબઈ (માતંગી ટ્રાન્સપોર્ટવાળા)ના યજમાન પદે અને શ્રીહરિના અપર સ્વરૂપ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી અને પ.પૂ. લાલજી મહારાજશ્રીના વરદ્ હસ્તે વેદવિધિસર શાસ્ત્રોક્ત વિધિથી ધામધુમથી સંપન્ન થયેલ. જેની વિધિ ઉમરેઠ વાળા શ્રી રાજુભાઈ શુકલે કરાવી હતી. સર્વોપરિ આપણા ઈષ્ટદેવ એવા શ્રી ઘનશ્યામ મહારાજના જન્મ સ્થાનના શિલાન્યાસ વિધિના પાયામાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ પોતે ધારણ કરેલી સુવર્ણની કિંમતી વીંટી પધરાવી ત્યારે ત્યાં ઉપસ્થિત હરિભક્તોએ જયજયકાર બોલાવીને સૌએ એક બીજાના સુવર્ણના દાગીના પાયામાં શુકનરૂપે પધરાવ્યા હતા.

આ પ્રસંગે પ્રાસંગિક સભામાં પૂ. મહંત સ્વામી નિર્ગુણદાસજી, પૂજય પી.પી. સ્વામી (જેતલપુર) લોજપુરના પૂ. ચૈતન્ય સ્વામી, બોટાદના શા.સ્વા. વિષ્ણુપ્રસાદદાસજી આદિ અનેક ધામોના સંતો-મહંતોએ આવા ભગીરથ મહાન દિવ્ય કાર્યમાં સંપૂર્ણ સાથ સહકાર આપીને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા મુજબ સંપૂર્ણ કામ વહેલાસર સુંદર રીતે પૂર્ણ થાય તેવી સર્વોપરિ શ્રી ઘનશ્યામ મહારાજ સમક્ષ પ્રાર્થના કરી હતી.

આ પ્રસંગે બ્લેડ પ્રેસર નિદાન કેમ્પમાં ડૉ. નવનીત વડગામાએ અનેક સંતો હરિભક્તોને ચેકઅપ કરીને પ.પૂ. મહારાજશ્રીના આશીર્વાદ મેળવ્યા હતા.

છેલ્લે મહંત બ્ર. સ્વામી વાસુદેવાનંદજી એ અત્રે છપૈયાધામમાં પ.પૂ. મોટા મહારાજશ્રી, પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી, પ.પૂ. લાલજી મહારાજશ્રી, પ.પૂ.અ.સૌ. મોટા ગાદીવાળાશ્રી અને પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીની શુભનિશ્રામાં અને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની અધ્યક્ષતામાં શ્રી સ્વામિનારાયણ દ્વિશતાબ્દી રજત જયંતી મહોત્સવ તા. ૨૫-૧૦-૦૬ થી ૨૭-૧૦-૦૬ પર્યન્ત ખૂબજ ધામધુમ અને ભવ્યતાથી ઉજવાશે. જેમાં સૌ ભક્તજનોને તન-મન અને ધનથી સંપૂર્ણ સેવા સહકાર આપવા અનુરોધ કર્યો હતો. અને અત્રે આ પ્રસંગમાં ઉપસ્થિત સંતો-મહંતો, હરિભક્તો અને સાંખ્યયોગી બહેનોનો આભાર માન્યો હતો.

છેલ્લે યજમાન પરિવાર અને સમસ્ત સભાને અને વયોવૃદ્ધ બ્ર. સ્વામી રામકૃષ્ણાનંદજીને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ રૂડા આશીર્વાદ આપ્યા હતા.

સુવર્ણ સિંહાસન

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદ અને પ્રેરણાથી નિજ મંદિરમાં સર્વોપરિ શ્રી ઘનશ્યામ મહારાજનું મધ્યમાં છે તે સિંહાસન (શ્રી ઘનશ્યામ મહારાજ સહ પરિવાર) તથા તેના દ્વારને સુવર્ણના પતરાથી મઢવાની અંદાજે રૂપીયા ત્રણ લાખની સેવા વિરમગામ નિવાસી સેવાનુંરાગી પ.ભ. પુરૂષોત્તમભાઈ ધારશીભાઈ ઠક્કર (દાસભાઈ) પરિવાર તરફથી જાહેર કરવામાં આવી હતી. જેમના પર પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ ખૂબજ રાજી થઈને રૂડા આશીર્વાદ આપ્યા હતા. *(કનુભાઈ દવે)*

રિદ્રોલ મંદિરમાં પાટોત્સવ ઉજવાયો

અત્રે પ્રસાદીના શ્રી સ્વામિનારાયણ મંદિરના પાટોત્સવના ઉપલક્ષમાં તા. ૮-૫-૦૬ થી ૧૦-૫-૦૬ પર્યન્ત શાસ્ત્રી સ્વામી પ્રેમસ્વરૂપદાસજી (નારણપુરા મહંત)ના વક્તાપદે શ્રીમદ્ ભાગવત, રામાયણ અને શ્રીમદ્ સત્સંગિભૂષણ શાસ્ત્રની સુંદર કથા કરી હતી.

તા. ૧૦-૫-૦૬ના રોજ પ.પૂ.ધ.ધુ. આચાર્યમહારાજશ્રીના વરદ્ હસ્તે ઠાકોરજીનો પાટોત્સવ અને કથાની પૂર્ણાહુતિ ધામધુમથી

થઈ હતી. આ પ્રસંગે બહેનોને દર્શન આશીર્વાદ આપવા પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રી પધાર્યા હતા. અને બહેનોને દર્શનનું દિવ્ય અલૌકિક સુખ આપ્યું હતું. પાટોત્સવના યજમાન અ.નિ. પટેલ ચંચળબેન અંબાલાલ પરિવારના રણછોડભાઈ અંબાલાલ તથા પૌત્રો મહેશભાઈ, પરેશભાઈ અને અમિતભાઈએ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીનું પૂજન અર્ચન કરી આશીર્વાદ મેળવ્યા હતા.

(કનુભાઈ પટેલ)

મૂળી પ્રદેશના સત્સંગ સમાચાર

મૂળી મંદિરમાં ચંદનના વાઘાના દર્શન

ગ્રીષ્મઋતુમાં મૂળીધામ નિવાસી શ્રી રાધાકૃષ્ણદેવ હરિકૃષ્ણ મહારાજ આદિ દેવોને શીતળ સુગંધીદાર ચંદનના વાઘા દિન-દિન પ્રત્યે નવા-નવા શણગાર સાથે સતત દોઢ માસ સુધી ધરાવવામાં આવ્યા હતા. મૂળી પ્રદેશના અનંત હરિભક્તો અને તીર્થભૂમિમાં દર્શનાર્થે આવતા તીર્થયાત્રી ભગવાનનાં ચંદનનાં સુંદર વાઘાના અનેરા દર્શન કરી ધન્ય બન્યા હતા. પ.પૂ.અ.સૌ. મોટી ગાદીવાળા સાંખ્યયોગી બાઈઓના મંડળ સાથે દર્શનાર્થે પધાર્યા હતા અને ખૂબ રાજી થયા હતા. સ.ગુ. પુજારી સ્વામી પ્રેમવલ્લભદાસજી અને તેમના સંત મંડળે ભારે શ્રધ્ધા-ભક્તિથી ચંદનના વાઘાની રચના કરીને ભગવાનને રાજી કર્યા હતા.

(અજયપ્રકાશ સ્વામી)

જીવાપર (હાલાર)

અત્રે શ્રી સ્વામિનારાયણ મંદિરમાં મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા તા. ૨૧-૫-૦૬ના રોજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના વરદ્ હસ્તે ધામધુમથી સંપન્ન થઈ હતી. આ પ્રસંગના ઉપલક્ષમાં સર્વોપરિ શાસ્ત્ર શ્રીમદ્ સત્સંગિજીવન પારાયણ શાસ્ત્રી સ્વામી ઘનશ્યામપ્રકાશદાસજી (નારાયણઘાટ મહંતશ્રી)એ પોતાની સુમધુર શૈલીમાં કથામૃતપાન કરાવેલ.

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી અત્રે પધાર્યા ત્યારે ભવ્ય શોભાયાત્રા યોજવામાં આવી હતી. જેમાં હરિભક્તોને પ.પૂ. મહારાજશ્રીમાં સાક્ષાત્ શ્રીજી મહારાજ સ્વરૂપે દર્શન થયા હતા. ખરેખર શોભા અવર્ણનીય હતી. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે મૂર્તિ પ્રતિષ્ઠાના દર્શન કરી હરિભક્તો ભાવવિભોર થઈ ગયા હતા. મૂળી દેશના સંતો-મહંતો અને અમદાવાદ, ધોળકા આદિ ધામોથી સંતોએ પધારીને સુંદર લાભ આપેલ. જીવાપરના હરિભક્તોએ ખૂબજ સેવા કરીને પ.પૂ. મહારાજશ્રીનો રાજીપો મેળવ્યો હતો. યજમાન પરિવારોએ સભામાં પ.પૂ. મહારાજશ્રીનું પૂજન-અર્ચન આરતી કરી આશીર્વાદ મેળવ્યા હતા. બહેનોને દર્શન-આશીર્વાદનું સુખ આપવા પ.પૂ.અ.સૌ. લક્ષ્મીસ્વરૂપ ગાદીવાળાશ્રી પધાર્યા હતા. કથાની પૂર્ણાહુતિ પ.પૂ. લાલજી મહારાજશ્રીના વરદ્ હસ્તે થઈ હતી. ખરેખર જીવાપર ગામ આજે ધન્ય ધન્ય બની ગયું.

(શાસ્ત્રી ભક્તિકેશવદાસ)

રામગઢ (ધ્રાંગધ્રા)

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞા આશીર્વાદથી ધ્રાંગધ્રા આપણા નરશીપરા સ્વામિનારાયણ મંદિરથી સંત મંડળ રામગઢ ગામે પધારી હરિભક્તોને કથાવાર્તાનો લાભ આપ્યો હતો.

અંકેવાળીયા (ધ્રાંગધ્રા)

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞા આશીર્વાદથી ધ્રાંગધ્રા નરશીપરા મંદિરના સંતોએ તા. ૨૪-૬-૦૬ના અત્રે કથાવાર્તા કરીને સુંદર લાભ આપેલ.

(અનીલ બી. દુધરેજીયા)

સુરેન્દ્રનગર મંદિરમાં દેવોને ચંદનના વાઘાના દર્શન

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞા આશીર્વાદથી અત્રે મંદિરના મહંત સ્વામીની પ્રેરણાથી તેમજ બહારગામના ભક્તોના સહયોગથી સુરેન્દ્રનગરમાં બિરાજમાન શ્રી રાધાકૃષ્ણદેવ શ્રી હરિકૃષ્ણ મહારાજ તેમજ બાલસ્વરૂપ શ્રી ઘનશ્યામ મહારાજ તથા શ્રી નરનારાયણદેવને અદ્‌ભૂત ચંદનના વાઘા પૂજારી સંતો વિશ્વસ્વરૂપદાસજી તથા શાંતિપ્રકાશદાસજી તથા શા. પ્રેમવલ્લભ-દાસજીએ સુંદર કલાત્મક રીતે ભાવથી દેવોને વાઘા ધરાવેલા. જેઠ સુદ-૧૫ (પૂનમ)ના રોજ સવારે કેશર સ્નાન, સમૂહ મહાપૂજા વગેરેનું આયોજન પણ થયેલું. *(શૈલેન્દ્રસિંહ ઝાલા)*

વિદેશ સત્સંગ સમાચાર

વોશિંગ્ટન (ડી.સી. I.S.S.O ચેપ્ટર)

અહીંયા સત્સંગ મંડળની સભા નિયમિત રૂપે થાય છે. ૨૦ મેના રોજ શનિવારે સાંજના ૨॥ કલાક શ્રી સ્વામિનારાયણ ભગવાનના લીલા ચરિત્ર કથા-ધૂન-ભજન કીર્તન, નિત્ય-નિયમ અને થાળ આદિ સમૂહમાં થયા હતા. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની કૃપાથી સત્સંગ સુંદર ચાલે છે. *(કનુભાઈ પટેલ)*

નડોલા (ઝાંબિયા આફ્રિકા)
શ્રી સ્વામિનારાયણ મંદિર

અહીંયા આપણા શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પ.પૂ. મોટા મહારાજશ્રી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી આપણા હરિભક્તો પ.ભ. પ્રફુલભાઈ અને તેમનો પરિવાર, શ્રી લાલુભાઈ, શ્રી રમણભાઈ, શ્રી કિરીટભાઈ વગેરે હરિભક્તોએ સર્વોપરિ શ્રી સ્વામિનારાયણ ભગવાનના પ્રાકટ્યદિને ૩ કલાક કથા-વાર્તા-ધૂન-ભજન-કીર્તન આદિ કાર્યક્રમ કરેલ. સત્સંગી ઉપરાંત અન્ય ધર્મપ્રેમીજનોએ દર્શન કરી દિવ્ય લાભ લીધો હતો. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની કૃપાથી સત્સંગની પ્રવૃત્તિ સુંદર ચાલે છે *(જયેશ)*

કોલોનીયા (I.S.S.O અમેરિકા)

અત્રે આપણા શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી અને મહંત સ્વામી દેવપ્રસાદ-દાસજીની પ્રેરણાથી જેઠસુદ-૧૫ના ઠાકોરજીને કેશર સ્નાન, મહાભિષેક વેદ વિધિસર સંપન્ન થયેલ. પ્રાસંગિક સભામાં દેવ સ્વામીએ પ્રેમાનંદ સ્વામીના કીર્તનો વિષે કથાવાર્તા કરીને સુંદર લાભ આપેલ. તેજ રીતે શા. સ્વામી ઈશ્વરચરણદાસે મૂર્તિ હૃદયમાં ઉતારવા માટે ધ્યાન અંગેનું સુંદર વિવેચન કર્યું હતું. હરિભક્તોએ મોટી સંખ્યામાં કેશર સ્નાન અને કથાવાર્તાનો લાભ લીધો હતો.

વિહોકન ન્યુજર્સી (I.S.S.O અમેરિકા)

અત્રે આપણા શ્રી સ્વામિનારાયણ મંદિરમાં આપણા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી ૧૯મો પાટોત્સવ ધામધુમથી ઉજવાયો હતો. આ પ્રસંગે મહંત શા.સ્વા. હરિપ્રકાશદાસજી (બોસ્ટન), સ.ગુ. મહંત સ્વામી દેવપ્રસાદદાસજી (કોલોનીયા) સ્વામી વિશ્વપ્રકાશદાસજી, શા. ઈશ્વરચરણદાસ અને અત્રેના મહંત સ્વામી માધવપ્રસાદદાસજીની ઉપસ્થિતિમાં હજારો હરિભક્તો દર્શન કરી ધન્ય બન્યા હતા. આ પ્રસંગે આપણી "સેવા" સંસ્થા દ્વારા ફ્રી મેડીકલ કેમ્પમાં અનેક લોકોએ વિવિધ રોગની સારવાર નામાંકિત ડોકટરો પાસે લીધી હતી. ખરેખર "સેવા" ની પ્રવૃતિ અદ્‌ભૂત અને પ્રશંસા પાત્ર છે. આ પ્રસંગે પ.પૂ.અ.સૌ. બિન્દુરાજા સૌને આશીર્વાદ આપવા પધાર્યા હતા. બહેનોએ તેમનું ફુલહારથી સ્વાગત કર્યું હતું. પ.ભ. પ્રહલાદભાઈ, પ.ભ. ભક્તિભાઈ પટેલ આદિ હરિભક્તો સેવામાં જોડાયા હતા.

(પ્રવિણભાઈ શાહ)

શ્રી સ્વામિનારાયણ માસિક ભેટ યોજના

૯૦૦-૦૦	પ.પૂ. લાલજી શ્રી ૧૦૮ શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના ૯માં પ્રાકટ્યોત્સવ પ્રસંગે સ.ગુ. મહંત સ્વામી હરિસેવાદાસજી ગુરુ સ.ગુ. સ્વામી જીષ્ણુચરણદાસજી (વડનગર મહંત - મૂળી વાળા)	
૧૧૧૧-૦૦	શ્રી જસુભાઈ વનમાળીદાસ સોની (સી.જી. જ્વેલર્સ વસ્ત્રાપુર અમદાવાદ) તેમના ચિ. સુપુત્ર શ્રી નિતીનભાઈને ત્યાં પુત્રના શુભ જન્મ પ્રસંગે	
૧૦૧-૦૦	શ્રી દયાળજીભાઈ રૂડજીભાઈ ગાંગાણી ચિ. મનીષાના લગ્ન પ્રસંગે	અમદાવાદ
૧૦૧-૦૦	શ્રી જીતેન્દ્રભાઈ ગોવિંદલાલ મોદી નવી ગાડી લાવ્યા તે નિમિત્તે	અમદાવાદ
૧૦૧-૦૦	શ્રી પલક ભાવિનભાઈ મહેતા પી.જી.માં પાસ થયા તે નિમિત્તે	અમદાવાદ
૧૦૧-૦૦	શ્રી રુદ્ર ગૌરાંગભાઈ ત્રિવેદી યજ્ઞોપવિત નિમિત્તે	અમદાવાદ
૧૦૧-૦૦	શ્રી અ.નિ. વિદુલાબેન જયંતીભાઈ પટેલના સ્મરણાર્થે	વહેલાલ
૧૦૧-૦૦	શ્રી નટવરલાલ મંગળદાસ પટેલ નવી ગાડી લાવ્યા તે નિમિત્તે	વહેલાલ
૧૦૧-૦૦	શ્રી કનૈયાલાલ દામોદરદાસ પટેલ શ્રીજી પ્રસન્નાર્થે	માલુસણા
૧૦૧-૦૦	શ્રી જેઠાભાઈ લાલદાસ પટેલ તેમનો પુત્ર પાસ થયો તે નિમિત્તે	ડાંગરવા
૧૦૧-૦૦	શ્રી દિલીપભાઈ કાછીયા ચિ. સચિનના જન્મ દિન નિમિત્તે	
૧૦૧-૦૦	મૈત્રીબેન પ્રવિણભાઈ પટેલ ધો-૩માં ૮૫% ગુણે પાસ થયા તે નિમિત્તે	વડાગામ
૧૦૧-૦૦	શ્રી ગ્રિષ્માબેન હરિશભાઈ પટેલ ધો-૧૨ સાયન્સમાં ૮૦%એ પાસ થયા તે નિમિત્તે	લસુન્દ્રા
૧૫૧-૦૦	શ્રી નટવરભાઈ મફતભાઈ પટેલ ચિ. કુશલને ૧૨ સાયન્સમાં ૮૩% આવ્યા તે નિમિત્તે	સાબરમતી
૫૦૦-૦૦	શ્રી વિષ્ણુભાઈ કાનાભાઈ ચૌધરી (બી.કે.) શ્રીહરિ અને ધર્મકુળ પ્રસન્નાર્થે	માણેકપુર (માણસા)
૧૦૧-૦૦	શ્રી ડાહ્યાભાઈ સોમાભાઈ પટેલ ચિ. મેહુલના લગ્ન પ્રસંગે	રનેલા
૧૦૧-૦૦	શ્રી કરમશીભાઈ રણછોડભાઈ વરૂ ચિ. પરેશભાઈના લગ્ન પ્રસંગે	અમદાવાદ
૧૦૧-૦૦	શ્રી રમણલાલ હરગોવિંદદાસ ભાવસાર નવી દુકાન લીધી તે નિમિત્તે	અમદાવાદ
૧૦૧-૦૦	શ્રી શાંતિલાલભાઈ અમરશીભાઈ વરુ ઓલપાડમાં પ.પૂ. મોટા મહારાજશ્રીની પધરામણી પ્રસંગે	જીરાગઢવાળા
૧૦૧-૦૦	શ્રી વિવેકકુમાર શાંતિલાલભાઈ વરૂ નવું બાઈક છોડાવ્યું તે નિમિત્તે	ઓલપાડ
૧૦૧-૦૦	શ્રી પ્રવિણચંદ્ર અંબાલાલ સોની નવી ગાડી લીધી તે નિમિત્તે	સાણંદ
૧૦૧-૦૦	શ્રી અ.નિ. મેનાબેન સોમાભાઈ ચૌધરી પુણ્યતિથિ નિમિત્તે	બાલવા
૧૦૧-૦૦	શ્રી નાનુભાઈ નથુભાઈ જાદવ નવું મકાન લીધું તે નિમિત્તે	સુરેન્દ્રનગર
૨૫૧-૦૦	શ્રી પ્રેમજીભાઈ કાનજીભાઈ જાકાસણીયા શ્રીજી પ્રસન્નાર્થે	જેતપર
૧૦૧-૦૦	શ્રી શાંતિલાલ નરસીભાઈ ચૌહાણ ચિ. પ્રફુલાગૌરીના શુભ લગ્ન પ્રસંગે	જામસર
૧૦૧-૦૦	શ્રી રવજીભાઈ વિરજીભાઈ રાઠોડના ચિ. પરેશના શુભ લગ્ન પ્રસંગે	ધૂળકોટ
૧૦૧-૦૦	શ્રી ચંદ્રિકાબેન ગોકળભાઈ પટેલ ચિ. પરાગને અમેરિકાના વિઝા મળ્યા તે નિમિત્તે	અમદાવાદ
૧૦૧-૦૦	શ્રી ગોકુળભાઈ સવજીભાઈ પટેલ ચિ. ભાવિક T.Y.B.Com. માં પાસ થયા તે નિમિત્તે	બાપુનગર
૧૦૧-૦૦	શ્રી નાનુભાઈ ઠાકરશીભાઈ ખેર ચિ. તૃપ્તિબેનના શુભ લગ્ન પ્રસંગે	(બળોલવાળા) સાયલા
૧૦૧-૦૦	શ્રી કીર્તન મુકેશભાઈ પરમાર જન્મદિન નિમિત્તે	નવાવાડજ
૧૦૦-૦૦	શ્રી રાકેશ પ્રવિણભાઈ વાઘેલા F.Y. B.Com.માં ૭૩ ટકા આવ્યા તે નિમિત્તે	ગોધાવી
૧૦૧-૦૦	શ્રી મુકેશભાઈ બકુભાઈ પરમાર અમરનાથ કો.ઓ.બેંકમાં મેનેજર તરીકે નિમાયા તે નિમિત્તે	અમદાવાદ
૧૦૦-૦૦	શ્રી જૈમિન ભૂપેન્દ્રભાઈ પટેલ ધો.-૧૨માં ૮૮% આવ્યા તે નિમિત્તે	ડાંગરવા
૨૦૧-૦૦	શ્રી સુહાગકુમાર વિનુભાઈ પટેલ ધો.-૧૨ (કોમર્સ)માં પાસ થયા તે નિમિત્તે	ગવાડા
૧૦૧-૦૦	શ્રી હેમંતકુમાર મંગળભાઈ ચિ. લવને અને ચિ. પલકને સ્કુલમાં એડમીશન મળવા નિમિત્તે	સોજાવાળા
૧૧૧-૦૦	શ્રી માવારામ નરસીરામ ચૌધરી શુભ લગ્ન પ્રસંગે	જોધાવાસ (રાજ.)
૧૦૧-૦૦	શ્રી મુકેશભાઈ ડાહ્યાભાઈ પટેલ ચિ. કૌશલ ૧૨ સાયન્સમાં ફર્સ્ટ ક્લાસ પાસ થયા તે નિમિત્તે	સોજા
૧૦૧-૦૦	શ્રી અ.નિ. મહેન્દ્રભાઈ મંગળદાસ ચિ. હિનાના શુભ લગ્ન પ્રસંગે	સોજા
૧૦૧-૦૦	શ્રી જસીબેન અરવિંદલાલ પટેલ શ્રીજી પ્રસન્નાર્થે	વડુ
૧૦૧-૦૦	શ્રી ઋષિકા જ્યોતિન્દ્રકુમાર સ્વામિનારાયણ ધો-૧૨માં ફર્સ્ટક્લાસ પાસ થયા તે નિમિત્તે	અમદાવાદ
૧૦૧-૦૦	શ્રી પ્રવિણભાઈ ટી. પટેલ શ્રીજી પ્રસન્નાર્થે	અમદાવાદ

૧૦૫-૦૦	શ્રી ઈશ્વરભાઈ મોહનભાઈ પટેલ ચિ. જનકને ધો-૧૦માં ૭૭%એ પાસ થયા તે નિમિત્તે	સાપાવાડા
૧૦૧-૦૦	શ્રી નારાયણભાઈ મોહનભાઈ પટેલ ચિ. વાસુદેવ ધો-૧૦માં ૬૮%એ પાસ થયા તે નિમિત્તે	સાપાવાડા
૫૦૧-૦૦	શ્રી અમૃતલાલ હીરાભાઈ પટેલ શ્રીજી મહારાજની કૃપાથી ખેડબ્રહ્મામાં નોકરીની બદલી થયેલ જગ્યાએ હાજર થયા તે નિમિત્તે	લાલોડા
૧૦૧-૦૦	શ્રી ડૉ. અંબાલાલભાઈ એ. પટેલ ચિ. નિકસનને લંડનના વિઝા મળ્યા તે નિમિત્તે	માણસા
૧૦૧-૦૦	શ્રી જયંતીભાઈ શંકરભાઈ ચિ. રીના અને વિધિના શુભ લગ્ન પ્રસંગે	કડી
૧૦૧-૦૦	શ્રી મહેશકુમાર ગાંડાભાઈ પટેલ નવું મકાન લીધું તે નિમિત્તે	શ્રીજીનગર
૧૫૧-૦૦	શ્રી બેલાબેન કરશનભાઈ પટેલ ચિ. નિકુલ અને મિતલના શુભ લગ્ન.પ્રસંગે	દેઉસણા
૧૦૧-૦૦	શ્રી શાંતિલાલ મોહનલાલ ટાંક ચિ. જયેશના શુભ લગ્ન પ્રસંગે	જીરાગઢ
૧૦૧-૦૦	શ્રી ધર્મેશભાઈ ઘનશ્યામભાઈ પટેલ નોકરીમાં પ્રમોશન મળવા નિમિત્તે	શિકાગો
૧૦૧-૦૦	ઘનશ્યામ હાર્ડવેર સ્ટોર નવું સ્કુટર લાવ્યા તે નિમિત્તે	રામનગર
૧૦૧-૦૦	શ્રી ભૂપેન્દ્ર દામોદરદાસ પોતદાર ચિ. જયેશ તથા મીનાની વાર્ષિક પુણ્યતિથિ નિમિત્તે	અમદાવાદ
૧૦૧-૦૦	શ્રી મગનલાલ પ્રેમજી પોરીયા શ્રીજી પ્રસન્નાર્થે	જામસર
૧૦૧-૦૦	શ્રી નિર્મળાબેન ગોવિંદભાઈ કાથરાણી ચિ. પૌત્ર અંકિતને યજ્ઞો પવિત નિમિત્તે	મોરબી
૧૦૧-૦૦	શ્રી રવિ સુખાભાઈ મોરી ધો.-૭માં પાસ થયા તે નિમિત્તે	કાલીયાણા
૧૦૧-૦૦	શ્રી શંભુભાઈ નભુભાઈ અમીન શ્રીજી પ્રસન્નાર્થે	અસલાલી
૧૦૧-૦૦	સોની દિપકકુમાર મણીલાલ નવો મોબાઈલ અને નવો ધંધો શરૂ કર્યો તે નિમિત્તે	અમદાવાદ
૧૦૧-૦૦	પ્રાંતીજ શ્રી ઘનશ્યામ મહારાજના શતાબ્દી પાટોત્સવ નિમિત્તે (ઘનશ્યામ એજન્સી)	પ્રાંતીજ
૧૦૧-૦૦	શ્રી રોહિતકુમાર દશરથલાલ મોદી ૩૮મી વર્ષ ગાંઠ નિમિત્તે	દહેગામ
૧૦૧-૦૦	ચિ. ધવલ રોહિતભાઈ મોદીને જવાહર નવોદય વિ.માં ધો-૬માં એડમીશન નિમિત્તે	દહેગામ
૧૦૧-૦૦	શ્રી ધ્રુમિલ રોહિતભાઈ મોદી તા. ૪-૬-૦૬ બીજી વર્ષગાઠ નિમિત્તે	દહેગામ
૧૦૧-૦૦	શ્રી બિપીનભાઈ મનસુખભાઈ ટાંક ચિ. અંકિત પાસ થયો તે નિમિત્તે	રોહીશાળા
૧૦૧-૦૦	શ્રી બિપીનભાઈ મનસુખભાઈ ટાંક ચિ. નિમેષને બાલ મંદિરમાં દાખલ કર્યો તે નિમિત્તે	રોહીશાળા
૧૦૧-૦૦	શ્રી કિન્નરીબેન બી. પુરોહિત M.Com. પાર્ટ-૧માં પાસ થયા તે નિમિત્તે	અમદાવાદ
૧૦૧-૦૦	શ્રી હરજીભાઈ નાનજી હાલાઈ તેમના ધર્મપત્નિ ગીતાબેન અને ચિ. રાજેશ લંડન પ્રવાસે ગયા તે નિમિત્તે	કચ્છ
૧૦૧-૦૦	શ્રી રાજુભાઈ શાંતિલાલ કાછીયા ચિ. પલક ધો.-૧૨ અને સિધ્ધાર્થ ધો-૮માં ફર્સ્ટ ક્લાસ પાસ થયા તે નિમિત્તે	
૧૦૧-૦૦	શ્રી પાર્થ રાજેશકુમાર સોની ધો-૧૦માં ૮૭% એ પાસ થયા તે નિમિત્તે	ઘોડાસર
૧૦૧-૦૦	શ્રી સતીષભાઈ પુરૂષોત્તમભાઈ ચિ. વિકાશ ધો-૧૦માં ૬૧%એ ઉતિર્ણ થયા તે નિમિત્તે	ઘોડાસર
૧૦૧-૦૦	શ્રી ઘનશ્યામસિંહ લક્ષ્મણસિંહ ભાણેજ ચિ. જિગ્નેશસિંહ તથા ચિ. સોનલકુંવરબાના લગ્ન પ્રસંગે	ડાંગરવા
૨૦૧-૦૦	શ્રી જીલ મીસ્ત્રી ધો-૧૦માં પાસ થયા તે નિમિત્તે	અમદાવાદ
૨૫૧-૦૦	શ્રી મુકેશભાઈ ભાઈલાલભાઈ પટેલ ચિ. ધ્વનિને ધો-૧૦માં ૯૩% આવ્યા તે નિમિત્તે	અમદાવાદ
૧૦૧-૦૦	શ્રી પંકજભાઈ આર. ભાવસાર ચિ. ચિંતનને ધો-૧૦માં ૯૩% આવ્યા તે નિમિત્તે	નવાવાડજ
૧૦૦-૦૦	શ્રી મોસમ નવનીતભાઈ મોદી ધો-૧૦માં ૭૦% એ પાસ થયા તે નિમિત્તે	રાણીપ
૫૦૧-૦૦	શ્રી ચિંતન ડાહ્યાભાઈ પટેલ બેંગ્લોરમાં જોબ મળી તે નિમિત્તે	મણીયોર (ઈડર)
૧૦૦-૦૦	શ્રી મધુસુદન પ્રહલાદભાઈ પટેલ ચિ. હેતલને ધો-૧૦માં ૮૮% આવ્યા તે નિમિત્તે	મોટેરા
૧૦૦-૦૦	શ્રી રક્ષાબેન ગીરીશભાઈ પટેલ ધો-૧૨માં ૮૨% આવ્યા તે નિમિત્તે	કનીપુર
૧૦૧-૦૦	શ્રી બીનાબેન અને મિતેશકુમાર ચિમનભાઈ પટેલ લગ્ન પ્રસંગે	સાપાવાડા
૧૧૧-૦૦	શ્રી અ.નિ. જસુમતીબેન રમેશચંદ્ર ભાવસારના સ્મરણાર્થે	મેઉ
૧૦૧-૦૦	શ્રી ધર્મેન્દ્રકુમાર ગંગદાસભાઈ રાઠોડ મારૂતિકાર લીધી તે નિમિત્તે	અમદાવાદ
૧૦૧-૦૦	શ્રી મિનલબેન લક્ષ્મણભાઈ ચાવડા પૂજ્ય શ્રીરાજાના જન્મોત્સવ પ્રસંગે	શ્રી સ્વામિનારાયણ બાગ
૧૦૧-૦૦	શ્રી હરદાસભાઈ સવજીભાઈ પટેલ ચિ. કામીનીબેનની સગાઈ નિમિત્તે	અમદાવાદ
૧૦૧-૦૦	શ્રી મનસુખભાઈ ઉકાભાઈ પટેલ તેમના પૌત્ર સચિનકુમારને અમદાવાદ ભણવા મૂક્યા તે નિમિત્તે	રતનપુર
૨૦૦-૦૦	શ્રી વિનોદભાઈ માણેકલાલ પટેલ ચિ. જયને ધો-૧૦માં ૬૮% આવ્યા તે નિમિત્તે	કલોલ
૧૦૧-૦૦	શ્રી રમણભાઈ સેંધાભાઈ ચૌધરી ચિ. દેવના જન્મ પ્રસંગે	માણેકપુર
૧૦૧-૦૦	શ્રી મોન્ટુ મુકેશભાઈ નારણદાસ પટેલ ધો-૧૨માં ૭૪% આવ્યા તે નિમિત્તે	દેઉસણા
૧૦૧-૦૦	શ્રી નિલમ મુકેશભાઈ નારણદાસ પટેલ ધો-૧૦માં ૬૫%એ પાસ થયા તે નિમિત્તે	દેઉસણા
૧૦૧-૦૦	શ્રી નવદિપ કૌશિકભાઈ ભવાનભાઈ ચાવડા ધો.-૧૦માં ૭૯%એ પાસ થયા તે નિમિત્તે	બળોલવાળા

૧૦૧-૦૦	શ્રી ભગવાનભાઈ ત્રિકમભાઈ પરમાર ચિ. જયશ્રીબેનના લગ્ન પ્રસંગે	બળોલવાળા
૧૦૧-૦૦	શ્રી ઘનશ્યામભાઈ પ્રહલાદભાઈ પટેલ શુભ લગ્ન પ્રસંગે	રાણીપ
૨૦૨-૦૦	શ્રી કંચનબેન દેવજીભાઈ વરૂ ચિ. રીનાબેન તથા ભાવેશના લગ્ન પ્રસંગે	અંબાળા-સુરત
૧૦૧-૦૦	શ્રી નર્મદાબેન નાથાલાલ વરૂ ચિ. દિપુ તથા ધર્મેન્દ્રના લગ્ન પ્રસંગે	જીરાગઢ-સુરત
૧૦૧-૦૦	શ્રી અનસુયાબેન વિનોદભાઈ વાઘેલા ચિ. મહેન્દ્રના લગ્ન પ્રસંગે	જામસર-સુરત
૧૦૧-૦૦	શ્રી મનસુખભાઈ રાઘવજીભાઈ સાપરીયા નવા મકાનમાં રહેવા ગયા તે નિમિત્તે	ઘૂળકોટ-સુરત
૧૦૧-૦૦	શ્રી વિજયકુમાર બાબુલાલ રાઠોડ નવું હોન્ડા લીધું તે નિમિત્તે	જીરાગઢ-સુરત
૧૦૧-૦૦	શ્રી જીજ્ઞેશકુમાર પરસોત્તમભાઈ ગોહિલ ચિ. ધ્યેયના જન્મદિન પ્રસંગે	મોરબી-સુરત
૧૦૧-૦૦	શ્રી ચિંતક ચંદુભાઈ પટેલ સ્કુટર લીધું તે નિમિત્તે	નવાગામ
૨૨૨-૦૦	શ્રી જનક મનહરભાઈ પટેલ શ્રીજી પ્રસન્નાર્થે	અમદાવાદ
૨૦૧-૦૦	શ્રી મીનાબેન એમ. પટેલ જન્મદિન નિમિત્તે	અમદાવાદ
૧૦૧-૦૦	શ્રી જૈમીનીબેન દિનેશભાઈ પટેલ ધો-૧૦માં ૭૬%એ પાસ થયા તે નિમિત્તે	કણભા
૧૦૧-૦૦	શ્રી કેતન જીતેન્દ્રભાઈ વડોદરીયા નવો મોબાઈલ લીધો તે નિમિત્તે	અમદાવાદ
૧૦૧-૦૦	શ્રી કિરીટકુમાર કેશવલાલ પટેલ પુત્ર જન્મ પ્રસંગે	પોર
૧૦૧-૦૦	શ્રી સોની રૂસ્વાબેન કૌશિકકુમાર કાંતિલાલ ધો-૧૦માં પ્રથમ નંબરે પાસ થયા તે નિમિત્તે	લાંઘણજ
૧૦૧-૦૦	શ્રી દિપ્તીબેન શામળભાઈ પટેલ ધો-૧૦માં ૫૮% આવ્યા તે નિમિત્તે	મોટેરા
૧૦૧-૦૦	શ્રી પ્રિતીબેન પ્રવિણભાઈ પંચાલ એમ.બી.બી.એસ.ના બીજા વર્ષમાં સેકન્ડ ક્લાસ આવ્યો તે નિમિત્તે	અમદાવાદ
૧૦૧-૦૦	શ્રી બળવંતભાઈ એમ. મીરાણી નવા બંગલામાં રહેવા ગયા તે નિમિત્તે	અમદાવાદ
૧૦૦-૦૦	શ્રી મયંકકુમાર મનુભાઈ પટેલ નવી દુકાન કરી તે નિમિત્તે	આકરુંદ
૧૦૧-૦૦	શ્રી ધવલ મધુસુદન ભાવસાર નવું ફ્રીજ લાવ્યા તે નિમિત્તે	પેથાપુર
૧૦૧-૦૦	શ્રી ગીરીશભાઈ જેઠાભાઈ પટેલ ચિ. ધ્રુપલને ૧૨ સાયન્સમાં ૯૧% આવ્યા તે નિમિત્તે	કનીપુર
૧૦૧-૦૦	શ્રી ગીરીશભાઈ પૂંજાભાઈ પટેલ ચિ. રક્ષા ધો-૧૦માં કોમ.માં ૮૨%એ પાસ થયા તે નિમિત્તે	કનીપુર
૧૫૧-૦૦	હિંમતનગર બાલ સ્વરૂપ ઘનશ્યામ મહારાજના ચરણકમળ સમીપથી એક હરિભક્ત	
૧૦૧-૦૦	શ્રી દશરથભાઈ મણીલાલ પટેલ કાશીબાની પુણ્યતિથિ નિમિત્તે	ન્યુ રાણીપ
૧૦૧-૦૦	શ્રી પ્રજ્ઞેશકુમાર વિપુલભાઈ બાબુભાઈ પટેલ શ્રી નરનારાયણદેવ સમક્ષ સાકરતુલા નિમિત્તે	નિકોલ
૨૫૧-૦૦	શ્રી કેશુભાઈ કાનાભાઈ સિંધવ ચિ. ચિરાગ અને દિપકના શુભ લગ્ન પ્રસંગે	હાંસોલ (બળોલવાળા)
૫૦૧-૦૦	શ્રી દિપક કેશુભાઈ સિંધવ વેલસ્પન ઈન્ડિયા લી કું.માં આસિ. મેનેજર તરીકે પ્રમોશન મળ્યું તે નિમિત્તે શ્રીજી પ્રસન્નાર્થે	હાંસોલ (બળોલ-ભાલ)
૧૦૧-૦૦	શ્રી હેમંતભાઈ ઘનશ્યામભાઈ પટેલ ચિ. અર્થના જન્મદિન પ્રસંગે	અમદાવાદ
૧૦૧-૦૦	શ્રી હિમાંશુ શાંતિભાઈ પટેલ S.S.C.E. માં ૮૬% આવ્યા તે નિમિત્તે	કટોસણ
૧૦૧-૦૦	શ્રી ગંભુભાઈ હરભમભાઈ ખેર ચિ. જયરાજસિંહના જન્મ પ્રસંગે (૧૮/૫)	બળોલ-ભાલ
૨૫૧-૦૦	શ્રી દયાળજીભાઈ જીવણભાઈ ચોટલીયા નવું મકાન ખરીદ્યું તે નિમિત્તે	ધૂળકોટ-નવસારી
૧૦૧-૦૦	શ્રી ડાહ્યાભાઈ ધર્માજી ચૌધરી પૌત્ર મિતના ૪થા વર્ષમાં પ્રવેશ નિમિત્તે	માણેકપુર
૨૫૧-૦૦	શ્રી લાભુભાઈ વી. પરમાર જેલર ગૃપ-૨ માં ૨ વર્ષ શ્રીહરિની કૃપાથી સફળ રીતે પૂર્ણ થયા તે નિમિત્તે	(બળોલવાળા મોરબી જેલ)
૧૦૧-૦૦	શ્રી કાંતિભાઈ રણછોડભાઈ પરમાર ચિ. રેખાબેનના શુભ લગ્ન પ્રસંગે	બોડકા (સુરત)
૧૦૧-૦૦	શ્રી વિનોદભાઈ બાબુલાલ પટેલ ચિ. શ્રીયાના જન્મ પ્રસંગે	જનીનર આફ્રિકા
૧૦૧-૦૦	શ્રી હર્ષિલ નરેન્દ્રભાઈ પટેલ K.G.I. માં એડમીશન લીધું તે નિમિત્તે	આનંદપુરા
૧૫૧-૦૦	શ્રી ઘનશ્યામભાઈ મંગળદાસ પટેલ ચિ. પુષ્પાબેન તથા નર્મદાબેનના લગ્ન પર્સંગે	વડુ
૧૦૧-૦૦	શ્રી વાડીભાઈ તળસીભાઈ પટેલ નવું એકટીવા લીધું તે નિમિત્તે	ધનસુરા
૧૦૦-૦૦	અ.નિ. શ્રી સતીષચંદ્ર રમણલાલ પટેલ પુણ્ય તિથિ નિમિત્તે	હાંસોલ
૧૦૧-૦૦	શ્રી જેઠાભાઈ વાલજીભાઈ સાપરીયા નવું સ્પેલન્ડર લીધું તે નિમિત્તે	ધૂળકોટ-રાજકોટ
૧૦૧-૦૦	શ્રી ગાયત્રીબેન પ્રભુભાઈ સિંધવ લગ્ન પ્રસંગે	બુબાણા
૧૦૧-૦૦	શ્રી રૂપાભાઈ ગણેશભાઈ મોરી ત્રીજી પુણ્યતિથિ નિમિત્તે (હા. કમાભાઈ)	ડેડીયાસણ
૧૦૧-૦૦	શ્રી અનીલકુમાર જયંતીલાલ પટેલ M.A. પાર્ટ-૧માં પાસ થયા તે નિમિત્તે	અજરાપુરા
૧૦૧-૦૦	શ્રી નીરૂબેન એન. સોની ચિ. વિપુલના લગ્ન પ્રસંગે	કપડવંજ
૧૦૧-૦૦	શ્રી પ્રેમ સુરેશકુમાર જન્મદિન પ્રસંગે	વાવોલ

૧૦૧-૦૦	શ્રી પ્રવિણભાઈ કાંતિભાઈ રામાભાઈ ચિ. હરિના જન્મ પ્રસંગે	સોનાસણ
૧૦૧-૦૦	શ્રી એક હરિભક્ત સ્ટુડન્ટ વિઝા મળ્યા તે નિમિત્તે	
૧૦૧-૦૦	શ્રી ખોડાભાઈ કોહ્યાભાઈ ચિ. હિતેષના લગ્ન પ્રસંગે અને રેશમાને A.T.D.માં ૮૫% આવ્યા તે નિમિત્તે	માધવગઢ
૧૦૧-૦૦	શ્રી પ્રજ્ઞેશ બી. દરજી ચિ. ઉજવલની બાબરી નિમિત્તે	દહેગામ
૧૦૧-૦૦	શ્રી નટવરલાલ રમણલાલ કા.પ. તા. ૧-૬-૦૪ જન્મદિન નિમિત્તે	કપડવંજ
૧૦૧-૦૦	શ્રી કંચનબેન શાંતિલાલ ચૌહાણ ચિ. પ્રફુલા તથા અશ્વિનના લગ્ન પર્સંગે	જામસર-રાજકોટ
૧૦૧-૦૦	શ્રી તારાબેન ધનજીભાઈ ટાંક ચિ. અશ્વિન તથા અંજનના લગ્ન પ્રસંગે	(મેઘપર) રાજકોટ
૧૦૧-૦૦	શ્રી દેવશીભાઈ વેલજીભાઈ વરૂ નવા મકાનમાં રહેવા ગયા તે નિમિત્તે	જીરાગઢ-સુરત
૫૦૧-૦૦	શ્રી ડૉ. અરૂણાબેન મનીષભાઈ દુબે શ્રીજી પ્રસન્નાર્થે	
૧૦૧-૦૦	શ્રી સુધાબેન સુરેશભાઈ પટેલ કૃષ્ણનગર ADC બેન્કમાં એકાઉન્ટન્ટ તરીકે પ્રમોશન મળ્યું તે નિમિત્તે	દહેગામ
૧૦૧-૦૦	શ્રી હાર્દિકકુમાર જયંતીલાલ ઠક્કર બી.એસ.સી.માં ફર્સ્ટ ક્લાસ આવ્યા તે નિમિત્તે	કલોલી
૧૦૧-૦૦	શ્રી રક્ષા ભરતભાઈ પટેલ એસ.એસ.સી.માં ૯૦% આવ્યા તે નિમિત્તે	મારૂસણા
૧૦૧-૦૦	શ્રી ચિમનલાલ મણીલાલ કાછીયા શ્રીજી પ્રસન્નાર્થે	મલાડ-મુંબઈ

અમદાવાદ મંદિરમાં શ્રી ઠાકોરજીને થાળ તથા સંત-વર્ણી પાર્ષદોને રસોઇ આપનારની યાદી

વૈશાખ સુદી-૩ પ.ભ. સવિતાબેન રામભાઈ પટેલ. **વૈશાખ સુદી-૪** પ.ભ. રાઘવજીભાઈ લાલજીભાઈ પટેલ. **વૈશાખ સુદી-૬** પ.ભ. બળદેવભાઈ જેશીંગભાઈ ચૌધરી (અમૃતલાલ ચૌધરી), બાલવા. **વૈશાખ સુદી-૧૦** પ.ભ. મેરારામ વરજાંગાજી, મુંબઈ (વાલી). પ.ભ. કરશનભાઈ વેલજીભાઈ, સુખપર (કચ્છ). **વૈશાખ સુદી-૧૧** એક હરિભક્ત (ફરાળ). **વૈશાખ સુદી-૧૨** અ.નિ. પ.ભ. મૂળચંદભાઈ કેશવલાલ. **વૈશાખ સુદી-૧૪** પ.ભ. નારણભાઈ વાલજીભાઈ જેસાણી, બળદીયા (કચ્છ). પ.ભ. પ્રેમજી હરજી હિરાણી **વૈશાખ સુદી-૧૫** પ.ભ. રૂક્ષ્મણીબેન ગિરધરલાલ ગજ્જર હ.પ.ભ. વાસુદેવભાઈ ગજ્જર, અમદાવાદ.

વૈશાખ વદી-૧ પ.ભ. પ્રવિણભાઈ આર. પટેલ. પ.ભ. ચંદ્રિકાબેન વસંતલાલ મીસ્ત્રી. પ.ભ. નાથાલાલ સોમદાસ, કરજીસણ. **વૈશાખ વદી-૨** પ.ભ. ઉષાબેન સંજયકુમાર પટેલ, કેનેડા. **વૈશાખ વદી-૪** પ.ભ. કાંતિભાઈ નારાયણભાઈ પટેલ, ન્યુઝીલેન્ડ. **વૈશાખ વદી-૫** પ.ભ. કરશનભાઈ, ભુજ-કચ્છ. પ.ભ. હાલુભા અચુભા વાઘેલા, ખોડા. પ.ભ. કરશનભાઈ કાળાભાઈ, બાપુનગર. **વૈશાખ વદી-૮** અ.નિ. પુરાણી સ્વામી જગતપ્રકાશદાસજી, ડભાણ. **વૈશાખ વદી-૯** પ.ભ. પ્રવિણભાઈ આર. પટેલ. **વૈશાખ વદી-૧૩** અ.નિ. પ.ભ. સોની મનસુખલાલ મોહનલાલ.

જેઠ સુદી-૧ અ.નિ. પુરાણી સ્વામી ઘનશ્યામચરણદાસજી. **જેઠ સુદી-૨** પ.ભ. પટેલ નારણભાઈ પુંજીરામ ઈટાદરા. **જેઠ સુદી-૪** પ.ભ. દિવાબેન ધનજીભાઈ પટેલ. **જેઠ સુદી-૮** પ.ભ. કનુભાઈ હરિભાઈ પટેલ, અમેરિકા. **જેઠ સુદી-૧૦** અ.નિ. પ્રભુદાસ નાગરદાસ પટેલ. પ.ભ. વાલબાઈ સવજી. **જેઠ સુદી-૧૨** અં.નિ. પ.ભ. મુળચંદભાઈ કેશવલાલ. સાંખ્યયોગી રઈબા, ઉનાવા. પ.ભ. પ્રમોદાબેન ચેતનભાઈ પરીખ, પ્રાંતીજ. **જેઠ સુદી-૧૩** પ.ભ. શંકરભાઈ આદરભાઈ પટેલ, ઉનાવા. **જેઠ સુદી-૧૫** પ.ભ. રૂક્ષ્મણીબેન ગિરધરલાલ ગજ્જર હ.પ.ભ. વાસુદેવભાઈ ગજ્જર, અમદાવાદ. મહિલા સત્સંગ મંડળ, ઉના.


જેઠ વદી-૨ પ.ભ. મનસુખભાઈ ખોડાભાઈ ડાભી. **જેઠ વદી-૭** અ.નિ. પ.ભ. પટેલ ઈશ્વરભાઈ નારણદાસ, માણેકપુર. **જેઠ વદી-૧૨** પ.ભ. પ્રહલાદભાઈ બેચરભાઈ પટેલ, ડાંગરવા. **જેઠ વદી-૩૦** પ.ભ. સરોજબેન કલ્પેશકુમાર. અ.નિ. પ.ભ. જશુબા, જયદેવભાઈ બ્રહ્મભટ્ટ.

અક્ષરનિવાસી હરિભક્તોને ભાવભીની શ્રદ્ધાજંલિ

ચિતરવાડા (તા. તારાપુર) : શ્રી શૈલેષકુમાર દિલીપભાઈ પટેલ (ઉ. વર્ષ ૧૮)
વારણા (તા. ધોળકા) : શ્રી જયેન્દ્રસિંહ બહાદુરસિંહ ગોહેલ (ઉ. ૧૮ વર્ષ)
ઉપરોક્ત બંને વિદ્યાર્થી જેતલપુર શ્રી સ્વામિનારાયણ મંદિરમાં અભ્યાસ કરતા હતા. તા. ૯-૬-૨૦૦૬ના રોજ બન્ને યુવા વિદ્યાર્થી અકસ્માતમાં અક્ષરનિવાસી થયા છે. શ્રીહરિ નિજ આત્માને શાંતિ આપે તેવી પ્રાર્થના.
રાજકોટ : (મૂળ ધરમપુર ખાખરીયાના) પ.ભ. જયંતીલાલ મોહનલાલ સોની તા. ૧૮-૫-૨૦૦૬ના રોજ શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.
અમદાવાદ : પ.ભ. રમેશભાઈ (દોરડાવાળા)ના પિતાશ્રી પ.ભ. શાંતિલાલ દામોદરદાસ ઠક્કર ૧૦૨ વર્ષને ઉંમરે શ્રીજી મહારાજનું અખંડ સ્મરણ કરતા તા. ૨-૬-૨૦૦૬ના રોજ સવારે ૩-૦૦ કલાકે અક્ષરનિવાસી થયા છે. જેઓ શ્રી નરનારાયણદેવ અને ધર્મવંશી આચાર્ય મહારાજશ્રી પરત્વે અનન્ય નિષ્ઠા વાળા હતા. તેમના અક્ષરવાસથી સત્સંગમાં પીઢ સત્સંગીની મોટી ખોટ પડી છે.
મેઘાણીનગર : પ.ભ. નાગજીભાઈ જીણાભાઈ પટેલ તા. ૨૩-૬-૨૦૦૬ના રોજ શ્રીહરિનું સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.
અંકેવાળીયા (ધ્રાંગધ્રા) : પ.ભ. પારેજીયા રેવાભાઈ સેંધાભાઈ (ઉ. ૯૦ વર્ષ) શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા તા. ૧૪-૬-૨૦૦૬ના રોજ અક્ષરનિવાસી થયા છે.
મોખાસણ : પ.ભ. હીરાભાઈ જોઈતારામ પટેલ તા. ૨૮-૬-૦૬ અષાઢ સુદ-૩ના રોજ શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.



છપૈયાધિશ બાલ સ્વરૂપ ઘનશ્યામ મહારાજના પાટોત્સવ
પ્રસંગે અન્નકૂટ દર્શન.




સર્વોપરિ છપૈયા ધામમાં 'જન્મસ્થાન' મંદિરની શિલારોપણ
વિધિ પ.પૂ.મહારાજશ્રી અને પ.પૂ.લાલજી મહારાજશ્રીના
વરદ્ હસ્તે સંપન્ન થઈ.



લંડન વિલ્સડનલેન આપણા મંદિરમાં શ્રી ઘનશ્યામ મહારાજની
આરતી ઉતારતા પ.પૂ.ધ.ધુ.આચાર્ય મહારાજશ્રી



લંડન વિલ્સડનલેન આપણા મંદિરમાં સુખપર (કચ્છ)ના હરિભક્તો
દ્વારા આયોજીત પારાયણ પ્રસંગે સભામાં પ.પૂ.આચાર્ય મહારાજશ્રીના
શિસ્તબધ્ધ રીતે દર્શન કરતા હરિભક્તો



લંડન વિલ્સડનલેન મંદિર પારાયણ પ્રસંગે આયોજીત ભવ્ય
શોભાયાત્રામાં દર્શન આપતા પ.પૂ.ધ.ધુ.આચાર્ય મહારાજશ્રી

SHREE SWAMINARAYAN
REG. NO. G.A.M.C. 003 Valid up to December 2008
permitted to Post AHME.P.S.O. On 11th of Every Month



જેઠ સુદ - ૧૫ ના સર્વોપરિ શ્રી નરનારાયણદેવને કેશર સ્નાન બાદ શ્રી હરિના અપર સ્વરૂપ પ.પૂ.મોટા આચાર્ય મહારાજશ્રી અને
પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી કેવા અલૌકિક દિવ્ય ભાવથી દર્શન કરી રહ્યા છે.
ધર્મવંશી આચાર્યશ્રીની દર્શન કરવાની આ મહાન અદ્‌ભૂત પરંપરાની રીત જગતમાં બીજે ક્યાંય જોવા નહીં મળે !



ઈડર મંદિરમાં શ્રી ગોપીનાથજી હરિકૃષ્ણમહારાજનો પાટોત્સવ
અભિષેક કરતા પ.પૂ. આચાર્ય મહારાજશ્રી



ઈડર મંદિર સભામાં આશીર્વાદ આપતા
પ.પૂ.ધ.ધુ.આચાર્ય મહારાજશ્રી

Praful Kharsani